
કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ઘરોનું માસિક


૨૨૭

તંત્રી · રવિશંકર રાવળ · · સંપાદક · બચુભાઈ રાવત · · નવેમ્બર ૧૯૪૨



(ફુલછાબના સૌજન્યથી)





અકબર

બે પ્રાચીન ચિત્રો

બે સમયે કલાકારોએ આલેખેલાં અકબરનાં બે ચિત્રો (૧) ઉપરઃ લંડનની ઇન્ડિયા ઑફિસમાંના જૉન્સન કલેક્શનમાં સંઘરેલા અકબરના પ્રૌઢ વયના એક સ્કેચ પરથી અનુકૃતિ; (૨) ડાબી બાજુઃ તરુણ વયના અકબરનું મુઘલ કલમે આલેખાએલું ચિત્ર.



'ઓળીઝોળી પીપળપાન'

ચિત્રલેખા · શ્રી પેરીનબેન

કુમાર

વર્ષ ૧૯મું · અંક ૧૧મો
નવેમ્બર · ૧૯૪૨

ફુલઝર

· મિશ્ર ·

દીપાવલીની ઉજમાળી રાતે
કિલ્લોલતાં બાળક, ભવ્યદર્શી
પ્રાસાદ-સંગેમરમર્ તણાં કે
સોપાનને બે કુદકે વટાવી
આવી પહોંચ્યાં સૌ આંગણામાં.

લીલા અને લાલ ફુટે ફટાકા
બપોરિયા રંગીન રોશની કરે,
હવાઇ કેરા સુસવાટ થાતા.
કૂદે રમે અર્ભક આંગણામાં
દોડે ધરે દીપકની શિખામાં
ફટાકડા-વાટ, ઉલાળીને હસે
આનંદતાં સૌ શિશુ મત્તચેષ્ટ.

નિશ્ચેષ્ટ શું શાંત ઉભું હતું ત્યાં
રસ્તા પરે બાલક એક નાનું
નિહાળતું આતશ-ધૂમ્ર-લીલા;
ગેબી અવાજો કંઇ ગાજતા હતા
શેરી તણી સર્વ ગલીગલીમાં
તેના વળી રે પડઘા પડે તે
આશ્ચર્યભાવે સુણતું ઉભું હતું.

આવાસની ઉજ્જવલ ઓસરીની
સામે હતી એકલ તાડ-ઝૂંપડી
તેમાં રહી ઘાટણ કોઇ એકલી
દાસી તણાં કાર્ય કરી ગૃહોમાં
પોતા સરીખું કંઇ પામતી હતી.
નાનો શિશુ સ્વૈર-વિહાર ખેલી
રંજાડતો તેમ હસાવતો હતો;
સુણી બહુ ધૂમધડાક આજે
કુતૂહલે કૈં નિરખી રહ્યો તે
રસ્તા પરે એક-અટૂલ ઊભો.

કવિપ્રભા શા તણખા ઝરી રહ્યા
રૂપેરી રંગે ફુલઝર્ પ્રકાશતાં;
ધરે વળી છે શિશુ અંજલિને
હોંશે ઝીલે ઉજ્જવલ અગ્નિફૂલડાં.

માર્ગે પડી ત્યાં ફુલઝર્ શિશુ કને,
સ્ફુલ્લિંગ તેના લઘુ માર્ગ દીપવે;
દોડી ગયું બાલક ઘાટ-વત્સ,
અર્ધી બળેલી, અરધી ઝરંત
પેલી પડેલી ઝડપી લીધી તે.
આ એક ને બીજું ઘુમાવ્યું ચક્ર જ્યાં
ફંગોળીને અષ્ટ દિશા વિષે કર
ત્યાં અસ્ત થાતી ફુલઝર્ હસંતી.

ઉલ્લાસ શો અન્તર ઊભરાતો
અપ્રાપ્યની પ્રાપ્તિ થતાંથતાંમાં!
બે ચક્ર વિદ્યુત-તણખા ઝરંતાં
પૂરાં ઘુમાવ્યાં નિજ હસ્તથી હતાં!
દીપાવલી સાર્થ થઈ શિશુની
આવાસ-સંગેમરમર્ સમક્ષ
વસી રહેલા હતભાગ્ય દીનની.

તનસુખ ભટ્ટ

એકાંતની વ્યથા

જેમાં એકાંત પોતાનું આત્મકથન કરે છે.

· દ્રુતવિલંબિત ·

વહી રહું દુઃખભાર અનેકના,
સુખી રહો પણ અંતર ગુંજતા;
સતત અંતરમાં કલહો થતા,
તદપિ મૌન ધરૂં અધરે સદા.

શરમ સર્વ ત્યજી મુજ ગોદમાં
વિરૂપ તેમ સુરૂપ ગનો બધાં,
જગ તણા પરિતાપથી દગ્ધ એ,
વસન દૂર કરી વિહરે સદા.

શ્રવણ વિણ હું સાંભળું સર્વને,
દગ ન, તો ય નિહાળું હું સર્વને,
મન ન, તો ય હું સૌ મનને કળું,
અનુભવું જગની બધી ચેતના.

મમ ઉરે જગમાનસશાસ્ત્રની
સરળ ગ્રંથ બની ગઈ છે; છતાં
જીભ નથી, નથી ઇંદ્રિય બીજી કો,
જગતને સૂચવે મમ ભેદ આ.

હૃદયનું રસયંત્ર ઝીલી શકે
મમ ઉરે ઉઠતાં મૃદુ સ્પંદનો;
પણ ઉરો જગમાં રસપૂર્ણ ના,
બસુર ત્યાં પડઘો પડતો જરી.

અરર શાપિત જ્ઞાન થયું મમ!
અવર કો સમજે મુજ ના વ્યથા.
સહન થાય ન ભાર અસહ્ય એ,
તદપિ ખાળી શકાય ન ફર્જ એ.

યદિ વહે નહિ જ્ઞાન સુપાત્રમાં,
જિરવી એ ન પ્રકાશ શકે કદી;
તિમિરમાં ઢળી જાય પ્રકાશ એ,
અરર જ્ઞાન તણો વિનિપાત એ!

તૃષિત જ્ઞાન તણાં ઉર આવતાં
દીન બની તરસો નિજ ઠારવા;
પણ અણુ ય મળે કદી તેમને
'બહુ થયું'. કહી દૂર પછી જતાં

અગર અંશ ન જો જિરવાય તો,
સકલ ભાર ઉપાડી શું કો શકે?
વહી શકે યદિ ભાર ન જાતનો,
અમિત મારી વ્યથા સહી શું શકે?

જગતનો ઉરભાર વહું સદા,
તદપિ મારું ન કો ઉર જાણતું!

કૃષ્ણવદન જેતલી

ન રાખું આશા કદિ કોઈ પાસ
પછી કરે કોણ મને નિરાશ?

ર. સો.

વિદ્યાર્થીઓ અને સમાજ

સામયિક ચિંતન

આજની ઘણીખરી નિશાળો સમાજથી બહુ વેગળી રહી ગઇ છે. નિશાળમાં વિદ્યાર્થીઓને પાઠો શિખવાય છે, પરંતુ આજુબાજુની જરૂરિયાતો, તકો અને જીવનનાં કર્તવ્યોના મેળ તેઓ બાંધી શકતા નથી. આ દીવાલ જ સમાજ અને વિદ્યાર્થીજગતની આડે ઊભી છે. તે નષ્ટ થઇ શકે તેવી છે. કેટલીક શાળાઓ ઉપર્યુક્ત આદર્શને પહોંચી પણ શકી છે. કેમ અને કેવીરીતે તે જોઇએ.

તરુણોને બીજો પણ એક ભય છે. શાળામાંથી બહાર પડયા પછી જ તે જણાય છે,—જ્યારે તેમને રોજગાર કે નોકરી મળતાં નથી ત્યારે. આજે યુદ્ધ દરમિયાન રક્ષણને માટે કેટલાક મોટા ઉદ્યમો શરૂ થયા છે, છતાં લાખો માણસો હજુ બેકાર છે. તેમને કામનો અનુભવ કે તાલીમ ન હોવાથી નોકરી મળતી નથી. અને નોકરી સિવાય તેમને અનુભવ કે તાલીમ પણ કેમ સાંપડે? એટલે ત્યાં જ પૂર્ણવિરામ.

આજની જેમ યંત્રયુગનું જોર નહોતું ત્યારે લોકો બધાં કામો પોતાને હાથે ઘરમેળે જ નાના પ્રમાણમાં કરી લેતા. ત્યારે તરુણ વર્ગનો ખપ પડતો. તેઓ તરત જ ખેતરનું કામ, કાંતણ, પીંજણ, રાંધણ, બાળકોની સંભાળ વગેરે ઉપાડી લઇ કુટુંબ અને સમાજને મદદરૂપ બનતા. આમ તેમનો આર્થિક બોજો જરા યે નહોતો અને સમાજને તેમની ગરજ હતી. પરંતુ યંત્રયુગમાં એમનું શું કરવું? એમને માટે કયાં સ્થાન છે? સમાજે કોઇ ધોરણસરની વિચારપૂર્વક યોજના કર્યા વિના ચાલશે નહિ. તેમાં ખાસ કંઇ મુશ્કેલી પણ નથી.

છોકરાંઓને પ્રથમથી જ અંગત જવાબદારીવાળાં અને ઉપયોગી કામો કરવા દેવાં જોઇએ. એવાં કામોમાં સમાજને તેમની અવશ્ય જરૂર છે તેની સમાજે તેમને પ્રતીતિ આપી દેવી જોઇએ. તેમનાં કર્તવ્યો શાં શાં છે તેની; માત્ર હક્કોની જ નહિ. આજે તો પુખ્ત ઉમરના લોકો પણ ઘણીવાર પોતાનું કર્તવ્ય સમજતા નથી હોતા અને માત્ર હક્કો માટે જ બરાડા પાડી ઊઠે છે. તરુણ વર્ગ તેમનું આંધળું અનુકરણ કરે તો તેમાં શી નવાઈ?

અમેરિકામાં માસાચ્યુસેટ્સ પરગણાના 'ફેરહેવન' ગામની શાળામાં આજે કેટલાંક વરસથી વિદ્યાર્થીઓને, તેઓ સમાજનાં અગત્યનાં ઘટક છે ને તે પૂરતા તેઓ સમાજના ઋણી છે તે સમજાવવાના પ્રયત્નો આદરાયા છે, અને તેને માટે નાનાં બાલોન્નતિ મંડળો (Junior Improvement Associations) સ્થપાયાં છે. આવા એક મંડળની સભામાં હાજરી આપવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું. વર્ગશિક્ષકે એક ૧૩ વર્ષની બાળાને વર્ગનું સંચાલન સોંપી દીધું. તે સાથે જ સર્વત્ર શાંતિ પ્રસરી અને સમાજનું કામકાજ શરૂ થયું. આગળના કામનો અહેવાલ વંચાયો. તેમાં મંડળે પૂરાં કરેલાં લોકોપયોગી કામોનું વિગતવાર નિવેદન હતું. પછી, આવતી બેઠક પહેલાં કરવાનાં કામોનો ક્રમ ગોઠવાયો. તેમાં ખાસ તો ગામની આસપાસ થતાં પીળાં ફૂલોની કાંટાળી વાડો સમારવાનો ઉપક્રમ હતો. આ માટે બરાબર યોજના થઈ. કોણે કયું કામ કરવું તેની વહેંચણી થઈ ગઇ. શિક્ષક આ દરમિયાન અક્ષરે બોલ્યા નહિ. બધું જ કામ વિદ્યાર્થીઓ જ ઉત્સાહપૂર્વક કરી રહ્યા હતા. આમ, છોકરાંઓને સભાનું સુયોગ્ય સંચાલન આપમેળે જ આવડયું અને એ પાઠો તેમના ભાવિ જીવનમાં સહેજે ઉપયોગી બને તેવો પાઠ મળ્યો. લોકશાહીનાં મોટાં ભાષણોનાં થોથાં કે પુસ્તકો વાંચવાથી થતા માત્ર કલ્પનાવિહાર કરતાં આ પ્રત્યક્ષ આપ મેળે મળેલો અનુભવ વધુ સફળતા નહિ આપે?

એ શાળામાં લગભગ ૪૪ જેટલાં જુદાંજુદાં કામો ફેરહેવનનો તરુણ વિદ્યાર્થીસમૂહ જ કરી રહ્યો છે. સુથારીકામ વગેરે કારીગરીનાં કામો, ક્રીડાંગણોની આયોજનાઓ, મહેમાનોની શુશ્રુષા અને નિશાળના રસ્તાઓ પરની વાહન-વ્યવહારની વ્યવસ્થા, આદિ શાળા અને સમાજને ઉપયોગી કામો આ લોકો જ ઉકેલે છે. બરફ પડે ત્યારે રસ્તાઓ સાફ રાખવા, શેરીઓની ગંદકી સ્વચ્છ કરવી, રોગો ફેલાતા અટકાવવા, ભેજ અને ખાડાટેકરાવાળી જમીનોમાં પુરાણ કરી તે દુરસ્ત કરવી, તેમાં બાગાયત કરી શાકભાજી ઉગાડવાં, પક્ષીઓને ચણ તથા પાણી નીરવાં, બીમાર માણસો પાસે રસપૂર્ણ વાંચન વાંચી તેમને મનોરંજન આપવું, સમાજહિતના ફંડ-ફાળાઓ કરવા, ગૅસની પાઇપો ફાટે કે આગ લાગે ત્યારે લોકોને સાવચેત કરી સલામતી આપવી અને જરૂર પડયે જાતે જ તે અટકાવવા પ્રયત્ન કરવા, ગટરો અને કૂંડીઓ સ્વચ્છ રાખવી, આ બધું તેમની અહર્નિશ કામગરીમાં સમાય છે. ગામના એક પડતર ગંદા ખૂણાને સ્વચ્છ કરી તેને ફુલછોડથી સુશોભિત કરેલો મેં જાતે જોયો છે.

ફેરહેવનમાં બાળકો કુમળી વયમાં હોય છે ત્યારથી જ તરુણવર્ગ અને વડિલ સમાજનો સહકાર સધાય છે અને ત્યારથી જ જવાબદારીવાળાં જરૂરી કામોમાં તેમને હિસ્સો લેખાય છે. આ પ્રયોગ કોઈપણ દેશમાં કે શહેરમાં અજમાવવા જેવો છે. અને તેનો ફાયદો અવશ્ય લેખજો. પરંતુ એટલું જોજો કે આરંભથી અંત સુધી એ કાર્યની ગતિ શિથિલ ન થાય. તે માટે પૂરતી ચોકસાઈ રાખવી જ. સમાજહિતના આવા પ્રબળ કાર્યની નાની શરૂઆત એકાદ અટુલો માણસ પણ કરી શકે. ફેરહેવનની શાળાનાં શિક્ષકોમાંની એક શિક્ષિકા બાઇ મિસ એલિઝાબેથ હેસ્ટિંગ્સે આ કામ હાથ ધર્યું છે. બાળકોનાં મન પારખવાની તેની શક્તિ અજબ છે, અને સ્વભાવે તે ઘણી જ આનંદી મમતાળુ અને વ્યવસ્થાશીલ છે.

ફેરહેવનથી હું વૂર્સ્ટર ગયો. ત્યાંના બાલોદ્યાન શહેર (Junior Garden City)માં યુવાન છોકરાઓને ટમેટાં, કોબી વગેરે શાકનો ઉછેર કરી ટોપલા ભરતા મેં જોયા છે. ૧૩થી ૨૧ વરસના ૭૦૦ યુવાનોને દરેકને એકએક જમીનનો ટુકડો આપવામાં આવ્યો છે તેમાંથી નિપજનો કેટલોક ભાગ યુવાનોના કુટુંબને અને કેટલોક ભાગ સંગ્રહ માટે મુખ્ય કોઠારમાં પહોંચાડવામાં આવે છે. કેટલીક વાર તો સારી એવી તેમાંથી નીપજતી નફાની રકમ સેવિંગ્સ બૅંકમાં જમા પણ કરાવી શકે છે. આવાં ઉદ્યાનોની યોજના પ્રથમ ૧૯૦૭ના દુષ્કાળમાં રસ્તા ઉપર રખડતા યુવાન છોકરાઓને કામ મળે એ આશયથી એક સહૃદયી અધ્યાપકે શરૂ કરી અને ધીમેધીમે શહેરીઓ તથા સમાજે એ કાર્યની શુભ ભાવના ઝીલી તેમાં રસ લેવા માંડયો છે.

શરૂઆતથી જ કામની વહેંચણીનું કાર્ય શહેર સમસ્તના અગ્રણીઓના મંડળે અને તલાટીઓએ સંભાળ્યું. ખાતર વગેરે જરૂરિયાતો માટે સમાજમાંથી જ ફાળા કરી ખર્ચને પહોંચી વળવાની વ્યવસ્થા થઇ. નવાંનવાં શાકભાજી અને ઉપયોગી ફળફૂલના છોડ તથા ઝાડોની ઉદ્યાનોમાં આયાત થઈ ગઇ, અને સારા એવા જથ્થામાં બીનો સંગ્રહ પણ સહેલાઇથી થઈ ગયો. કેટલાક દયાળુ વ્યાપારીઓએ આ કાર્યમાં અગ્રણી બની બીજ વગેરે પૂરાં પાડવામાં સહાય કરી.

આલાબામા પ્રાંતના ડીલ્સન્હીલે ગામની એક હાઇસ્કૂલનું ઉદાહરણ પણ ઘણું જ ધ્યેયલક્ષી અને અનુકરણીય મને તો લાગ્યું છે.

એકવાર ડીલ્સન્હીલેના વિદ્યાર્થીઓને જણાયું કે શહેરમાં આવતાં ઘણાંખરાં શાકભાજી અને ફળો બહારગામમાંથી પૂરાં પાડવામાં આવે છે. તે જસતના પૅકબંધ ડબ્બામાં ભરવામાં આવે તો વધુ સ્વચ્છ રહી સ્વાસ્થ્ય બક્ષે. તેથી તેમણે એક સંસ્થા સ્થાપી તે દ્વારા એ માલ પહોંચાડવા માટે ડબ્બા ભરવાનું કારખાનું શરૂ કર્યું.

ધીમેધીમે આ તરુણ મંડળે જમીન ખેડવાનું એક ટ્રૅક્ટર (હળ) અને ફળોની જીવાત દૂર કરવાની પિચકારીઓ મેળવી બગીચાઓનું ખેડાણકામ અને ફળો છાંટવાનું કામ સુલભ કર્યું છે. આ માટે થતાં ખર્ચને ખેડૂતો પણ ખુશીથી વરાડે ભોગવી લે છે; અને આ રીતે પાકમાં પણ ખેવડો વધારો થયો છે. ઘણીવાર તો આ મંડળે પડોશના બગીચાઓમાં નહેરો સમારી પાળો પણ કરી આપી છે. જોઈતું સુથારીકામ કરી, ગાયભેંસ દોહવાની ઘોડીઓથી માંડી અનેક જાતનાં ઉપસ્કર બનાવવાના ઉપયોગી ઉદ્યોગો હાથ કર્યા છે. હળની દુરસ્તી કે ગામડાની પ્રાથમિક શાળાનું ફર્નિચર બનાવવાનો પણ એમના કામમાં સમાવેશ થાય છે.

ઘરકામ શીખતી છોકરીઓ પોતાના વર્ગમાં મેળવેલ સૃષ્ટિજ્ઞાન કે ઇતર અભ્યાસને વ્યવહારૂ જીવનમાં મૂકવા સતત પ્રયત્ન કરે છે. વર્ગમાંની એકાદી ગરીબ છોકરીનું ઘર સુશોભિત કરી તેને યોજી આપવામાં તનતોડ મહેનત સમર્પતી તરુણીઓ મારા જોવામાં આવી છે. સીવણકામ કરતી છોકરીઓ જૂનાં ઊનનાં કપડાં લઈ તેમાંથી શાળાનાં ગરીબ વિદ્યાર્થીઓનાં કપડાં સમારવામાં કે નાનાં બાળકોનાં ઝબલાં તૈયાર કરવામાં શરમાતી નથી. ટાઢ ઓછી થાય અને વસંતઋતુ બેસે કે તુરત તેઓ નાનીનાની શિશુશાળાઓ પોતાની જ જવાબદારીથી શરૂ કરે છે. શિશુસંગોપનની ચોપડીઓ વાંચીને મેળવી શકાય તેના કરતાં પણ અનેકગણું વધુ જ્ઞાન આમ સ્વાનુભવથી આ ઉપક્રમથી તેમને મળી જાય છે.

શહેરમાં સીનેમાની ખોટ જણાતાં તરત જ શાળા દ્વારા એક ફિલ્મ બતાવવાનું 'પ્રોજેક્ટર' વેચાતુ લઈ ફિલ્મો ભાડે મેળવવાની તજવીજ કરીને તેમણે પ્રત્યક્ષ જ્ઞાન પ્રચારવાની વ્યવસ્થા પણ કરી છે. માત્ર પાંચ અઠવાડિયાંમાં પાંચ પ્રોગ્રામો ગોઠવી શકાયા. એક તો ખાસ શાળાના જ કૉમ્પાઉન્ડમાં. અને ધીમેધીમે જણાયું છે કે આ ઉપક્રમ આર્થિક દૃષ્ટિએ પણ ગામડાંને ફાયદાકારક અને જ્ઞાનવર્ધક બન્યો છે. આથી પણ વધુ મનોરંજક અને કલ્પનાશીલ પ્રવૃત્તિ આ તરુણ સમાજે યોજી કાઢી છે: ગામના લોકો અને બાળકો માટે રમવાનું એક ક્રીડાંગણ ઉઘાડવામાં આવ્યું છે, જ્યાં નજીવી ફીથી રમતગમતનાં સાધનો સુલભ બનાવ્યાં છે. શાળાનું ક્રીડાંગણ ને રમતનું મેદાન જાહેર જનતા માટે સાંજના ભાગમાં ખુલ્લું રાખવાથી જનતાના સીધા સંપર્કમાં આવવાનું બની શક્યું. આ બધાની વ્યવસ્થા અને દેખરેખ માત્ર નાની ઉમરના તરુણો સુંદરરીતે કરી રહ્યા છે. આમ કરતાં કરતાં તેઓ કામ શીખી લે છે, તેમજ જ્યારે અને જ્યાં કામ ન જણાય ત્યારે અને ત્યાં કામ નિપજાવવાની શક્તિ પણ પ્રાપ્ત કરી શક્યા છે. ડીલ્સન્હીલેમાં વિદ્યાર્થી આલમ અને તરુણ જગતની વેડફાઈ જતી શક્તિનો આવો બુદ્ધિપૂર્વકનો તથા ક્રિયાશક્તિ વધારતો કરવામાં આવેલો ઉકેલ ખરેખર ત્યાંના સારાયે સામાજિક જીવન પર અનેરા ચેતનનો સંચાર કરી રહેલ છે અને ત્યાં સામુદાયિક સહકારનો અખાડો જામ્યો છે.

નૉરિસ બંધ તૈયાર થતાં ત્યાં એક નવું શહેર વસી ગયું અને ત્યાં નવી જ સ્થપાએલી નૉરિસ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓને આરંભમાંથી જ, શહેર બંધાતું ગયું તેમતેમ, કદી ન મળે એવી સહકાર કરવાની તક મળી. શહેરની રચના માટે ઘરોને જરૂરી સામાન બનાવનારાં કારખાનાંઓમાં તેઓ જોડાઇ ગયા. કેટલાક યુવાનોએ ઉદ્યાનો વગેરે શહેરની સુશોભન–પ્રવૃત્તિઓમાં મન પરોવ્યાં, જ્યારે કેટલાકે શહેરની ઈતર આવશ્યકતાઓ પૂરી પાડવામાં કામગરી સ્વીકારી. તેના પરિપાક રૂપે, પહેલાં જ્યાં જંગલ અને ખેતરો હતાં ત્યાં, શહેરની સાથે જ નૉરિસ નામના એક વિશાળ સરોવરને, ૮૦ માઇલ લાંબો બંધ સાંપડ્યો. આથી શહેરને વીજળી પણ આપી શકાઇ.

પાછળથી તપાસ કરતાં જણાયું કે આ બંધથી મૅલેરિયા અને મચ્છરોનો ભય જણાય છે. અને એથી કદાચ જાહેર જનતાની સુખાકારી જોખમાય તેમ લાગવાથી ટેનેસી સંસ્થાનની વીજળિક કંપનીએ નૉરિસ શાળાનાં છોકરા-છોકરીઓને મદદમાં લીધાં. અત્યંત ઉત્સાહથી આ બાળસેનાએ સાથ આપ્યો. બધી ભેજવાળી જગ્યાઓ પૂરી દઇ તેમણે મચ્છરોનો નાશ કર્યો અને, પડતર પાણીની યોગ્ય નીકો કરવી, પાણીની સપાટી પર તેલ પાથરવું વગેરે તેને લગતાં બધાં કામોમાં તેમણે પૂરી તનતોડ જાતમહેનત સમર્પી અને પ્રથમ દરજ્જાનું શાસ્ત્રીય કાર્ય તેમના હાથે પાર પડ્યું.

દર વર્ષે વિદ્યાર્થીઓની નવીનવી ટુકડીઓ આવાં કામોમાં પ્રવૃત્ત થાય છે. જોઈતાં નાણાં વગેરે સ્થાનિક વ્યાપારી મંડળો પૂરાં પાડે છે. કેટલીકવાર તો આવી ટુકડીઓ મચ્છરવાળા પ્રદેશમાં મચ્છરદાનીઓ પહોંચાડે છે અને કોઈ ગરીબ ઘરને વગર ખર્ચે મચ્છરદાનીની સિલાઈ જાતે કરી આપે છે.

કેપ કૉડના છેડે વસેલા પ્રૉવિન્સ ટાઉનમાં મચ્છરોનો ત્રાસ નથી, પરંતુ અવારનવાર ત્યાં વહાણો કે હોડીઓ ખડકો સાથે અથડાઈ તૂટી જવાનો ભય બહુ રહે છે. ૧૯૪૦ના જુલાઇ માસમાં એ ગામના ખરેખર તદ્દન નાની ઉમરના ૩૦ કુમારોએ સેવાભાવથી આ કામ બહુ જ ઉત્સાહથી હાથ ધર્યું.

કટોકટીના વખતે કેમ કામ લેવું તેની તાલીમ કિનારા પરના ખલાસીઓ પાસેથી લઈ લીધી અને કિનારા પરના મોરચાનું રક્ષણ તથા તકેદારી પૂરી સ્વસ્થતા ને ચોંપથી શરૂ કરી દીધી. પરીક્ષાઓ પૂરી થયા પછી તેઓ આ વ્યાવહારિક શિક્ષણ માટે શનિવારે તથા રવિવારે કોસ્ટગાર્ડ-સ્ટેશન (કિનારા પરની ચોકી) ઉપર જઇ ડ્રિલ કરે છે, ડૂબતાં માણસોને ઉગારવાનાં બોયાંનો ઉપયોગ શીખે છે, ખડો પહેરો ભરે છે, પ્રાણસંકટમાં પડેલાં માનવીની સારવાર કરે છે, નોંધો રાખે છે ને ઘણીવાર સામાન પણ ખાંધે ચડાવી લે છે. એ રીતે સમાજના વહાણના કુવાસ્તંભ જેવું સેવાકેન્દ્ર તેમણે સ્થાપ્યું છે.

અમેરિકામાં 'અમેરિકન યુદ્ધ કમિશન' એ નામનું એક મંડળ છે. એકંદરે ૩૦ સંસ્થાનોમાં રહેતી ૬૫૦ કોમોની વિગતવાર યાદી આ મંડળે તૈયાર કરી છે; અને માત્ર ઊજળા ઠરાવો પસાર કરી બેસી ન રહેતાં વધુ કંઈપણ કરવાની જેની ઇચ્છા હોય તે સૌકોઇને આ મંડળ તરફથી ક્રિયાત્મક સૂચન મળી રહે છે. આવી પ્રવૃત્તિ અમેરિકામાં ઠેરઠેર છે. તેના ઉપક્રમોની સંક્ષિપ્ત યાદી નીચે મુજબ છે:

ગામની આસપાસ કે શાળાની નજદીક ઝાડો રોપવાં કે સ્વચ્છતા રાખવી; ધસી પડેલી જમીનવાળાં ખેતરો કે બગીચાની પાળો બાંધી સંભાળ લેવી અને નાની આગો હોલવી પ્રજાનું રક્ષણ કરવું; રમતગમતનાં સાધનો ને મનરંજનના ઉપક્રમો સમાજ સમક્ષ અવાર-

નવાર રજૂ કરવાં; તરવા માટે હોજ બંધાવવા, શહેરમાં સ્વચ્છતાનો પ્રચાર કરવો, કચરાના ઢગલા દૂર કરી ઉકરડા નષ્ટ કરવા, નદીનાળાં પડતરને ભેજવાળાં તથા પૂરથી ભરાઇ જાય તેવાં સ્થાનો નજરમાં લેવાં, મોટરોના અકસ્માતો પર વિચાર કરી તેનાથી સંરક્ષણ કરવાની દૃષ્ટિએ રસ્તા પરના અવરજવર પર નિયંત્રણ કરવું, ફળો પૅક કરવાં, લાકડાનો સામાન બનાવવો, ગાદીઓ કપડાં વગેરે કરવાં, સમાજમાં જરૂરી દુરસ્તીકામ કરવું વગેરે.

આ તો થોડા માર્ગો બતાવ્યા છે. તમારા જ શહેરમાં તમે આમાંનો અગર આવો કોઇ પણ જનહિતભર્યો રચનાત્મક કાર્યક્રમ યોજી શકો છો, અને તેમાં તમારાં પોતાનાં અને પડોશીનાં બાળકોનો સાથ લઇ શકો છો. આથી જરૂર તેમને આકર્ષક કામો સોંપી શકાશે. અને જિંદગીનાં કર્તવ્યો તેમજ જવાબદારી જાત પર લેતાં તેઓ શીખી જશે. અને આ માટે બહુ માણસોની પણ જરૂર નથી. એકાદ જ વ્યક્તિ આવો પ્રયોગ શરૂ કરી શકે છે. માત્ર તેનામાં કલ્પના હોવી જોઇએ અને તે અમલમાં ઉતારવાની કર્તવ્યશક્તિ જોઇએ. એકવાર સારી શરૂઆત થઈ જાય તો પેઢી દર પેઢી એ ચક્ર ગતિમાન રહેશે.

(જાન્યુઆરી ૧૯૪૨ના રીડર્સ ડાઇજેસ્ટ ઉપરથી.)

આ માસની વ્યક્તિવિશેષ

(અનુસંધાન આગળના પાન ૩૨૭થી)

નિરીક્ષણ કરવા ઊપડ્યા. એમણે ત્યાંની શિક્ષણસંસ્થાઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યો ને હિંદમાં શિક્ષણકાર્ય કરતી સંખ્યાબંધ આર્યસમાજીસંસ્થાઓમાં કઈકઈ દિશામાં સુધારાવધારા થઈ શકે તે જોયું. આ પ્રવાસે તેમને નવી દૃષ્ટિ આપી અને બેવડા ઉત્સાહની ભરતીથી ઉભરાતા હૃદયે તે હિંદ આવ્યા.

આ અરસામાં પંજાબમાં સરકારે વધારેલી જમીન મહેસુલ અને નહેરના પાણીના દર સંબંધી સરકારી નીતિની સામે લોકોનો પોકાર ઊઠ્યો. 'પંજાબી' પત્રની કટારોમાંથી લજપતરાયની લેખિનીએ અંગ્રેજી મહેસૂલ વહીવટ સામે વજ્રના પ્રહારો કરવા માંડ્યા. પરિણામે ૧૮૧૮ના રેગ્યુલેશન ત્રીની રૂએ ઈ. ૧૯૦૭ના મે મહિનાના એક દિવસે લજપતરાયને પંજાબની સરકારે અચાનક એમના ઘરમાંથી ઉઠાવીને બ્રહ્મદેશમાં માંડલેના કિલ્લામાં પૂર્યા. જે કાળે જેલ જવું એ આજની પેઠે લ્હાવ નહોતો ગણાતો તે સમયમાં એ દેશપારી ને કારાવાસને મર્દાનગીથી ભોગવી લઇને તેનો ડર કાઢી નાખનાર લાલાજી પ્રથમ હતા.

લજપતરાયની આ અચાનક દેશપારીથી આખો દેશ ખળભળી ઊઠ્યો. થોડા મહિના માંડલેમાં સરકારી મહેમાનગતી ભોગવી તે પાછા આવ્યા ને 'મારી દેશપારીની કથની'માં એ વીતકની આખી કથા હિંદી પ્રજા પાસે મૂકી. માંડલેથી પાછા ફરીને લાલાજીએ ફરી એટલી જ ઉગ્રતાથી દેશકાર્યની ધુરા હાથ ધરી અને ૧૯૦૭ની સુરતની ઐતિહાસિક મહાસભામાં ભાગ લીધો. તિલક મહારાજ, અરવિંદ ઘોષ, ખાપર્ડે વગેરેના જહાલ પક્ષના નેતાવર તરીકે સુરતે પંજાબકેસરીનું અદ્ભુત સ્વાગત કર્યું. દેશહિતની પ્રત્યેક પ્રવૃત્તિમાં તે હવે મોખરે રહેવા લાગ્યા.

૧૯૧૪ના મહાયુદ્ધ વેળા તે અમેરિકામાં હતા પણ તેમને વિગ્રહ દરમિયાન હિંદમાં આવવાની મના થઈ. એ ફરજિયાત દેશનિકાલીના દિવસે દિવસનો ઉપયોગ તેમણે સ્વદેશની સેવા અર્થે કર્યો. લેખિનીથી અને જિહ્વાથી એમણે હિંદની પરાધીન હાલત સંબંધમાં અમેરિકામાં અદ્ભુત પ્રચારકાર્ય કર્યું. આઠ વર્ષના એ અમેરિકાવાસ દરમિયાન લાલાજીએ, હિંદની દુર્દશા પુરવાર કરતા આંકડાઓ અને હકીકતોથી ભરેલી દસ લાખ વિવિધ પત્રિકાઓ, પુસ્તિકાઓ ને અખબારલેખો પ્રગટ કર્યાં, તથા 'યંગ ઇન્ડિયા' (તરુણ ભારત) નામનું એક પુસ્તક લખ્યું. આખરે શહેનશાહના ઢંઢેરાએ લાલાજીને માટે પોતાના પ્રિય વતનમાં પાછા ફરવાનું શક્ય બનાવ્યું ને ૧૯૨૦ના ફેબ્રુઆરી માસની ૨૦મી તારીખે તેમણે હિંદમાં પગ મૂક્યો.

આઠ વર્ષના વિજોગ પછી લાલાજીએ હિંદને કિનારે પગ મૂકતાં નવું હિંદ સર્જાતું જોયું. ગાંધીજી અસહકારની વિપ્લવવાણી ઉચ્ચારી રહ્યા હતા, અને એના પડછંદાઓથી હિંદની દિશાઓ ગાજી રહી હતી. આવી વેળાએ લાલાજીનું સ્થાન ગાંધીજીને પડખે જ હોય. અને લાલાજીએ એ સ્થાન તત્કાળ લઈ લીધું.

દેશે ૧૯૨૦ની કલકત્તાની ખાસ મહાસભા વેળા લાલાજીને પ્રમુખપદે પધરાવ્યા. એ દિવસોમાં લાલાજીની અવસ્થા થતી જતી હતી, પણ તેમનું શૌર્ય વૃદ્ધ નહોતું થયું. જુવાનના ઉત્સાહથી તે કાળમાં એ બબ્બે વાર જેલ ગયા ને બીજી જે જે આપદાઓ ને યાતનાઓ સહવી પડે તે પ્રસન્ન ચિત્તે સહી.

અસહકારનો જુવાળ ઊતર્યો: લાલાજી જેલમાંથી પાછા ફર્યા: દેશબંધુએ સ્વરાજ્યપક્ષ સ્થાપ્યો: ધારાસભાઓ સર કરવાનો કાર્યક્રમ યોજ્યો. લાલાજી એ નવા સંગ્રામમાં યે મોખરે રહ્યા. વડી ધારાસભામાં બેઠા પછી, ત્યાં પણ જિંદગીની છેલ્લી ઘડી સુધી તે સદા દેશહિતાર્થે સિંહની મિસાલે ગર્જ્યા.

૧૯૨૮માં 'સાયમન કમિશન'ના લાહોરના આગમનનો વિરોધ કરવા પંજાબી પ્રજાનું સરઘસ લાહોર સ્ટેશને ગએલું. એને મોખરે લાલાજી, માલવીયજી અને બીજા સ્થાનિક વિખ્યાત નેતાઓ હતા. એ સરઘસ વિખેરતાં લાલાજીના હૃદયભાગ પર લાઠીના પ્રહાર થયા. પ્રહાર લઇને ૩૦મી ઑક્ટોબરે લાલાજી પાછા ફર્યા ને ૧૭મી નવેમ્બરે તેમનું હૃદય બંધ પડી ગયું; પંજાબનો સિંહ પોઢી ગયો.

રાજકીય રણાંગણમાં સદા સાહસ, શૌર્ય, આવેશ અને નિર્ભયતાથી ઝઝૂમનાર લાલાજીના જીવનની બીજી બાજુઓ પણ એટલી જ જ્વલંત છે. દેશહિતની પ્રત્યેક પ્રવૃત્તિમાં એ નરવીર સદા અગ્રેસર હતો. એ રાજકીય લડવૈયો, વિદ્વાન શિક્ષણશાસ્ત્રી, ઇતિહાસકાર, સમાજસુધારક, દલિતોદ્ધારક, અખબારનવેશ,—અને શું શું ન હતો? એનું હૃદય યોદ્ધાનું ને એનો આત્મા સંતનો હતો. એની લેખિની તલવાર સમી હતી અને જીભડા જ્વાલાનાં તત્ત્વોની બનેલી હતી. દેશને કાજે ભોગ ધરવાની એની શક્તિ અજોડ હતી. એણે, આજ દિવસ સુધીમાં હિંદી સરકારે અંત્યજોના ઉદ્ધારને માટે નથી કર્યું એટલું એકલે હાથે કર્યું છે. પોતાનું દેશકાર્ય પોતાના મૃત્યુ પછી યે અવિરત ચાલુ રહે એટલા માટે એણે ગોખલેજીની હિંદસેવક સમાજ જેવી 'હિંદ-લોકસેવક-સમાજ સ્થાપી'; એણે હિંદુ સમાજમાં નવ પ્રાણ પૂરવાને હિંદુ સંગઠનની પ્રવૃત્તિની સરદારી લીધી; એણે લાહોરની દયાનંદ કૉલેજ જેવી સંખ્યાબંધ શિક્ષણસંસ્થાઓ સ્થાપવામાં હિસ્સો પૂર્યો; ને છેલ્લે છેલ્લે પોતાની મિલકતની પાઇએ પાઈનું દાન કરી દઇ લાહોરમાં પોતાની માતાના નામથી મહિલાઓ માટે એક ઇસ્પિતાલ સ્થાપીને અને પોતાના વતનમાં પિતાના નામથી એક હાઈસ્કૂલ સ્થાપીને એ આત્માએ તૃપ્તિ અનુભવી. લાલાજીએ ઇતિહાસ રચ્યો છે—સદી પછી લોકો માનતાં અચકાશે એવો અદ્ભુત ઇતિહાસ રચ્યો છે.

પરદેશી ઈસ્લામી આક્રમણકારોમાંથી હિંદને પોતાનું વતન બનાવીને અહીં સૌપહેલો વસનાર અને મુઘલ સંસ્કૃતિનો પાયો નાખનાર

અકબર

મુઘલ યુગનો ચક્રવર્તી શાહાનશાહ

મહાતેજસ્વી કહી શકાય તેવા જે ગણ્યાગાંઠ્યા રાજાધિરાજો હિંદુસ્તાન પર અમલ કરી ગયા તેમાંના એક વિશિષ્ટ પ્રકાશમાન તેજોરાશિ શાહાનશાહ અકબરના જન્મને ગઇ તા. ૨૩મી નવેમ્બરે ૪૦૦ વર્ષ પૂરાં થયાં. પોતાની અનોખી આર્ષદૃષ્ટિ વડે હિંદી સામ્રાજ્યનું નવઘડતર કરવાનું મહાકાર્ય આરંભી મુઘલ સલ્તનતના ઊંડા પાયા નાખનાર એ ચક્રવર્તી રાજવીની ચતુઃશતાબ્દી (ચારસોમી જન્મજયંતી)નો ઉત્સવ આજની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિષમતાઓને લીધે દેશમાં યોગ્યરીતે ઊજવાઇ શક્યો નથી એનો અસંતોષ હરકોઇ સંસ્કારવાંછું, ઇતિહાસજ્ઞ, રાજનીતિજ્ઞ કે ઐક્યપ્રેમીને હોવો જોઇએ. અમે આ સાથે એની આછોતરી ચરિત્રરેખા આંકી થોડોક સંતોષ અનુભવીએ છીએ. ★

★ હિંદના મધ્યકાળના ઐતિહાસિક પુરુષોમાં શાહ અકબર જેટલું લોકપ્રિય પાત્ર કોઇક જ હશે. તેનાં નામ અને જીવન પર લોકોએ કઈક કથાવાર્તાઓ ઉપજાવી છે અને આજ સુધી ગામડે ગામડે અકબર અને બીરબલની ચતુરાઇની વાતો લોકકંઠે ઘૂંટાઇ રહી છે. ઘણાં યે ઐતિહાસિક પાત્રો પરના આવા રંગો કાચા અને સૂક્ષ્મ અન્વેષણને અંતે ખરી પડતા જણાયા છે, પણ અકબરનું જીવનચરિત્ર અને વર્ણન તો આજના વર્તમાનપત્રના બનાવોની જેમ નોંધાએલી તેના સમકાલીન લેખકોની નોંધો, રૂબરૂ પરિચય કરી ગએલા પરદેશીઓનાં વર્ણનો અને તેના સમયના કલાકૌશલ્યના નમૂનાઓથી સચોટ અને તાદૃશ ઉઠાવ તથા સ્વરૂપ ઉપજાવે છે.

જગતના મહાન રાજકર્તાઓમાં તેનું નામ સીઝર ને નેપોલિયન જેવાની પંક્તિઓમાં ઝળકે એટલું પ્રકાશ્યું છે તેના જ કાળમાં ઇંગ્લંડમાં રાણી એલિઝાબેથ પોતાના દેશની પ્રજામાં નવી જાગૃતિ અને નવી અસ્મિતા પૂરી એકતાની સાંકળો દૃઢ કરી રહી હતી ને અંગ્રેજી સાહિત્યનો મહાન સિતારો શેક્સપીઅર તેની પ્રતિભાનાં પુષ્પો વેરી રહ્યો હતો. તે જ વખતે અહીં શાહાનશાહ અકબરે તેના યુદ્ધપરસ્ત વડવાઓની પ્રણાલિ છોડી સકળ હિંદુસ્તાનને પોતાનું વતન બનાવી તેની પ્રજાને લોહીથી અને સંસ્કારથી એક બનાવવા પોતાના શાસનનું સર્વ બળ અને સમૃદ્ધિ રેલાવ્યાં હતાં. એની રાજ્ય-કારકિર્દીએ હિંદુસ્તાનને એક જ મધ્યસ્થ સંસ્થાની દૃઢ સાંકળે ગૂંથ્યું. એક સિક્કો. એક કાયદો અને તમામ રૈયત માટે એકસરખો ઈન્સાફ જોવાનો મળ્યો. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, જૈન કે શીખ સર્વે ધર્મશાસ્ત્રો વિરોધ વગર પોતાના વિચારો અને તત્ત્વોનો પ્રચાર કરી શકતા તથા પોતપોતાનાં મંદિરો અને સંપ્રદાયો નિભાવી શકતા. એ સમયની મહેસૂલપદ્ધતિ તથા એ સમયે ઘડાએલી હિંદની ચાલુ ભાષાઓ અને ફારસી મિશ્રણથી બનેલી ઉર્દૂ ભાષા આજની સરકારને પણ અપનાવવી પડે એટલી દૃઢ અને સુગમ બની હતી.

એના સમર્થ પ્રધાનમંડળમાં રાજા બીરબલ, રાજા તોડરમલ્લ, રાજા માનસિંહ, તાનસેન ને કવિ ગંગ જેવાં હિંદી રત્નો ઉચ્ચાધિકાર અને શાહનો વિશ્વાસ પામી શોભતાં હતાં; અને રાજદરબારની હવાથી દૂર કબીરજી અને નાનકના પંથ ધાર્મિક મતમતાંતરોને ભજન અને લોકવાણીના માર્જનથી હઠાવી રહ્યા હતા, તો બનારસના ઘાટ પર મહાકવિ તુલસીદાસજી ભારતનો સુવર્ણગ્રંથ રામાયણ વ્રજભાષામાં ઉતારી રામભક્તિની ગંગાથી ઘરઘરમાં આર્યધર્મનાં બીજ અને સંસ્કાર ઊંડાઊંડા રોપી રહ્યા હતા.

પૂર્વકાળ

અકબરના દાદા બાબરમાં સાહસ, પરાક્રમ ને ઉદારતા હતાં; કવિતા ને રસિકતા હતાં. એશિયાના ફરઘાના પરગણામાંથી લૂંટ ને મુલકની લાલચ આપી લશ્કર ભેગું કરી તેણે કાબુલ જીતી હિંદુસ્તાન તરફ દોડ કરી. વંટોળના વેગથી તેણે પંજાબ ને દિલ્હીના રાજ્યકર્તા અફઘાનોની જડ કાઢી નાખી શહેનશાહત હાથ કરી. પણ તે પરદેશી જ રહ્યો. તેની નજર હમેશાં પોતાના વતન તરફ જ ઠરી રહેતી. છતાં પોતાના નિર્બળકાય પુત્ર હુમાયૂંને સાજો કરવા ખુદાને પ્રાર્થના કરી તેની માંદગી વહોરી લઈ પોતે ઇ. ૧૫૬૦માં કબરમાં આરામ લીધો.

પણ પાછળથી અફઘાનોએ હુમાયૂંને અકળાવ્યો. બિહારના સુબા શેર અફઘાને તેની નબળાઈનો લાભ લઇ દિલ્હી પર ચઢાઇ કરી તેને નસાડ્યો ને દિલ્હીનું તખ્ત હાથ કર્યું. હુમાયૂં થોડાં માણસો અને પંદર વર્ષની પોતાની ગર્ભવતી બેગમ હમીદાને લઈ સિંધના રણમાં નાસી ગયો. ત્યાં ઉમરકોટના હિંદુ રાજા રાણાપ્રસાદને આશ્રયે બેગમ હમીદાને મૂકી દુશ્મનોના ભયથી એણે રણમાં છુપાતા ભટકવા માંડ્યું.

ઈ. ૧૫૪૨ની એક સવારે તેણે દૂરથી ધૂળની ડમરી ઉડાડતા કેટલાક સવારો આવતા જોયા. પણ તે ઉમરકોટની દિશામાંથી આવતા હોવાથી સારા સમાચારની આશા ધારી તેઓની રાહ જોઇ. ખરેખર એ સમાચાર તેના સૌભાગ્યની ઉત્તમ નિશાની બન્યા. હમીદા બેગમે એક સુંદર શાહજાદાને જન્મ આપ્યો હતો. પણ આવનારાને વધાઈમાં આપવાને તેની પાસે કશું નહોતું. તેના નોકર જોહરે કહ્યું કે થોડું રૂપાનાણું અને કસ્તુરીનો એક ગોટો માત્ર છે. હુમાયૂંએ કસ્તુરીનો ગોટો ફોડી થોડાથોડા કણ તેના સરદારોને વહેંચી આપ્યા ને કહ્યું: ‘તમને વધાઈમાં આથી બીજું આપવા મારી પાસે કંઇ નથી. આ કસ્તુરીની મહેકની જેમ આ શાહજાદાની કીર્તિ એક દિવસ દુનિયાભરમાં ફેલાઈ જશે.’

ઇ. ૧૫૪૨ના નવેમ્બરની એ ૨૩મી તારીખ હતી; પણ ૨૮મી ડિસેમ્બર પહેલાં તેને બેગમ અથવા શાહજાદાનાં મોં જોવા નહોતાં મળ્યાં. તે પછી ઘણી બીજી આફતો વેઠી હુમાયૂં તેની બેગમને લઈ ઈરાનના શાહ તમાસ્પને આશ્રયે જઇ રહ્યો. એ વખતે શાહ તમાસ્પના દરબારમાં કવિઓ અને ચિત્રકારોનો સારો આદર થતો. હુમાયૂંને તેણે નામનું થોડું લશ્કર આપી થોડા વખતમાં રૂખસદ આપી. એની મદદથી તેણે કંદહાર લીધું અને કાબુલ આવ્યો. તેનો ભાઇ કામરાન અહીં હતો અને બાળક અકબર, નોકર જોહરના વાલીપણા નીચે ત્યાં ઉછરતો હતો. હુમાયૂં કાબુલમાં નવ વર્ષ રહ્યો. તે વખતમાં હિંદુસ્તાન પાછું લેવા તેણે લશ્કર એકઠું કર્યું અને પોતાના વારસદારની તાલીમ અને શિક્ષણ પર ધ્યાન આપ્યું.

પણ શિક્ષણ કોને ? ઉસ્તાદો ભલેને ગમે તેવા વિદ્વાન હોય, પણ શીખનારનું મન કોઇ હાથ કરી શકવાના હતા ? ઉસ્તાદો યે અંતે થાક્યા, પણ છોટે શાહજાદા અક્ષર લખવાનું ન શીખ્યા તે ન જ શીખ્યા. મોટી ઉમરે જેવીતેવી સહી કરેલી શાહી દસ્તાવેજોમાં કોઇક ઠેકાણે મળે છે એટલું જ. હુમાયૂંને કળા અને કવિતાનો બેહદ શોખ હતો, તેથી પુત્રે કાંઈ શિક્ષણ ન લીધું તેનો તેને ભારે રંજ થતો. પણ જન્મથી જ જેને આફતો, ભય, સાહસ અને જીવલેણ પ્રસંગો વીતી ગયા હતા તે બાળકને અલેફ–બે–પે ઘૂંટતા ઘરમાં ગોંધાઈ રહેવું ગમતું જ નહોતું. બહાદુરી અને તોફાન સિવાય કશું તેને રૂચતું નહિ. ઘોડાં, કૂતરાં ને કબૂતરનો તેને બેહદ શોખ હતો. સવારી, પોલો ને તલવારપટામાં તેની કાબેલિયત ઉચ્ચ પ્રકારની જામી અને નિશાનબાજીમાં તે એક્કો થયો. પણ આમ હોવા છતાં સાહિત્ય પ્રત્યેના તેના આદર કે પ્રીતિ, બીજા રમતિયાળોની જેમ, ગુમ થઈ ગયાં નહોતાં. કોઇ વાંચે કે કહી સંભળાવે તે ઘણા રસથી એ સાંભળતો અને ફારસીની અનેક કવિતાઓની કવિતાઓ તેને એ રીતે મુખપાઠે થઈ ગઇ હતી. તેમાં યે સૂફી પંથનું સાહિત્ય તેને બહુ ગમતું.

આ સાથે તેને કળાનું શિક્ષણ આપવા તેના પિતા હુમાયૂંએ ઇરાનથી મીર સૈયદઅલી અને અબ્દુસ્સમદ નામના બે નામીચા ચિત્રકારોને બોલાવ્યા હતા, જે પાછળથી દિલ્હીમાં અકબરના શાહી ચિત્રકારોની પદવી પામ્યા હતા. એમની પાસેથી અકબરે ઈરાની શૈલીનું ચિત્રકામ ઠીક શીખી લીધું હતું.

ઈ. ૧૫૫૫માં બધી તૈયારીઓ કરી, બહેરામખાં નામના બહાદુર સીપાહસાલારને સેનાપતિ બનાવી હુમાયૂં પંજાબ પર ત્રાટક્યો. તેણે લાહોર કબજે કર્યું અને દિલ્હીની ગાદી પર જે નબળો સુલતાન હતો તેને તુરત જ તારાજ કરી તે જ વર્ષે દિલ્હી પણ લીધું. બહેરામખાંને અકબરના રક્ષક વાલી તરીકેનો હોદ્દો સોંપાયો અને અકબર તેની સાથે પંજાબમાં રહ્યો.

પણ ઇ.૧૫૫૬ની સાંજે હુમાયૂં નમાઝ પઢીને એક મિનારા પરથી નીચે ઊતરતાં સીડી પરથી લપસી પડતાં મરણ પામ્યો અને અકબરને માત્ર ચૌદ વર્ષની નાની ઉમરે રાજ્યાધિકાર સંભાળવો પડ્યો. તેણે બહેરામખાંની મદદથી બધા અફઘાન શત્રુઓને પરાસ્ત કર્યા. તેમાં છેલ્લા અફઘાન શાહ મહમદશાહ આદિલનો હિંદુ પ્રધાન હેમુ તેમને બહુ વસમો પડ્યો અને તેની સાથે પાણીપતના મેદાન પર કાતિલ જંગ થયો. એ લડાઇમાં હેમુની આંખમાં એક તીર વાગતાં તે પડી ગયો અને તેનું લશ્કર વિખરાઈ ગયું. હેમુને કેદ કરી બહેરામખાંએ અકબર આગળ રજૂ કર્યો. પણ તરુણ અકબરે લાચાર દુશ્મન ઉપર તલવાર ચલાવવાની ના પાડી, એટલે ખાંએ પોતે તેને પૂરો કર્યો. આ પ્રસંગથી અકબરને બહેરામખાં પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ.

હજી તેની તાલીમ ચાલુ જ હતી. શરીરની તાકાત અને શક્તિઓ બઢાવવામાં તે એક્કો હતો; પણ ભણે એ બીજા ! ઉસ્તાદો વાંચે અને શાહ સાંભળી લે ! એ ચૌદમે વર્ષે પણ તેને એકાંતનો ભારે નાદ લાગ્યો હતો. વખતોવખત તે બધાની સોબત છોડી દૂર નીકળી જાય અને વિચારો કર્યા કરે. પણ તે સિવાય તે મર્દાનગીના પ્રસંગો એકે ચૂકતો નહિ. હિંદુસ્તાનમાં હાથીઓ જોઈ તેના પર કાબૂ મેળવવાની તેને અજબ ઊર્મિ થઇ આવી. એક વખત તે એક ચોક અને બગીચા વચ્ચેથી પસાર થતો હતો, એવામાં એક ગાંડો બનેલો હાથી મહાવતને મારી બીજાં માણસ પાછળ દોડતો ત્યાંથી નીકળ્યો. જુવાન શાહે તત્ક્ષણ તેની સામે ધસી જઈ એ હાથીના દંતૂશળ ઉપર પગ મૂકી તેની પીઠ પર સવારી કરી લીધી અને હાથીને કાબૂમાં લઈ બીજા એક તોફાની હાથી સામે તેને લડાવવા માંડ્યો. એ દરમ્યાન બીજા હાથી પરનો મહાવત અંકુશ ખોવા લાગ્યો એમ દેખાયું, એટલે તરત પોતાના હાથી પરથી તે હાથી પર કૂદી પડી પકડ લીધી. સમયસૂચકતાના, હિંમતના અને અંગચાપલ્યના આવા તો કેટલા યે પ્રસંગો તેના જીવનમાં નોંધાયા છે.

વિચારશીલ અને ચિંતક અકબરમાં આવી સાહસિક વૃત્તિ હોવાનું ઊંડું કારણ તેણે પોતે જ પ્રકટ કર્યું છે. વખતોવખત તેને આસપાસના અજ્ઞાની અને જડ બુદ્ધિના લોકસમુદાય તથા રૂઢિચુસ્ત વિદ્વાનો અને પંડિતો તેમજ આચાર્યોને જોઈ સંસાર પર કંટાળો આવતો. તેની સાર્વભૌમ એકતાની ભાવનાની કોઇ કદર કરી શકતું નહિ ત્યારે તેને એક જાતની ઉદાસીનતા આવતી અને ખુદાને પોતાની હયાતીની જરૂર નહિ હોય તો પોતાને ખેંચી લેશે એવા ખ્યાલથી તે મોતનાં જોખમો ખેડી ખાત્રી કરી લેતો કે હજુ મારી પાસે કાંઇક કાર્ય કરાવવાની તેની મરજી છે. દગા, કપટ, ઇર્ષ્યા અને ખટપટનાં ચોમેર જાળાં હોય અને કોઈ જ માણસ ભરોસો રાખવા લાયક ન જણાય ત્યારે તે અજબ શાન્તિ અને નિર્વિકલ્પ ભાવ મુખ પર જાળવીને જેમણે દગો કે ફૂડ કર્યાં હોય તેમના હાથમાં જ વિશ્વાસુ કામ મૂકી તેનામાં બાકી રહેલી માનવતાને સુધરવા ને ઊંચે ચડવાની તક આપતો. તેની હજૂરમાં રહી ગએલા એ વેળાના ખ્રિસ્તી યુરોપિયન પાદરીઓ બહુ બારીકીથી તેની પ્રવૃત્તિઓ અને સ્વભાવનાં વિગતવાર વર્ણનો આપી ગયા છે. તેના શાહી ચિત્રકારોએ તેની હરેક પ્રવૃત્તિનાં સમયસમયનાં ચિત્રો આલેખી મુઘલ યુગના એ ચક્રવર્તીને આજના રાજપુરુષ જેટલો સજીવ અને અમર આકૃતિમાં આલેખ્યો છે.

એ વખતે રાજ્યલોભની જે ક્રૂરતાઓ, સંહાર અને ખટપટ યુરોપમાં હતાં તે તો હિંદુસ્તાનને યે વટાવી જાય એવાં હતાં, છતાં ઘણા પ્રસંગોમાં અકબરને જનતા અને રાજ્યની સલામતી માટે ઘણાં ઘાતકી કર્મો કરવાં પડ્યાનો દોષ દેવાય છે. ખરું જોતાં તે પોતે તો ‘ક્ષમા વીરસ્ય ભૂષણમ્’ના સૂત્રનું પાલન કરવામાં અદ્વિતીય લેખાશે. માતાપક્ષ અને પિતાપક્ષ તરફથી જંઘીસખાન અને તૈમુર જેવા બે ભયંકર સંહારકોનું લોહી તેની નસોમાં ઊતર્યું હોવા છતાં એવી દયાળુતા અને માનવપ્રેમ તેનામાં ઉદ્‌ભવે તે આશ્ચર્યકારક છે. જે કાંઈ સજાઓ તેને કરવી પડી તે એ યુગની એક રાજ્યનીતિ ખાતર કરવી પડેલી. જેવી તેની રાજ્યસત્તા મજબૂત થઈ કે તરત તેણે હુકમો કાઢ્યા કે લડાઈમાં જીતાએલી પ્રજાને ગુલામ તરીકે કેદ પકડવાનું બંધ કરવું. અદાલતે ફાંસીની સજા ફરમાવેલા ગુનેગારોની સજા માટે પણ બે વખત શાહી મંજૂરી મળે ત્યારે જ તે સજાનો અમલ થાય.

એક શાસન અને એકધારી વ્યવસ્થા માટેની ઈંતેજારીથી તેણે દરિયાકાંઠા સુધીના મુલકો સર કરવાનો લોભ કર્યો અને તે જ કારણે રાણી દુર્ગાવતી અને રાજપુતાનાના અજીત પર્વતો વચ્ચે વસેલા રાજપૂતો જોડે યુદ્ધો કર્યાં, ગુજરાત સર કર્યું, બંગાળ હાથ રાખ્યો. પણ વચલા પ્રદેશોમાં કંઠા રાજપૂતો કેસરિયાં કરીને પણ અણનમ રહ્યા અને છેવટ સુધી તેમની સાથે ઠેકાણું ન જ પડ્યું. તેના પ્રતાપી દુશ્મનોમાં રાણા પ્રતાપ, રાણી દુર્ગાવતી, જયમલ રાઠોડ અને ચાંદબીબીનાં નામો ઇતિહાસ-મશહૂર બન્યાં છે. જયમલ રાઠોડ અને તેના પુત્રનાં પરાક્રમો તથા ટેક પર તો આફરીન થઈને તેણે દિલ્હીમાં તેમની મૂર્તિઓ કરાવી મૂકી હતી.

પહેલાંના મુસ્લિમ વિજેતાઓએ હિંદુસ્તાન પરની ચડાઈઓ લૂટ ખાતર અથવા તો પોતાનો મુલક વધારવાના હેતુથી જ કરી હતી. તેમાંના કોઈએ હિંદુસ્તાનને પોતાનું માન્યું ન હતું. પરંતુ અકબર-

શાહે તો હિંદુસ્તાનને પોતાનું પ્યારું વતન બનાવ્યું અને નવી મુઘલ સંસ્કૃતિનો પાયો નાખ્યો. પોતાની રૈયતમાં એકતા લાવવા તેણે હિંદુ રાજકુમારીઓ સાથે પોતાનો અને પોતાના પુત્રોનો લગ્નસંબંધ બાંધ્યો અને તેઓ જીવી ત્યાં સુધી તેમની પૂજા, યજ્ઞો, દાનધર્મ વગેરે રાજમહેલમાં ચાલતાં રહેવા દીધાં. પોતે ચાર વખત નમાઝ પઢતો, પરંતુ દરેક ધર્મની ચર્ચા કરી તથા જ્ઞાન મેળવીને તેના સારા અંશો અપનાવતો. તેણે પારસી ધર્મનો પવિત્ર અગ્નિ પોતાના રાજમહેલમાં પ્રકટાવ્યો અને તેનું રખોપું અબુલ ફઝલને સોંપ્યું. પોતે રોજ સૂર્યને નમસ્કાર કરતો, પહેરવેશ રાજપૂતો જેવો રાખતો ને પરમાત્મા પ્રતિ પોતે પ્રજામાત્રનો એક પ્રતિનિધિ બનવા ઈંતેજાર રહેતો.

માનવી માટે એક સત્યધર્મની સ્થાપનાના તેને કોડ હતા ને તે માટે દેશદેશના વિદ્વાનો ને સંપ્રદાયોના આચાર્યો વચ્ચે રોજ સાંજે ધર્મચર્ચાઓ કરાવી તે પોતે ખૂબ શાંતિથી સાંભળતો અને દરેકમાં જે કાંઈ સત્ય હોય તેનો પક્ષ કરતો. આથી ઈસ્લામના પ્રચારકો અને બ્રાહ્મણો ઊકળી ઊઠતા. પણ ધીમેધીમે બાદશાહની શ્રદ્ધા એ બધા ઉપરથી ઊઠતી ગઈ. ધર્મની ખરી પરીક્ષા તેનાં વચનો કે વાક્યો ઉપરથી નહિ, પણ એ બોલનારાનાં જીવનમાં તે શાં ફળ ઉપજાવે છે, તેના આચાર અને અનુભવથી તેનામાં માનવ તત્ત્વ કેટલું ઉચ્ચ બન્યું છે તે પરથી જ તે આંકતો.

મહાન કલાસંસ્થાપક તરીકે તો અકબરશાહનું નામ કદિ નહિ વિસરાય. પરમાત્માની કૃતિ સમજવા માટે કળા એ માનવી પાસે અમૂલું સાધન છે અને કળાકાર બીજા કરતાં ખુદાની વધુ નજીક જઈ શકે છે એવું તે ઉચ્ચારતો. પોતે નાનપણમાં ઈરાનના ઉસ્તાદ કલાકારો પાસે તાલીમ લીધેલી હોવાથી તેમને બોલાવીને તેણે ઉચ્ચ અધિકારો આપ્યા. તે સાથે હિંદના જુદાજુદા પ્રાંતોમાંથી, રાજસ્થાનમાંથી ને ગુજરાતમાંથી ઘણા નામીચા કલાકારોને એકઠા કર્યા અને તેમની કળા પર ચર્ચા તથા વિવેચન કરી ‘મુઘલ કળા’ને નામે પ્રખ્યાત થએલી નવી શૈલીનો આવિષ્કાર કર્યો. એ રીતે ઈરાની કળાની શતરંગી જમાવટમાં હિંદની ભાવવાહી રેખાવટ મળતાં, ચિત્રકળા ખૂબ જ પાંગરી અને પરિણામે ઉમરાવો તથા સરદારોમાં તેમજ બીજાં રજવાડાંઓમાં પણ કળાનાં માનપાન વધી ગયાં. રજબનામા, મહાભારત, અન્વારે સ્વાહિલી વગેરે અનેક ગ્રંથો એ સમયના હિંદુ-મુસ્લિમ કલાકારોના સંયુક્ત સહકારે ચિત્રિત બનેલા હજી મોજૂદ છે. ઉપરાંત, આ ચિત્રકારોએ પોતાના આશ્રયદાતાના જીવનની તો અનેક બાજુઓ ચીતરીને તેને અમર કરેલો છે. એ ચિત્રોમાં અકબરની લડાઈઓ, તેના શિકાર, તેની નમાઝ આદિ ધાર્મિક ક્રિયાનાં દૃશ્યો, તેના મિત્રો, તેના દરબારો વગેરે સાક્ષાત નીરખી શકાય છે.

શાહની ઉમર પચ્ચીસ-છવ્વીસ વરસની થવા આવી છતાં તેને ત્યાં ગાદીવારસ જન્મ્યો નહોતો તેથી તેણે અનેક પીર અને ઓલિયાની જગ્યાઓની યાત્રાઓ કરી. આગ્રાથી વીસેક માઈલ દૂર સિક્રી આગળ ડુંગરોમાં શેખ સલીમ ચિસ્તી નામના એક ઓલિયા રહેતા હતા. તેમણે કહ્યું કે ખુદાની મહેરબાનીથી તેને ત્યાં ત્રણ શાહજાદાનો જન્મ થશે. ઇ. ૧૫૬૯માં શાહની ઉમર ૨૭ વર્ષની હતી તે વખતે તેને ખબર મળ્યા કે હિંદુ રાણી જોધબાઈને પેટે ગાદીવારસ શાહજાદાનો જન્મ થયો છે. તેની ખુશાલીમાં તેણે એ સિક્રી આગળ જ એક મોટું શહેર વસાવ્યું અને શાહજાદાનું નામ પણ ઓલિયાના નામ ઉપરથી સલીમ પાડ્યું.

રાજકારભારની અનેક વિગતો અને ધમાલની વચ્ચે પણ તેણે સિક્રી પાસેનું એ નગર ફતેહપુર સિક્રી પોતાની કલ્પના પ્રમાણેના આદર્શ નગરના રૂપમાં બંધાવી હિંદની સ્થાપત્યની સૃષ્ટિને સમૃદ્ધ કરી દીધી છે. એમાં પણ તેણે અનેક બીજી કળા અને હુન્નરઉદ્યોગ પર પોતાની સર્વ-સમાનતા અને એકતાની ભાવનાને સજીવતા આપી દીધી છે. ત્યાંની શિલ્પકળાનાં વૈવિધ્ય, વિપુલતા અને સંસ્કારી કલામયતાએ આજના સરકારી અને ખાનગી સ્થાપત્યવિશારદો માટે સિક્રીને યાત્રાનું ધામ બનાવ્યું છે. એ આખા નગરનો નકશો બાદશાહની ઈચ્છા મુજબ જ કરવામાં આવ્યો હતો. ઘણાં વર્ષો સુધી ત્યાં આબાદી અને જાહોજલાલીની છોળ રહી હતી અને કેટલાક પરદેશીઓએ તેને એ વખતના લંડન શહેર કરતાં પણ મોટું કહ્યું છે. પણ કોણ જાણે શાંયે કારણે થોડાં વર્ષો બાદ શહેનશાહે તે સ્થળનો ત્યાગ કર્યો ને છેવટે તે આજે છે એ રૂપમાં એક ઉજ્જડ નગરી બની ગયું.

અકબરે પોતે ભલે અક્ષરે ન લખ્યો, પણ તેનો સાહિત્યપ્રેમ જરા યે ઓછો ન હતો. હિંદનાં રામાયણ, મહાભારત, કથાસરિત્‌સાગર, પંચતંત્ર, ઉપનિષદો વગેરે અનેક ગ્રંથો તેણે ફારસીમાં ઉતરાવ્યા અને મુઘલ ચિતારાઓ પાસે તેને રંગબેરંગી ચિત્રો અને હાંસિયા વચ્ચે સુંદર અક્ષરમરોડે લખાવ્યા. પુસ્તક બાંધનારા, સોનેરી કામ કરનારા, લહિયા અને ચિતારાઓનું મોટું દળ આ કાર્યમાં રોકાએલું રહેતું. અકબરના મૃત્યુ બાદ આવા ૨૪,૦૦૦ ગ્રંથો એ રીતે તૈયાર થઇ ગયા હતા. દર અઠવાડિયે શાહ પોતે ગ્રંથાલયમાં મુલાકાત આપતા અને લાયકની કદર કરતા. સિક્રીની ભીંતો ઉપર પણ મોટાં ચિત્રોમાં યુદ્ધપ્રસંગો, દરબારો અને શિકારોનાં આલેખનો તેણે કરાવ્યાં હતાં. જોકે તે આજે તો નાશ પામ્યાં છે.

પોતાના મહેલની નજીકમાં જ ચિતારાઓ, સોનીઓ ને શેત્રંજી તથા શસ્ત્રો બનાવનારાઓના વાસ તેણે કરાવ્યા હતા અને તેઓ કામ કરતા હોય તે નીરખવા ગમે ત્યારે શાહ પોતે નીકળી પડતો.

આદર્શ પ્રજાપાલક અને જાગ્રત શાસક તરીકે સફળ થવા તેમજ ખુશામત અને ચાડીચુગલીથી બચી સાચી વાત સમજવા, માત્ર વીસ વર્ષ નહોતાં થયાં ત્યારથી અકબરશાહ રાત્રે નગરચર્ચા જોવા નીકળી પડતો. યાત્રાઓમાં, સંઘોમાં અને બજારોમાં ફરીફરી પ્રજાનાં સુખ-દુઃખ અને અધિકારીઓનાં ગુણઅવગુણને તે સમજી લેતો. દરબારીઓને તો એમ જ લાગતું કે શાહને શિકાર અને યુદ્ધનો જ શોખ છે; જ્યારે બીજી તરફ તે ગૂઢ ચિંતક અને બીજા માણસો ધારે તે કરતાં રાજકાજમાં ઊંડી નજર કરનાર પુરુષોત્તમ બનતો જતો હતો. એકલપંડે દસ માણસનું કામ કરવાની શક્તિ તેનામાં હતી એમ તે સમયના ખ્રિસ્તી પાદરીઓએ લખ્યું છે.‘ચિત્રોમાં તે મજબૂત કાઠીવાળો, સ્નાયુબદ્ધ અને ધરખમ દેખાય છે; નહિ પાતળો કે નહિ ગદ્દડ. સ્વચ્છ આરોગ્યમય, ઘઉંવર્ણો, આંખો નાની પણ પોપચાં લાંબાં. અને તે પર સૂર્યનાં કિરણો પડે ત્યારે લહરીઓ પર અડકતાં બે બિંદુ જેવાં લાગે. મૂછો રાખે છે, પણ દાઢી નથી. અવાજ ભર્યો અને ગર્જન કરતો. હસે છે ત્યારે આખા ચહેરા પર તેનો ધમધમાટ દેખાય છે. હરવાફરવાનો ને અતિઝડપી ઘોડેસવારીનો બચપણથી જ શોખ હોવાને લીધે પગ જરા કમાનદાર રહે છે. જમણા ખભા તરફ માથું સહેજ ઢળેલું રહે છે. નાક અણીદાર પણ બાજ સરખું નહિ; નાનું, સીધું. નસકોરાં પહોળાં, પણ ધમણ માફક હલતાં. ડાબા નસકોરા આગળ એક તલ છે, જે દેખાવમાં આકર્ષણ વધારે છે. ગમે તેવા ટોળા વચ્ચે પણ તે રાજપુરુષ છે એમ ઓળખાઇ આવે. શક્તિથી તે ધમધમી રહે છે. મિજાજ કુદરતીરીતે જ તીખો અને ઉશ્કેરાટભર્યો, પણ તે બાબત તે પોતે સાવચેત છે. ગુસ્સે થાય ત્યારે આફત વરસાવે, પણ જલદી શાન્ત બનાવી શકાય. બધું જાણવાની પ્રબળ ઇચ્છાવાળો અને

નવીનવી કૃતિઓનો અજબ શોખીન છે. શરીરની ગતિ સાથે મન પણ હમેશાં કંઈ ને કંઇ કામમાં રોકાએલું રહે છે. વાંચનાર તેની પાસે વાંચે ત્યારે તેના કરતાં યે પોતે વધારે સમજી શકે છે. તેની સ્મૃતિ તો અથાગ છે. માત્ર ત્રણ જ કલાક તે ઊંઘ લે છે. ખોરાકમાં ફળો અને મેવાનો તેને ખૂબ શોખ છે. માંસ, દારૂ ને ડુંગળી પર તેને અભાવ છે.'

આ અદ્‌ભુત રાજપુરુષે પ્રજામાં જે વાતાવરણ સર્જ્યું તેમાં તેનું વિરલ વ્યક્તિત્વ હરેક પ્રસંગે વેગ આપી રહ્યું હતું. મથુરામાં એકવાર તેનો પડાવ હતો ત્યારે હજારો યાત્રિકો પાસેથી તીર્થવેરો લેવાતો જોઈ તેને લાગી આવ્યું કે પરવરદિગારની ભક્તિ કરવા આવનાર પાસેથી આ દંડ લેવો એ અધર્મ છે. ભલે તેમની રીત જુદી હોય, પણ તેમનાં અંતર તો એક જ શક્તિને નમી રહ્યાં છે. આથી એ જ ઘડીએ તેણે ફરમાન કાઢ્યું કે આખા રાજ્યમાં કોઈ ઠેકાણે તીર્થવેરો ન લેવાય. કરોડો રૂપિયાની રાજ્યની આમદાની જતી કરી કંઇક કલ્યાણ કર્યાનો પોરસ ભોગવતા શહેનશાહે આગ્રા તરફ પગપાળા કૂચ કરી. તેની અથાગ શરીરસ્ફૂર્તિનો એ એક પરચો હતો. સાથે ચાલનાર ટુકડીમાંથી માત્ર ત્રણ જ જણા લથડતા પગે તેની સાથે કદમ રાખી શક્યા ને છેવટે તો શાહ એકલા જ આગળ રહ્યા! અને એ પ્રમાણે તેના યુગના સમર્થ પુરુષોમાં તેનું ભેજું પણ હમેશાં આગેકદમ જ રહેતું.

બીજે વર્ષે તેથી યે ઉદાર ને જબરદસ્ત પગલું તેણે એ ભર્યું કે આજ સુધી મુસ્લિમ વિજેતાઓ પ્રત્યેક પુખ્ત હિંદુ દીઠ જે જજિયા વેરો લેતા તે માફ કરી દીધો. બાપદાદાના સૈકાઓ વખતના રિવાજ પર ને રાજ્યની આવક પર આમ મોટો કુહાડો મારનારનું અંતઃકરણ કેટલું સંકલ્પનિષ્ઠ ને સચેત હશે! જૂનવાણી સામે ટક્કર લેવાની કેટલી તેની તાકાત હશે! અને આ કામો તો તેણે માત્ર ૨૨ વર્ષની વયે કર્યાં.

શરીરશક્તિ તેમજ મનોબળમાં તેના સર્વ સાથીદારોથી તે આગળ રહેતો. વીસ વર્ષની ઉમરે માળવાના બાઝબહાદુરને પરાસ્ત કરી આગ્રા આવતાં શાહી રસાલાની આડે એક વાઘણ અને પાંચ બચ્ચાં જંગલમાંથી નીકળ્યાં. પોતાનાં માણસોને દૂર રહેવાનું કહી પોતે એકલા હાથે તેની સામે ગયો ને તલવારના એક જ ઝટકે કામ ખતમ કર્યું.

એ જ અરસામાં તેની ધાવ માતા બેગમ માહમ અંગાનો પુત્ર આદમખાં બહુ ઘાતકી ગણાતો હતો. તેને સુધારવાને અકબરે તેને માળવાની સુબાગીરી પરથી પાછો બોલાવ્યો હતો. આવતાં જ તેણે તેનાં લક્ષણ ઝળકાવ્યાં. ઇ. ૧૫૬૧ના મે માસની એક બપોરે યુવાન શાહ જનાનામાં નિદ્રા લેતો હતો અને બાજુના ખંડમાં તેનો માનીતો અમાત્ય શમ્સ-ઉદ્દીન બીજા અફસરો સાથે કંઈ વાતચિત કરતો હતો, એવામાં આદમખાન ત્યાં પોતાની ટુકડી સાથે, ખબર મોકલવાનો કશો વિનય કર્યા વગર, બરાડા પાડતો ગયો અને પોતાના બે સોબતીને શમ્સ-ઉદ્દીન પર ઘા કરવાની ઇશારત કરી. ઘા પડતાંપડતાં યે શમ્સ-ઉદ્દીન બહાર દોડ્યો, પણ છેલ્લા ઘાએ તે ઝબ્બે થઇ પછડાયો. આ અવાજેથી અકબરશાહ જાગી ઊઠ્યો. બારણા બહાર આદમખાં વધુ હીચકારું કૃત્ય કરવા ઊભો હતો, પણ બારણું અંદરથી સખત બંધ હતું. તુરત શાહને બધી વાતની ખબર પડી ગઈ અને બીજે રસ્તે બહાર નીકળ્યો. પોતાના માનીતા દીવાનનું લોહી નીતરતું શબ તેણે જોયું ને તરત અગાશીમાં આવ્યો. ત્યાં જાલિમનો ભેટો થયો. આદમખાંએ શાહની તલવાર ઝૂંટવી લેવા પ્રયત્ન કર્યો, પણ અકબરે એક જ મુક્કો તેના મોં પર માર્યો અને સીડીએથી નીચે હડસેલ્યો. પછી માણસોને હુકમ કર્યો કે એને પકડી લાવી મહેલની અગાશી પરથી નીચે ધકેલી દો. પણ કોઇની હિંમત ચાલી નહિ. પરંતુ ફરી અકબરશાહનો હુકમ થતાં, શ્વાસ ખાતા આદમને ઉઠાવી લાવી, તત્ક્ષણ નીચે ફેંકી દેવામાં આવ્યો ને તેની ખોપરીના ફુરચેફુરચા ઊડી ગયા.

શાહ તરત ઝનાનામાં ગયો, ત્યાં બેગમ માહમ સામી જ મળી. તે આ ગરબડ સાંભળી માંદીમાંદી પોતાના દીકરાના ખબર લેવા દોડી આવી હતી. અકબરે ટૂંકમાં જ કહ્યું કે તેણે મારા દીવાનનું ખૂન કર્યું તે બદલ મેં તેને સજા કરી છે. 'ઠીક કર્યું', એટલું જ ડોશી બોલી, પણ પછી તેણે ખરી વાત જાણી ત્યારે પૂછ્યું કે તેને કોણે માર્યો. ત્યારે શાહે એટલું જ કહ્યું કે 'હું કાંઈ ન જાણું. તેના મોં પર એક ગદાનો જખમ છે.' એ ગદા એટલે શાહી મુક્કો!

આવો તીખો ને પ્રતાપી પુરુષ તેની પોતાની સંતતિથી આખરના દિવસોમાં બહુ સંતાપ પામ્યો. સલીમે કેટલી યે વાર સ્વતંત્ર થવા પ્રયત્નો કર્યા, પણ પ્રબળ પિતાની શક્તિઓ તેને ઘેરી લેતી. છેવટે તેણે જ્યારે રાજા બીરસિંહને હાથે અબુલ ફઝલનું ખૂન કરાવ્યું ત્યારે અકબરને અકથ્ય દુઃખ થયું. શાહના મૃત્યુ પહેલાં જ, આમ, તેના ભારે કીમતી સલાહકારો અને સરદારો મૃત્યુ પામ્યા હતા તેનો પ્યારો દોસ્ત બીરબલ પણ કાશ્મીરની લડાઇમાં માર્યો ગયો. શાહના ધાર્મિક વિચારો સામે બંડ કરવાની વૃત્તિવાળાઓએ શાહજાદા સલીમને ટેકો આપ્યો હતો; પણ શાહની છેવટની ઘડીએ સલીમ ખૂબ પશ્ચાત્તાપપૂર્વક પિતાને શરણ ગયો. પુત્રવત્સલ પિતાએ પણ મૃત્યુને બિછાનેથી તેને આશીર્વાદ આપ્યા, અને સરદારોને નિશાની કરી પોતાની પાઘ અને તલવાર તેને બંધાવ્યાં.

ઇ. ૧૬૦૫ની ૨૭મી ઑક્ટોબરે આ મહાન આત્મા ખુદાતાલાને શરણે ગયો.

'મારાં બાળો સત્યનાં દૂધ ધાવે.
જૂના દ્વેષો ઓગળી થાય સ્વર્ણ,
એ સોનાના પાડશું પ્રેમસિક્કા.
ધર્માંધોની નાગફેણો મહીંથી
ખેંચી લેશું ઝેરની કોથળીઓ
ને પાડીશું બાંગ: 'અલ્લાહ એક.'

(ટેનીસનના 'અકબરના સ્વપ્ન' પરથી ઝવેરચંદ મેઘાણી કૃત કાવ્યાનુવાદ)

(સંકલિત) **ર. મ. શા.**

વધુ વિગતવાર માહિતી માટે વાંચવા ભલામણ: 'અકબરની યાદમાં' ઝવેરચંદ મેઘાણી કૃત (ફુલછાબ પ્રકાશન); Akbar by Laurence Binyon; Akbar- The Great Moghul; Akbar Namah; Ain-i-Akbari.


નવાં પુસ્તકો

રઢિયાળી રાત ભાગ-૪: સંપાદક-ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ, ૧-૮-૦; **ભારત-કથાઓ:** લેખક-હર્ષદ પટેલ; **પોયણી:** લેખક-હરિલાલ મો. પંડ્યા; બંનેના પ્રકાશક-બાલવિનોદ કાર્યાલય, મલાડ; કીંમત અનુક્રમે છ અને ત્રણ આના; **ગુલકંદ:** લેખક-ડૉ. મોહનલાલ જ. પાઠક, પ્રકાશક બાલશક્તિ કાર્યાલય, મોડાસા (એ. પી. રેલવે), ૦-૫-૦; **સ્વ. કુમારશ્રી મોતીસિંહજી:** મહીડા સ્મારક ગ્રંથ: સંયોજક-તારાચંદ્ર પોપટલાલ અડાલજા, પ્રકાશક-મહીડા કુમારશ્રી નરેન્દ્રસિંહજી, મહીડા નિવાસ, માંડવા-ચાણોદ, ૩-૦-૦; **કમલિની** (નાટિકા): લેખિકા-'કૃષ્ણકમળ', દેવકરણ નાનજી પ્રિન્ટિંગ ઍન્ડ પબ્લિશિંગ કં. લિ. મુંબાઈ-૧, ૧-૦-૦; **શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇ અભિનંદન-ગ્રંથ:** સંપાદક અને પ્રકાશક-શ્રી ર. વ. દેસાઇ સ. સ. સમિતિ, સોલ એજન્ટ્સ-આર. આર. શેઠની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, ૨-૮-૦; **શ્રી સોમનાથ શતક** (કાવ્ય): લેખક તથા પ્રકાશક-ભાઇશંકર કુબેરજી શુકલ, બક્ષી શેરી, મોરબી, ૦-૪-૦.

રામલીલાનું છાયાનૃત્ય

મોટા પંડિતથી માંડી અજ્ઞ ગ્રામજન સુધીના લોકસમુદાયને ઉચ્ચ નૃત્યકલા દ્વારા ભારતીય સંસ્કૃતિનો પરિચય-સંદેશ આપતું

ઉદયશંકર - કલાકેન્દ્રનું નવું આયોજન



સફેદ પડદા પર છાયાચિત્ર કેવું દેખાય છે તેનો ખ્યાલ આપતું દૃશ્ય. રાવણ-જટાયુ યુદ્ધનો એક પ્રસંગ

★ **શ્રી** ઉદયશંકરે યોજેલા આ નવીન નૃત્યપ્રયોગ દ્વારા તેમણે, લોકસમુદાય સમક્ષ નૃત્યકલા કેવી રીતે રજૂ કરી શકાય તેમજ ભારતીય સંસ્કૃતિનો સમુદ્ધાર કરવામાં નૃત્ય કેટલું કરી શકે છે તેનો સચોટ ખ્યાલ આપ્યો છે. એકીસાથે હજારો માણસો રાત્રે ખુલ્લા મેદાનમાં બેસી, મોટા સફેદ પડદા ઉપર, કથા સંગીત અને નૃત્ય સાથે રામકથાનાં પાત્રોને વિવિધ અભિનયો, આલાપો, રાક્ષસી યુદ્ધો વગેરે દ્વારા પ્રત્યક્ષ રામાયણનો અનુભવ કરે છે, અને પંડિતથી માંડી અજ્ઞ ગ્રામજન સુધીના સૌ તેમાં એકસરખો રસ લઇ શકે છે.

આ ભવ્ય પ્રયોગો શ્રી ઉદયશંકર બીજાં સ્થળોએ રજૂ કરી શકે તે પૂર્વે તેના વિષે કાંઇક માહિતી આપવા ભાઈ વ્રજલાલ ત્રિવેદીને મેં લખેલું તે ભાઇ છેલ્લા આઠ માસથી એ કલાકેન્દ્રના વિદ્યાર્થી બન્યા છે, એટલે તેમણે લખેલો આ સાથેનો પત્ર એ પ્રયોગનો ઘણોખરો આભાસ આપી શકશે. સાથેના ફોટોગ્રાફો માટે શ્રી ઉદયશંકર કલાકેન્દ્રના સૌજન્યનો સાભાર સ્વીકાર કરીએ છીએ. —તંત્રી

થોડા મહિના પહેલાં આપે મને અહીં થતી રામલીલાની માહિતી આપવા લખ્યુંહતું. ત્યારે એ રજાઓ પૂરી થયા બાદ કેન્દ્ર ખૂલતાં જ દાદાએ (શ્રી ઉદયશંકરે) રામલીલાનું કાર્ય હાથમાં લીધું એક દિવસ રામલીલા અને દુર્ગાપૂજાના ઉત્સવ માટે વિચાર કરવા ખાસ સભા બોલાવી, જેમાં ગયા વર્ષે રામલીલાનાં પાત્રો ભજવવા માટે જે જે ચૂંટાયા હતા તેને બદલે આ વખતે નવા જ નીમવામાં આવ્યા દર વર્ષે અહીં રામલીલાની સાથેસાથે દુર્ગાપૂજાનો મોટો ઉત્સવ પણ યોજાય છે. એ વખતે એક દિવસ રામલીલા તથા પૂજા નિમિત્તે બેએક દિવસ નૃત્યના કાર્યક્રમો રાખવામાં આવે છે.

આજે લગભગ એક મહિના અગાઉથી રામલીલા માટેની તાલીમ શરૂ થઇ ચૂકી છે. તેને અંગે માત્ર સવારના જનરલ ક્લાસ સિવાયના બધા વર્ગો બંધ કરવામાં આવ્યા છે. સવારના દસથી બપોરના એક વાગ્યા સુધી અને સાંજે સાડા સાતથી રાતના અગિયાર વાગ્યા સુધી સખત રીહર્સલ ચાલુ રહે છે. એ દરમ્યાન વચમાં માત્ર પાંચથી છ સુધી એક ઇન્ડિયન ક્લબ એકસર્સાઇઝનો વર્ગ ચાલુ રહે છે.


રામલીલામાં રામાયણમાંથી છુટાછુટા મુખ્ય પ્રસંગો એવી રીતે તારવીને ભજવી બતાવવામાં આવે છે કે તે સારા યે રામાયણનો ખ્યાલ આપી ચૂકે છે. દર વર્ષે એકબે એકબે પ્રસંગો ધીમે ધીમે વધારાતા રહે છે; નહિતર પહેલેથી તે રામાયણના અંત સુધીના બધા પ્રસંગો એકીસાથે કરવા બહુ મુશ્કેલ પડે.

રીહર્સલ શરૂ થતાં પહેલાં શરૂઆતમાં તો એકાદ મહિનાથી, સવારે જનરલ ક્લાસ વખતે દાદા આખા વર્ગને રામલીલાને લગતા નૃત્યનાં જુદાંજુદાં સ્ટેપ (કદમ)ની અને પોઝિઝ (અભિનય)ની તાલીમ આપે છે. લગભગ એકાદ મહિનો આ રીતે તૈયારી કર્યા પછી ખાસ રીહર્સલ શરૂ થાય છે. ને એ વખતે ઉપરનાં તૈયાર થએલાં સ્ટેપ અને પોઝિઝનો, ચૂંટી કાઢેલા પ્રસંગોમાં ઉપયોગ કરવામાં આવે છે. બધાં મુખ્ય પાત્રોનાં સ્ટેપ અને પોઝ અલગ હોવાથી દરેકની પાછળ દાદાને સારો સમય આપવો પડે છે. દરેક પાત્રે પોતાનાં સ્ટેપ અને અભિનય તૈયાર કર્યા બાદ, સંગીત નિમાયક શ્રી શિરાલીજી, પાત્રોનાં કદમ અને અભિનયને લગતું સંગીતસર્જન કરે છે. રોજની તાલીમ વખતે કેન્દ્રના સર્વ સંગીતકાર પોતપોતાની જગ્યાએ વાદ્યો સાથે હાજર જ હોય છે. પ્રસંગોમાં ઉપસ્થિત થતું વાતાવરણ સર્જવા કેટલાં યે પ્રકારનાં વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે, અને એને માટે એક એક સંગીતકાર ત્રણ ત્રણ વાદ્યોનો અવાજ એક સામટો કરી શકે છે. વાદ્યોની ગોઠવણી અને સંગીતકારની બેઠકો એવી રીતે ગોઠવાએલી હોય છે કે વાદ્યો વગાડનાર સહેલાઇથી બેત્રણ વાદ્યોનો ઉપયોગ એકીસાથે કરી શકે. દિવસની તાલીમ રોજ બપોરે પડદા વગરની લેવામાં આવે છે. એ વખતે માત્ર પાત્રોનાં સ્ટેપ (કદમ) અને પોઝ (અદા) સુધારવામાં આવે છે. પ્રસંગની વસ્તુયોજના પણ એ જ વખતે ગોઠવે છે. રાતની તાલીમ વખતે રીતસર પૂર્ણ પ્રકાશયોજના, સંગીત તથા વાદ્યો સહિત પડદા ઉપર છાયાનૃત્ય ઉતારવાનો મહાવરો આપવામાં આવે છે. પાત્રો છાયાનૃત્યમાં રામલીલા ભજવતાં હોય છે તે વખતે સાથેસાથે શિરાલીજી રામાયણની ચોપાઈ ગાય છે, અને આખી યે રામલીલા પૂરી થાય ત્યાં સુધી આમ દરેક



વાલી અને સુગ્રીવના યુદ્ધમાં પડદા પાછળ ભજવાતો અભિનય





(૧) રાવણ, શૂર્પણખા, વિભીષણ, દૈત્યો આદિ પાત્રોનાં વેશપરિધાન (૨) ગિરિશૃંગો વચ્ચેના મેદાન પર રામલીલાનો રંગમંચ

પ્રસંગની ચોપાઇઓ છાયાનૃત્યની સાથોસાથ ગવાયા જ કરે છે. આથી આખાયે પ્રસંગમાં ભવ્ય વાતાવરણ ઉપસ્થિત થાય છે.

હિંદના ઘણાખરા પ્રાંતોમાં થતી રામલીલા કરતાં અહીંની આ રામલીલામાં સંસ્કાર અને કાવ્યભર્યું વાતાવરણ આવવાને લીધે કંઈક જુદો અને નવીન ખ્યાલ આપે છે. હિંદની આજ સુધીની રામલીલાઓમાં આવી નવીનતા રજૂ કરવામાં દાદા જરૂર સફળ થયા છે.

રામલીલા ભજવવા માટેનો રંગમંચ એક ટેકરીની સપાટી ઉપર બાંધવામાં આવ્યો છે. વિશાળ કદને લીધે તે ભવ્ય લાગે છે તેનું દર્શન (આગળનો ભાગ) ૫૫ ફૂટ, અંદરનું અંતર ૪૦ ફૂટ અને ઊંચાઈ ૪૫ ફૂટ રાખવામાં આવી છે જે પડદા ઉપર પ્રેક્ષકો માટે છાયા-નાટ્ય દરમાન થાય છે તે 'દર્શન–પટાંતર' ૪૫×૩૫ ફૂટનો, સાધારણ લંબચોરસ સફેદ કપડાં સાંધીને તૈયાર કરવામાં આવ્યો છે. એ સફેદ પડદા પાછળ ૪૦ ફૂટને અંતરે વિશાળ મંચ ઉપર પાત્રો અભિનય-નૃત્ય શરૂ કરે છે. રાક્ષસો અથવા વાનરોને નાના અથવા મોટા બતાવવા માટે તથા ઘણીખરી સીનેરી અને સેટિંગ્સની ભવ્યતા બતાવવા માટે રંગમંચની અંદર પડદા પાછળ ૪૦૦થી ૫૦૦ કૅન્ડલ પાવરના ગોળાઓવાળી ઇલેક્ટ્રિક લાઇટો રાખી તેનું અનેકવિધ યુક્તિઓથી હલનચલન કરવામાં આવે છે. હલનચલનની આ કરામતથી સૈનિકોના યુદ્ધના પ્રસંગો ઘણા કરાળ ને ભવ્ય બને છે. એને અંગેની દૃશ્યરચના અને સ્થળદર્શન નાના પ્રમાણમાં લાકડાં તથા પાટિયાં અને કપડાંનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવે છે. હથિયારોની અને વેષભૂષાની વિવિધતા પુરાણાં શિલ્પ ઉપરથી સ્કેચો કરીને તૈયાર કરાવવામાં આવ્યા છે. તલવાર, ભાલાં, બરછી ધનુષ્ય-બાણ વગેરે અનેક હથિયારોનાં ડિઝાઇનો આપી મિસ્ત્રી પાસે તૈયાર કરાવી લીધાં છે. પોષાકોમાં મુકુટો, ડિઝાઇનો પ્રમાણે પૂઠાઓના, તથા અંગે ધારણ કરવાનાં પરિધાનો પણ ખરાં નૃત્ય વખતે જેમ પહેરાય છે તેવી જ રીતે પૂર્ણ રૂપમાં તૈયાર કરી ઉપયોગ કરાય છે. છાયાનાટ્ય સાથે પૃષ્ઠભાગમાં ચાલતું સંગીત સુંદર વાતાવરણ સર્જે છે. વાનરોના કુદરતી નીકળતા અવાજો, રાક્ષસોના ભીષણ કંઠોમાંથી નીકળતી ગભરાવી નાખનારી પ્રચંડ ગર્જનાઓએ બધુંમંચની પાછળ બેઠેલાસંગીતકારોનાંઅનેકવિધવાદ્યોવડેઉપજાવેછે.

રામ સરયૂ નદી પાર કરે છે એ દૃશ્યથી નાટ્યપ્રવેશ કરી છાયામાં લાઇટોના હલનચલનથી નદી અને વહાણની ગતિ બતાવાય છે. તે પછી પંચવટીના નિવાસ દરમ્યાન સીતાજી મૃગની પાછળ રામને મોકલે છે. એ પ્રસંગમાં છાયાપર ઉપર રામ મૃગની પાછળ દૂરદૂર અદૃશ્ય થતા દેખાય છે. પાછળથી લક્ષ્મણને પણ રામની પાછળ જવા સીતાજી આજ્ઞા કરે છે. તાલ, લય, સંગીત અને રામાયણની ચોપાઈઓના ગાન સહિત દરેક પાત્ર કુશળતાભરી નૃત્યની અદાથી છાયા-અભિનય કરે છે.

લક્ષ્મણના રામની પાછળ જવા બાદ રાવણ ભિક્ષુક બ્રાહ્મણના સ્વાંગમાં સીતા પાસે ભિક્ષા માગવા આવે છે એ દૃશ્યમાં પણ કરામત કરવી પડે છે સ્ક્રીન ઉપર એક ઝાડના થડ પાછળથી ભિક્ષુક પ્રથમ દેખાય છે. આજુબાજુ કુતૂહલથી નજર નાખી તે સીતાને આંગણામાંથી બહાર આવી ભિક્ષા આપવા કહે છે. જેવાં સીતા બહાર પગ મૂકે છે કે તરતજ, ભિક્ષુકની છાયામાંથી કરાલ રાવણરૂપ પ્રગટ થઈ, સીતાજીનું હરણ કરી જાય છે.

રસ્તામાં થતા જટાયુ સાથેના રાવણના યુદ્ધમાં જટાયુની પાંખોના ઊડવાનો ફફડાટ તથા વીરત્વભરીરીતે રાવણ પર હલ્લો કરવાની તેની શૈલી એક બહાદુર ઊડતા પક્ષીનો અજબ ચિતાર રજૂ કરે છે. રાવણના શસ્ત્રના ઘાથી કપાતી જટાયુની પાંખો બીલકુલ કુદરતી જ લાગે છે. જટાયુના દેહ ઉપર લટકતી એ પાંખોનો તરફડાટ એ પાત્રની કુશળતા ઉપર આધાર રાખે છે. 'ધ ટ્રૅજેડી ઑફ ધ ક્રેઈન ડાન્સ'ના સંયોજક શ્રી શર્માએ જ આ જટાયુનો પાઠ તૈયાર કર્યો છે. નૃત્યમાં પક્ષીઓનાં પાત્ર ઘણા કૌશલ અને સફળતાથી તેઓ ભજવી શકે છે. પક્ષીઓની હીલચાલ અને મરોડનો અભ્યાસ તેઓ નવરાશના વખતમાં કર્યા જ કરે છે. એ ઉપરાંત તેઓ લોકનૃત્યમાં પણ પ્રવીણ છે. અહીં દાદાના માનીતા વિદ્યાર્થીઓમાંના તેઓ એક છે.

જટાયુને આશીર્વાદ આપતાં સીતા આભૂષણ વેરતાં રાવણ પાછળ ચાલ્યાં જાય છે. તે પછી રામ અને લક્ષ્મણ સાથે સુગ્રીવ હનુમાન વગેરેનો મેળાપ, સુગ્રીવે રસ્તામાંથી મેળવેલાં આભૂષણો રામને બતાવવાં, વાનરો સાથે મૈત્રી, વડીલ બંધુ વાલી સાથે સુગ્રીવનું ગદાયુદ્ધ અને આખરે રામબાણથી વાલીનો વધ આવે છે. આ છેલ્લો પ્રસંગ પણ ઘણોજ અસરકારક તૈયાર કર્યો છે. વાલી–સુગ્રીવના ગદાયુદ્ધના પ્રસંગમાં તેમના દેહની વિશાળતા અને યુદ્ધની વિકરાળતા, પડદા ઉપર ધાર્યા પ્રમાણમાં કદ ઉપજાવીને લાવી શકાય છે. વાનરોના હર્ષનાદની ચીચિયારીઓ પણ સાથેસાથે ઘણી અસર કરે છે. વાનર મિત્રોને આશીર્વાદ આપી સૈન્યસહિત રામ લંકાગમન કરે છે.

સમુદ્રકિનારે નલ-નીલના હસ્તે થતું સેતુબંધન અને હનુમાનનું સમુદ્ર–ઉલ્લંઘન પણ ઘણું અસરકારક દેખાય છે. હનુમાનનું પાત્ર પ્રભાતકુમાર કરીને બંગાળી જુવાને તૈયાર કર્યું છે. (જેમણે તાજેતરમાં સિમ્કી સાથે લગ્ન કર્યું તે.) સ્ક્રીન પાછળથી હનુમાનના પાત્ર તરીકે જ્યારે તેઓ છલંગ મારે છે (અનુ૦ આગળ પાન ૩૩૫મે)

વરસોવરસ લાખો હિંદીઓનો ભોગ લેતો આજનો ઘરઘરનો રોગ



મૅલેરિયાનો મચ્છર

મૅલેરિયા

દર વર્ષે હિંદમાં રોગોને જિંદગીઓનો મોટો કર ભરવો પડે છે. આમાં મૅલેરિયાની હરીફાઈ કરી શકે એવો બીજો એકે રોગ નથી. એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે મૅલેરિયા દર વર્ષે લગભગ ૧૦ લાખ જિંદગીનો ભોગ લે છે; અને એનાથી પીડાતા રોગીઓની સંખ્યા ૧૦ કરોડ ઉપરની જવા જાય છે! એના નિવારણ માટે હિંદને માથે ૪૦ કરોડ રૂપિયાનો વાર્ષિક બોજો લદાયેલો જ છે. આથી કરીને આ રોગની સામે શી રીતે ચાંપતાં પગલાં ભરી શકાય એ હિંદના બુદ્ધિમાન વર્ગ સામે મોટો પ્રશ્ન છે. ખરી રીતે તો કોઈપણ માણસથી એ તરફ આંખમિંચામણાં કરીને બેસી રહેવાય એવું નથી; કારણકે મૅલેરિયાનો ભોગ બનેલાં કરોડો માણસો દિવસોદિવસ ફિક્કાં અને ક્ષીણ બનતાં જાય છે, અને એના જ પરિણામ રૂપે હિંદવાસીઓનાં જીવન જિંદગી તરફની અભિરુચિ વગરનાં થતાં જાય છે. આથી મૅલેરિયા વિષે વધારે નહિ તો પણ પ્રાથમિક જ્ઞાન હોવું અને એને શી રીતે દૂર કરી શકાય એ જાણવું એ આપણામાંના દરેકને માટે અતિશય જરૂરી છે. એ જાણ્યા પછી જનતાના આ મોટા દુશ્મનનો નાશ કરવામાં આપણે શો ફાળો આપી શકીએ એ જોવાની આપણી કુદરતી ફરજ બની રહે છે.

ભિનાશવાળી આબોહવામાં મૅલેરિયા વધુ અનુકુળતાથી પ્રસરે છે એ જ્ઞાન તો સૈકાઓ જૂનું છે. શબ્દપૃથક્કરણની મદદ લઇએ તો જણાય છે કે 'ખરાબ હવા' (bad air)ને ઈટાલિયન ભાષામાં 'મૅલ એરિયા' (mal aria) કહેવામાં આવે છે. ઈ. ૧૮૯૦ની સાલ પહેલાં ઘણાઓએ મૅલેરિયા દૂર કરવા પ્રયત્નો કર્યા હતા. એ વખતે એ પણ જાણમાં હતું કે એ રોગનું કારણ લોહીનાં રક્તવર્ણી અણુઓ (corpuscies)માં રહેતા પૅરેસાઈટ્સ છે. પૅરેસાઈટ–parasite એટલે બીજાના ઉપર આધાર રાખી આળસુ જીવન જીવનારા જંતુઓ. પણ રોગને એક જગાએથી બીજી જગાએ ફેલાવવામાં મચ્છરો શો ભાગ ભજવે છે તે હજુ સમજાયું નહોતું. ઈ. ૧૮૯૨માં મિ. (પાછળથી સર) રૉનાલ્ડ રૉસ ઈન્ડિયન મેડિકલ સર્વિસમાં હતા તેમણે આ દિશામાં શોધખોળ ચાલુ કરી અને કેટલા યે પ્રયત્નોને અંતે તેમણે બે પ્રશ્નોના ઉત્તર મેળવ્યા: કઈ જાતના મચ્છર આ ઉપદ્રવ ફેલાવે છે તે અને પૅરેસાઈટ્સની મચ્છરના શરીરમાંની સ્થિતિ. સિકંદરાબાદમાં સન ૧૮૯૭ના ઑગસ્ટની ૨૦મીએ રૉસે શોધી કાઢ્યું કે આ મચ્છરો ઍનોફીલ્સ (anopheles) જાતના છે અને તેના ગૅસ્ટ્રિક બૉલની અંદર કે ઉપર પૅરેસાઇટ્સ રહે છે. આ ઉપરથી મૅલેરિયાનો રોગ શી રીતે વિકાસ પામે છે એનો એમણે સૂક્ષ્મ અભ્યાસ આદર્યો. પરિણામે આજે આપણે જાણીએ છીએ કે રોગનું કારણ થોડો વખત માણસના શરીરમાં અને થોડો વખત મચ્છરના શરીરમાં રસપૂર્ણ જિંદગી જીવતા પૅરેસાઈટ્સ છે (વૈજ્ઞાનિકના જીવનની બીજી બાજુ બતાવતાં અહીં ઉમેરી શકાય કે આ જ મિ. રૉનાલ્ડ રૅસ જર્મન મહાકવિ ગેટે અને અંગ્રેજ કવિ કીટ્સની માફક વૈજ્ઞાનિક ઉપરાંત સુપ્રસિદ્ધ કવિ પણ હતા. સન ૧૯૨૫માં તેમને અંગ્રેજ કવિઓની સમિતિના પ્રમુખ નીમવામાં આવ્યા હતા.) એ જણાવવું જરૂરી છે કે રોગના ફેલાવામાં માત્ર મચ્છરીઓ જ (નાના મચ્છર નહિ, પરંતુ મચ્છરની માદાઓ) ભાગ લે છે; નર મચ્છર કદી લોહી ચૂસતા નથી.

હવે આપણે પૅરેસાઈટ્સની જીવનકહાણી તરફ નજર નાખીએ. માદા મચ્છર માણસને કરડે છે ત્યારે પોતાની લાળ (saliva)નું ટીપું શરીરમાં દાખલ કરે છે. આ લાળની અંદર પૅરેસાઇટ્સ રહેલા હોય છે. આ પૅરેસાઈટ્સ આપણા લોહીમાંના લાલ કોષો (red cells) ઉપર હુમલો કરે છે, એમાંથી જ ખોરાક મેળવીને ધીમેધીમે મોટા થતા જાય છે અને છેવટે લગભગ કોષના જેટલા જ મોટા થઈ કોષમાંની જગ્યા પૂરી નાખે છે. ત્યાર પછી તેનું વિભાગીકરણ શરૂ થાય છે અને એકમાંથી જ ૧૦થી ૧૫ નાના પૅરેસાઇટ્સ પેદા થાય છે. હવે ખાલી બનેલો રક્તવર્ણી કોષ ફાટે છે અને એમાંથી નાના પૅરેસાઈટસ બહાર પડે છે. એમ જણાયું છે કે મૅલેરિયાના આ પૅરેસાઈટ્સને જાતિ (Sex) હોતી નથી. આ બચ્ચાંઓ બીજા રાતા કોષો પર હુમલો કરે છે, એમાંથી ખોરાક મેળવે છે ને એ પ્રમાણે સંખ્યા વધે છે. જ્યારે લાલ કોષ ફાટે છે ત્યારે લોહીમાં એ રોગનું ઝેર ભળવાથી દરદીને તાવ આવે છે. પૅરેસાઇટ્સ અને નાશ પામેલા કોષો ઘણીવાર હૃદય, મગજ, ફેફસાં વગેરેની નસોમાંના લોહીના વહનમાં અંતરાય રૂપ બને છે અને એ ઉપરથી બીજાં દરદો ઊભાં થાય છે. જો કોષોનો નાશ વધારે પ્રમાણમાં થાય તો લોહીનું પાણી બનવાનો રોગ (ઍનીમિયા–anemia) થઈ જાય છે.

શરીરને ઠીકઠીક નુકસાન કર્યા પછી થોડે સમયે મોટા થએલા પૅરેસાઈટ્સ જાતિ ધારણ કરે છે. કેટલાક પુરુષત્વ પામે છે ને કેટલાક સ્ત્રીત્વ. આ પછી એમાંના ઘણાખરા નાશ પામે છે; પણ સંજોગવશાત્ એ માણસના લોહીમાંથી એમાંના એકાદ બે પૅરેસાઈટને જો કોઈ બીજા મચ્છરે ચૂસી લીધા, તો તે એક વાર ફરીથી મચ્છરના જઠરમાં પોતાનું કાર્ય શરૂ કરી દે છે. માદાના શરીરમાં થોડો ફેરફાર થાય છે અને એ ઇંડાં મૂકવાની તૈયારી કરે છે. લગભગ એક અઠવાડિયામાં તો દાતરડાના આકારના સેંકડો નાના જંતુઓ ઉત્પન્ન થાય છે. આ જંતુઓ મચ્છરના લોહીમાંથી લાળની કોથળી (salivary gland)માં જાય છે અને બીજા કોઇ કમનસીબ માણસના લોહીમાં મચ્છરના ઈન્જેક્શન મારફત દાખલ થવાની રાહ જુએ છે. આ ક્રિયા ચક્રાકારે ચાલ્યા જ કરે છે અને પરિણામે માણસ બીમારી કે મૃત્યુનો ભોગ થઈ પડે છે. પણ માણસને સારે નસીબે, મચ્છરની જે ૧૭૦૦ જાતો છે તેમાંથી માત્ર ૧૭૦ જ ઍનોફીલ્સ જાતની છે, ને એમાંથી પણ માત્ર ૧૦ ટકા જ વધારે ભયજનક છે. અમુક લત્તામાં માત્ર એક કે બે જાતના મચ્છરો જ હોય છે.

મૅલેરિયાના ઝેરવાળું લોહી જો કોઇ બીજો લોહી ચૂસનારો જંતુ ચૂસે છે તો પૅરેસાઈટ્સનો એકદમ નાશ થાય છે. મૅલેરિયાના પૅરેસાઇટ્સમાં ત્રણ જુદીજુદી જાતો છે. એક જાતને રાતા કોષોમાં મોટા થવા માટે બે દિવસ લાગે છે, બીજીને ત્રણ દિવસ લાગે છે. આથી

પહેલી જાતમાં દર બીજે દિવસે તાવ આવે છે અને એ મૅલેરિયાને એકાંતરીઓ તાવ Tertian Malaria કહેવામાં આવે છે, બીજી જાતનો તાવ દર ત્રીજે દિવસે આવે છે; આ તાવને તરીઓ તાવ Quartan Malaria કહે છે. ત્રીજી જાત અનિયમિત રીતે વધે છે—કોઈ જલદી તો કોઈ ધીમે. એથી રોજ કે અનિયમિત પણે તાવ આવે છે.

મૅલેરિયા દૂર કરવાના બે ઉપાય છે: સ્વચ્છતા વધારીને મચ્છરના જંતુનો નાશ; અને માણસના શરીરમાંથી પૅરેસાઇટનો નાશ. જ્યાં મચ્છરના જંતુને અનુકૂળ જગ્યા મળે ત્યાં એ વધે એ તો દેખીતું છે. જંગલ અને ભિનાશવાળી જગ્યાનો આમાં સમાવેશ થાય છે. આવી જગ્યામાં મૅલેરિયાના નાશ માટે પગલાં લેવાવાં જોઇએ અને એ જગ્યાની એક માઇલની હદમાં મચ્છરના જંતુ ઉત્પન્ન ન થાય એની કાળજી લેવાવી જોઇએ. મૅલેરિયાના કારણ રૂપ કેટલીક વસ્તુઓ તો માણસે પોતે ઊભી કરેલી છે; જેમકે ખેતીને માટેની નહેરો, ચોખા અને શેરડી જેવા પાણીમાં થતા પાક, પાણીના કુદરતી વહનને અટકાવતી રેલવેઓ, પાણીનો નિકાલ કરનારી ખામીવાળી ગટરો, ખાબોચિયાં, કૂવાઓ વગેરે. આવી જગ્યાઓમાં જંતુનાશક દવાઓ અવારનવાર નંખાવી જોઇએ, ગટરો અને પાણીના નિકાસમાર્ગોમાંની ખામીઓ દૂર કરવી જોઇએ, ખાબોચિયાં પુરાવી નાખવાં જોઇએ અને કૂવાઓ બંધ થવા જોઈએ, અથવા સાફ રહેવા જોઇએ.

લોહીમાંના પૅરેસાઈટનો નાશ કરવા માટે તો દવાની જ જરૂર પડે. હાલ બજારમાં મૅલેરિયા માટે 'અકસીર' ઘણી દવાઓ મળી શકે છે. પણ કિવનીન જેવી સોંઘી અને સહેલી બીજી એકે દવા નથી. એમ કહેવાય છે કે ઈ. ૧૬૩૯માં કાઉન્ટેસ દ–એલ–સિંકોનેએ યુરોપમાં સિંકોના ઝાડની છાલ દાખલ કરી. આ બાઇનો ધણી પેરૂમાં વાઇસરૉય હતો. તેના કોઇ મૂળ રહેવાસીએ આપેલી સિંકોનાની છાલથી કાઉન્ટેસ સાજી થએલી. ઈ. ૧૮૨૦માં પૅલેટીઅર અને કૅવેન્ટને સિંકોનાની છાલમાંથી કિવનીન છૂટું પાડયું. ધીરેધીરે તેનો ઉપયોગ વધ્યો ને યુરોપના જુદાજુદા દેશોમાં સિંકોનાનું વાવેતર થવા લાગ્યું. જાવામાં ૧૮૫૨માં ડચ લોકોએ એનું સફળ વાવેતર કર્યું. ૧૮૬૦ લગભગ હિંદમાં નીલગિરિમાં, રાંધીની ખીણમાં મંગપૂ આગળ અને બ્રહ્મદેશમાં કરેન હિલ્સમાં સિંકોનાનાં ઝાડ વાવવામાં આવ્યાં.

સિંકોના વૃક્ષમાં પણ જુદીજુદી જાતો હોય છે અને તેમાંથી કિવનીન અને બીજાં દ્રવ્યો જુદાજુદા પ્રમાણમાં નીકળે છે. સંયોગીકરણ(synthesis)થી બનતી દવાઓમાં મૅલેરિયા માટે પ્લાસ્મોચિન (plasmochin) અને ઍટેબ્રિન (atebrin) વધુ જાણીતી છે. ગયા વિશ્વયુદ્ધ વખતે કિવનની તાણ પડવાથી તેની જગ્યાએ વાપરી શકાય એવી સીન્થેટિક દવા શોધી કાઢવા માટે એબરફેલ્ડની બેયરમીસ્ટર-લ્યુકીઅસ રીસર્ચ લૅબૉરેટરીમાં પ્રયોગો કરવામાં આવ્યા, અને એને પરિણામે આપણને પ્લાસ્મોચિન મળ્યું. ત્યાર પછી ઍટેબ્રિનની શોધ થઈ. આ બન્ને દવાઓ ઘણી શીઘ્ર પરિણામી છે, પણ ભાવમાં મોંઘી છે, અને માદક હોવાથી વાપરવામાં કુશળ તબીબી સલાહની જરૂર પડે છે. ઍટેબ્રિન લીવરને નુકસાન કરે છે ને અતિસેવનથી શરીર પીળું પડી જાય છે. જોકે બીજી પણ કેટલીક દવાઓ છે, પણ તેનું કંઈ ખાસ મહત્ત્વ નથી. મોંઘી હોવાથી, તબીબી દેખરેખની જરૂર પડવાથી ને હિંદમાં મોટા પાયા પર ઉત્પાદન કરવાનું વિકટ હોવાથી પ્લાસ્મોચિન ને ઍટેબ્રિનનો બહોળો ઉપયોગ હિંદમાં શક્ય નથી. આથી દેશની જરૂરિયાત પ્રમાણે કિવનીન બિનહરીફ છે ને છૂટથી વાપરી શકાય એમ છે. કિવનીનની બાબત સમજવામાં શ્રી કે. વી. ક્રીશ્નને તૈયાર કરેલો નીચેનો કોઠો માર્ગદર્શક થઇ પડશે:

મૅલેરિયાના રોગી	૧૦થી ૨૦ કરોડ
કિવનીનની ઓછામાં ઓછી જરૂરિયાત	૬થી ૧૨½ લાખ રતલ
હમણાં વપરાશ	૨,૧૦,૦૦૦ રતલ
આયાત થતું કિવનીન	૧,૪૦,૦૦૦ રતલ
હિંદમાં બનતું કિવનીન	૭૦,૦૦૦ રતલ
સીંકોના વાવવા હિંદમાં મળી શકે એવી જમીન	૩૮,૦૦૦ એકર
તેમાંથી શક્ય ઉત્પાદન	૬૮½ લાખ રતલ

આપણા દેશમાં ૯ રૂપિયે રતલ લેખે કિવનીન સલ્ફેટ બનાવી શકાય એમ છે, અને છતાં તે આપણને ૧૮ રૂપિયે મળે છે! હિંદની સરકાર ખાસ કરીને બ્રિટિશ-ડચ કંપનીના વાવેતરને મદદ કરવા ખાતર જ આ નીતિને વળગી રહી છે. સરકારે કિવનીનની નીતિમાં ફેરફાર કરવાની જરૂર છે.' (અને આજે લડાઇને લીધે તો તેનો ભાવ લગભગ ૩૫૦ રૂપિયે રતલ થવા ગયો છે.)

સિંકોનાના વાવેતરને પૂર્ણ રીતે વિકાસ પામતાં ૭ થી ૮ વર્ષ લાગે છે. જો હિંદી જનતાને કિવનીન પહોંચાડવું જ હોય, તો તેની ખેતીની શરૂઆત ઢીલ મૂકયા વિના એકદમ થવી જોઈએ, કારણ કે ત્રણે ફાયદા—સોંઘું, સુગમતાવાળું અને અસરકારક—એકીસાથે ધરાવતી બીજી એકે સિન્થેટિક દવા નથી અને નજીકના ભવિષ્યમાં મળી શકે એવું કંઈ કારણ પણ નથી. વળી સિંકોનામાંથી કિવનીન ઉપરાંત બીજા કેટલાક altaloids મળે છે, જેમની અંદર મૅલેરિયા દૂર કરવાની આછી શક્તિ હોય છે. આથી જો દરેક ચીજનો ઉપયોગ કરવામાં આવે તો વળી વધારે સસ્તી કિંમતે કિવનીન મેળવી શકાય.

મૅલેરિયા, કૉલેરા, મરકી અને ક્ષય જેવાં ભયંકર દરદો આપણે ત્યાં ઘર કરીને બેઠાં છે. શું આપણે આ દિશામાં કશું જ કરી શકીએ એમ નથી? સરકારને બાજુએ રાખતાં, રાજકીય મંડળોએ, તેઓ આર્થિક અને રાજકીય બાબતમાં કરે છે તેમ, આ દિશામાં પણ જાગૃતિ આણવી જોઇએ. એને માટે મોટા ફાળાની જરૂર પડે; પણ જ્યાં સુધી જનતામાં સામાજિક ફરજનો ઉત્સાહ ન હોય ત્યાં સુધી માત્ર ફાળાથી કંઈ અર્થ સરે એમ નથી. દરેક ગામે પોતાના મંડળ દ્વારા તંદુરસ્તીના પ્રશ્નનો ઉકેલ આણવો જોઇએ. ઈ. ૧૯૨૭માં સ્થપાએલું 'મૅલેરિયા ઇન્સ્ટીટયૂટ ઑવ ઇન્ડિયા' આ દિશામાં સારૂં કામ કરી રહ્યું છે. તેમાં મૌલિકરીતે પ્રયોગો કરવામાં આવે છે, મૅલેરિયાના ઉપાયો કરવામાં તે મદદ કરે છે, દવાખાનાં ચલાવે છે, મૅલેરિયાની બાબતમાં કેળવણી આપે છે, મહત્ત્વનાં લખાણો પ્રસિદ્ધ કરે છે વગેરે. પણ આટલા મોટા દેશમાં એ એક ઈન્સ્ટીટયૂટ કેટલું કરી શકે? એ માટે તો આખા સમાજમાં જાગૃતિ અને પ્રયત્ન જોઇએ.

છેવટે, એક નમ્ર સૂચના મૂકું. દર વર્ષે ઑગસ્ટ માસની ૨૦મી તારીખે 'mosquito-day' (મછર-દિન) ઉજવવો જોઇએ. સર રૉનાલ્ડ રૉસ પોતે પોતાની મહાન શોધની યાદગીરીમાં ૨૦મી ઑગસ્ટને 'mosquito-day' કહેતા. અને જ્યારે આ દેશમાં ધાર્મિક અને રાજકીય કારણોસર આટલા બધા દિવસો રજાના પળાય છે, તો પ્રજાના આરોગ્ય માટે એક દિવસનો આ 'આરોગ્ય તહેવાર' વધારવાથી કંઈ ખાસ ફેર પડવાનો નથી. આ દેશનો એ અગત્યનો દિવસ બનવો જોઇએ; અને એ દિવસે તંદુરસ્તીનો સંદેશ હિંદના ખૂણેખૂણે ફેલાવો જોઇએ. તે દિવસે દેશભરમાં શહેરો, કસ્બા અને ગામડેગામડાંમાં સાફસૂફી અને પછી ભાષણો, ફિલ્મો, પ્રદર્શનો અને રેડિયો દ્વારા તથા બીજી અનેક મૅલેરિયા સામે શી રીતે ઝઝૂમવું તેનું જ્ઞાન જનતાને આપવા પ્રચંડ પ્રયત્નો થવા જોઇએ.

('ઇંડિયન રિવ્યૂ'ને આધારે)

રજનીકાન્ત હિ. સુનશી

બાપુનું બજેટ

ઊંટ ગમે તેટલા ઢેકા વધારે
—પણ માણસ તેની સામે કાઠડા કરવાનો જ

પ્રશ્ન ખરેખર ગંભીર હતો. કારભારી સાહેબ જેવા આંટીઘૂંટીવાળા માણસને કપાળે પણ મૂંઝવણસૂચક પ્રસ્વેદબિંદુઓ જાગ્યાં હતાં. બાપુનો તો ચહેરો જ એવો જાડો હતો કે કોઇ પણ જાતનો ભાવ વાંચી જ ન શકાય. બાકી તેમના મનમાં યે કારભારી સાહેબ કરતાં ઓછી મૂંઝવણ હતી એમ માનવાનું નથી.

મૂંઝવણ તો થાય જ ને? 'નાણાં વિનાનાં નર નીમાણાં' એ કહેવત રચનાર કોઈ વ્યવહારદક્ષ અર્થશાસ્ત્રી જ હોવો જોઇએ. અત્યારે નર તો શું પણ નરપતિ- નૃપતિ—બાપુ જેવા પણ નાણાં વિના નીમાણા થઇને બેઠા હતા. રાજની તીજોરીમાંથી ચૂકવવાનાં બીલ અત્યારે હૈયા સામી હોળી પ્રગટાવીને ટેબલ ઉપર પડ્યાં હતાં, અને એ હોળીની પડખે ડાકણ રચતાં ડઝનબંધ રીમાઈન્ડરોની થપ્પી હતાશ બનાવી દેતી હતી. આ ઉપરાંત આતવારે ને છાશવારે રૂબરૂ ઉઘરાણી કરવાવાળાઓનો તો તોટો જ નહોતો. હજી ગઈ કાલે જ સિયાલકોટવાળો ક્રિકેટના સામાનના બીલની યાદ તાજી કરાવી ગયો હતો. અત્યારે બાપુને થયું કે આણસાલ આટલું બધું ક્રિકેટ ન ખેલ્યા હોત તો સારૂં થાત. પણ એકલા ક્રિકેટનો જ વાંક શા સારૂ કાઢવો? પેલી નાચવાળીઓના આખા તવાયફનો ત્રણત્રણ મહિનાનો તનખો ચઢી ગયો હતો. આ સિવાય જ્હૉની વૉકરનો જૂનામાં જૂનો વ્હિસ્કી ખરીદ કર્યો હતો એના પૈસા પણ હજી સુધી ભરપાઈ નહોતા થઈ શકયા. આમ વિપત્તિ પણ, વરસાદની જેમ આવી ત્યારે એકસામટી આવી પડી હતી.

આજના દિવસ સુધી બાપુના સિવિલ લિસ્ટનાં લખખૂટ ખરચો કારભારી સાહેબે સિફતપૂર્વક પૂરાં પાડ્યાં હતાં. કયાં અને કેવી રીતે પૂરાં પાડ્યાં હતાં એની સાથે આપણને નિસ્બત નથી. પ્રજાને ખંખેરવાની અનેક રીતો તેમણે ઉપજાવી કાઢી હતી. આજે પણ તેમની કુનેહ ઉપર મુસ્તાક રહીને હાઇનેસ હસતું મોં રાખી શકયા હતા.

આ વર્ષે બજેટમાં મોટામાં મોટી ખાધ આવી હતી. રખે માની બેસતા કે આ ખાધનું કારણ બાપુનો વિલાયતનો પ્રવાસ હતો. પ્રવાસ માટે તો પહેલેથી જ જોગવાઈ થઈ ગઈ હતી. પણ કોઈ અધન્ય ઘડીએ બાપુનો પગ આડોઅવળો પડી ગયો અને બદમાસોની ટોળકીએ ધાકધમકી આપીને બહુ ભારે રકમનો ચેક લખાવી લીધો. આને લીધે બજેટમાં ગાબડું પડ્યું. એક તો બાપુનું ખોબા જેવડું રાજ, આવકનાં બહુ મોટાં સાધન નહિ, ને ખર્ચનો પાર નહિ. એમાં વળી બાપુ આવી અણધારી આફતો વહોરી આવે! કારભારી સાહેબ તે બીચારા મરે? પૈસાનાં તે કાંઈ ઝાડ થાય છે તે ખંખેરી આપે? છતાં બાપુ તો, પેલી વાતની જેમ, પોતાના રાજના બાવળને પણ આંબા માનતા અને તેમને ય ખંખેરી શકાય તેટલા ખંખેરતા.

અફીણ અને ગાંજો—ચરસ જેવી કેફી વસ્તુઓથી માંડીને તે ધૂળ જેવી ચીજોના ઇજારા અપાઇ ચૂકયા હતા. બહારથી આવતી હરેક ચીજ ઉપર આકરી જકાત લેવાતી. દાદા આદમના વખત જેટલા જૂના અનેક વેરાઓ પ્રજાએ ભરવા પડતા. એ ઉપરાંત કેટલીક નવી જ જાતના કર પણ નાખવામાં આવ્યા હતા. બાપુ માટે સલૂન બંધાવ્યું હતું ત્યારે ખેડૂતોના હળ દીઠ રૂપિયાનો સલૂન ટૅકસ પડ્યો હતો. પછી એક દિવસ બાપુને પોતાનું પૂતળું પોતાની હયાતીમાં જ ખોડવાનો અભરખો થયો (કારણકે મનમાં ખાત્રી જ હતી કે મૃત્યુ પછી તો પ્રજા પૂતળું બનાવવાની તો શું પણ યાદ કરવા જેટલી યે દરકાર કરવાની નથી) આથી, જીવ્યા કરતાં જોયું ભલું માની પોતાને આરસમાં કંડારેલા જોવા પ્રજા ઉપર બાવલા ટૅકસ નાખેલો. આમ ચૂસીચૂસીને પ્રજાને ચૂસાયલા ગોટલા જેવી તો કરી જ મૂકી હતી. હવે વધારે ચૂસવાથી, રસ મળવાને બદલે ઉલટાની, જીભ ઘસાવાનો ભય હતો.

છતાં કારભારી સાહેબે એક રસ્તો શોધી કાઢ્યો. રાજ્યની હદની બહારથી આવતી ખાંડને અટકાયત કરી, રાજ્યે પોતે જ ખાંડ વેચવાનો ઇજારો રાખવો અને મનફાવે તે ભાવે વેપારીઓને વેચવી. આમ કરવાથી થવાની સંભવિત આવકનો આંકડો કારભારી સાહેબે હળવેક રહીને બાપુના કાનમાં કહ્યો ત્યારે બાપુની છાતી ગજગજ ફૂલી ઊઠી.

આ યોજના ઉપલક દૃષ્ટિએ જેટલી આકર્ષક લાગી હતી એટલી અમલમાં મૂકતી વખતે સહેલી ન નીવડી. બાપુનું રાજ્ય સાવ નાનું હતું, પણ એની સરહદની લંબાઈ વિચિત્રરીતે મોટી હતી. આથી કડક નાકાબંધી કરવા માટે બહુ મોટી સંખ્યામાં માણસો રોકવાં પડ્યાં. કેટલીક ઉજ્જડ જગ્યાઓ અને ગાડામાર્ગોએ ચોરીછૂપીથી ખાંડ આવવાનો ભય હતો ત્યાં ખાસ મકાનો બાંધીને માણસો બેસાડવા પડ્યા. આ બધા ખર્ચની જોગવાઇ પણ થઈ જ ગઇ હતી. જે ભાવથી રાજ્યને ખાંડ મળે એનાથી બમણા ભાવે પ્રજાને વેચવાનું નક્કી થયું હતું. આમાં મળતા નફામાંથી પચ્ચાસ ટકા નાકાબંધી તથા વેચાણ ખર્ચ પેટે જવાના હતા અને બાકીના પચ્ચાસ ટકા ક્રિકેટ ખર્ચ, વ્હિસ્કીનું બીલ, નાજનીઓના દરમાયા તથા અન્ય બિલ ચૂકવવામાં વપરાવાના હતા.

થોડીસરખી પણ આવક થાય એ પહેલાં જ બહુ મોટું ખર્ચ કરવું પડ્યું. એક નવા જ અમલદારની આ કામ માટે નિમણુક કરવામાં આવી. તેમના હાથ નીચે પેટા વિભાગના માણસો નીમવામાં આવ્યા. એમનું કામ રાજ્યની ખાંડની કુલ વપરાશનો અટસટ્ટો કાઢી બહારથી ખરીદી કરવાનું હતું.

જ્યારથી હજુર હુકમમાં જાહેર કરવામાં આવ્યું કે ખાંડ વેચવાનો ઈજારો રાજ્યે પોતાને હસ્તક લીધો છે ને હવેથી બમણે ભાવે ખાંડ વેચાશે અને પરહદમાંથી એક કણી પણ નહિ લાવી શકાય અને એ લાવનારને સખ્ત નશ્યત થશે, ત્યારથી જ પ્રજાના હોશ કોશ ઊડી ગએલા. તુરત જ સહુએ ગળી ત્યાંથી ખાંડ ઘરમાં સંઘરવા માંડી. કેટલાકે તો હજી કડક નાકાબંધીનો અમલ શરૂ થાય ત્યાં રાતોરાત પરહદમાંથી ગાડાં ભરી લાવીને સંઘરો કરી રાખ્યો. વેપારીઓને ત્યાં ખાંડ લેવા માટે ગ્રાહકોનો દરોડો પડ્યો. વેપારીઓએ ભાવ વધાર્યા છતાં, બમણા ભાવથી જે ઓછું બેઠું એ ફાયદામાં, એમ ગણત્રી કરી મળી શકી એટલી ખાંડ સૌએ ભરી લીધી.

પણ આવી અંધેરી નગરી ઝાઝો વખત ચાલવા દે એટલી હદ સુધી કારભારી સાહેબ ગમાર નહોતા. તરત એમણે સરહદ ઉપર કડક ચોકીપહેરો ગોઠવી દીધો અને કોઈપણ રીતે એક કણી પણ

ખાંડ લઈ જનારને આકરી સજા ને દંડનું ફરમાન બહાર પાડી દીધું.

પણ એક અગવડ હતી. બાપુનું રાજ્ય આમ તો ખોબા જેવડું જ હતું, પણ એ ખોબામાં જ બેસીને સમાઈ જાય એમ નહોતું. રાજ્યનાં ગામડાં દૂરદૂર સુધી છૂટાંછવાયાં હતાં. વચ્ચે અનેક જુદાં રાજ્યોની હદ આવતી હતી. જે ગામડાં સાથે હતાં તે પણ ઝુમખા રૂપે નહિ પણ લાંબી ચીરાડના આકારે આવેલાં હતાં, જેને પરિણામે ચારે બાજુની સરહદ ઉપર ચોકીપહેરો ગોઠવવો પડશે.

લોકો સીધાદોર થઈ ગયા. કાકા કહીને રાજ્યની ખાંડ ખરીદવા લાગ્યા. રાજ્યને પણ પડતર કિમ્મતથી બમણે ભાવે વેચવાનું હોવાથી ટંકશાળ જ જાણેકે પડવા લાગી. આમાંથી વ્યવસ્થા, ચોકીપહેરો વગેરેનું ખર્ચ બાદ કરતાં સારો નફો રહેવા લાગ્યો. એમાંથી રાજ્યની તિજોરીનું ખાલી તળિયું ભરી શકાયું. બાપુ કારભારીસાહેબની બુદ્ધિશક્તિ ઉપર આફરીન થઈ ગયા ને પગારમાં મોટો વધારો કરી આપ્યો.

થોડા મહિના સુધી તો ગાડું ચાલ્યું. પણ પછી લોકો સળવળવા લાગ્યા. આગળ કહ્યું તેમ રાજ્યનાં ગામડાંઓની પડખોપડખ જ પરરાજ્યોની હદ આવી રહી હતી રાજ્યનો વિસ્તાર જ એવો વિચિત્ર હતો. હવે એ પરહદમાં તો ખાંડના ભાવ અહીં કરતાં અર્ધા જ હતા. પરિણામે ચોરીછૂપીથી ખાંડ લાવવાની લાલચ વધી. બે જુદાં જુદાં રાજ્યો વચ્ચે કેટલીક જગ્યાએ તો માત્ર એક ખેતર જેટલી જ જગ્યા હતી. આ ખેતરમાં બંનેની હદ મળતી ને ત્યાં શેઢેશેઢે ખાંભા ખોડેલા. બાપુના રાજ્યમાંથી લોકો ઝાડે ફરવા વર્ષોથી એ ખેતરોમાં જતા. આ કુદરતી હાજતને રોકવાનું બાપુને ઉચિત લાગ્યું નહોતું. પહેરેગીરો શેઢેશેઢે અડ્ડા લગાવીને દિવસ અને રાત ચોકી કરતા હતા.

થોડા દિવસમાં ચોકિયાતોને લાગ્યું કે લોકોની પાચનશક્તિ વધી છે! આડે દિવસે જેઓ માત્ર સવારમાં જ ઝાડે ફરવા જતા એ હવે સાંજે પણ જવા લાગ્યા. જેઓને માત્ર સાંજે જ જવાની આદત હતી તેઓએ સવારે પણ જવું શરૂ કર્યું. કેટલાક તો ચોરને કાંધ મારવા જેવા બળબળતા તડકે પણ માથે ફાળિયું વીંટી, હાથમાં લોટો લઈને નીકળી પડતા. આ એકાએક થએલા ફેરફારનું સાચું કારણ શોધવા જેટલી મહેનત, પગારપૂરતો જ રસ ધરાવનાર ચોકિયાતો કરે એમ નહોતા. એમનામાંના એક ટીખળીએ સમજાવ્યું કે એ તો હવે ખાંડ મોંઘી થવાથી માણસો ચા ઓછી પીએ છે એટલે પાચનશક્તિ સતેજ થઈ છે અને ભૂખ ઊઘડી છે.

પણ પછી એક બીજું કૌતુક થયું. ઝાડે ફરવા જનારાઓના લોટાઓનું કદ વધવા લાગ્યું. પહેલાં જેઓ નાનકડી ટબુડી લઈ જતા તેઓ અર્ધા શેરિયો કળશ્યો લઈ જવા લાગ્યા ને જેઓ અર્ધા શેરિયો કળશ્યો લઈ જતા તેઓએ શેરશેરના કળશ્યા વાપરવા શરૂ કર્યાં. હજી આટલેથી જ અટક્યું હોત તો ચોકિયાતોને લવલેશ પણ ગંધ ન જાત. પણ માણસ જ્યારે ખાવા બેસે છે ત્યારે આખો લાડવો ખાતાં પાછું વાળીને નથી જોતો. લોકોએ પણ ચોકિયાતોને આંધળા માની, તેમની અર્ધી બેદરકારી ને અર્ધી ભલમનસાઈનો પૂરેપૂરો લાભ લેવા માંડ્યો. ખેડુતો–કણબી લોકો જેઓ પરાપૂર્વથી વગર પાણીએ જાજરૂ જતા તેઓ પણ જ્યારે હાથમાં જરાય ન શોભે એવા લોટા લઈલઈને નીકળતા ત્યારે ચોકિયાતોને પાકે પાયે વહેમ ગયો કે જરૂર દાળમાં કંઈક કાળું છે.

બીજે જ દિવસે ચોકિયાતોને ઉપરી અમલદાર તરફથી સરક્યુલર આવ્યો કે ગમે તે રીતે પણ ચોરીછૂપીથી પરહદની ખાંડ આવતી હોવી જોઈએ, કારણકે રાજ્ય તરફથી ઉઘાડવામાં આવેલી દુકાનોમાં લોકોની હમેશની વપરાશ કરતાં વેચાણ બહુ જ ઓછું થવા પામે છે. માટે ચોકિયાતોએ વધારે સાવધ બની, થઈ રહેલી ચોરી તાકીદે પકડી પાડવી.

એક કણબીના છોકરાએ સૌનું નસીબ ઊંધું વાળ્યું. આમ તો રોજ એ ઘરની પછીતને છાંયડે બેસતો; પણ આજે પોતાથી ઊપડી પણ ન શકે એવડો મોટો બંબલો લઈને સૌની સાથે શેઢાના ખેતરે ઝાડે ફરવા નીકળી પડ્યો. કલાકેક રહીને એ પાછો વળ્યો ત્યારે ચોકિયાતને દેખીને આડે ખેતરે ઊતરી પડ્યો. પણ ચોકિયાતને શક જવાથી આડફેટીએ થઈને એની સામે પહોંચ્યો. ભારે સલ્લ કળશ્યો ઉપાડીને એ અર્ધો વાંકો તો વળી જ ગયો હતો, તેમાં વળી સામેથી ચોકિયાતને આવતો જોયો. બિચારાના હોશકોશ ઊડી ગયા. ગભરામણ છૂટવાથી હાથમાંથી કળશ્યો નીચે પડી ગયો અને ઠાંસીઠાંસીને ભરેલી ખાંડનો ત્યાં ઢગલો થઈ ગયો!


ઉપરી અધિકારીઓને આ બનાવની જાણ થઈ તે જ દિવસે એક વટહુકમ છોડ્યો કે સરહદ પરનાં ગામનાં માણસોએ રાજ્યની હદમાં જ મળત્યાગ કરવા જવું.

આ હુકમ નીકળ્યો તે દિવસે કારભારી સાહેબે બાપુને સમજાવ્યું કે આમ કરવાથી ચોરી થતી અટકશે એટલું જ નહિ, પણ રાજ્યની જ હદમાં મળત્યાગ થવાથી નાઇટ્રેટનાં ઉત્તમોત્તમ તત્ત્વોવાળું ખાતર પણ રાજ્યનાં જ ખેતરોમાં રહેશે ને એથી જમીનની ફળદ્રુપતામાં ભારે મોટો વધારો થશે; ખેતીનું ઉત્પાદન વધશે અને પરિણામે ખેડૂતોની આવકમાં વધારો થશે અને રાજ્યની વિઘોટીની આવક વધારી શકાશે અને એ વધારે આવકમાંથી નાજનીઓની સંખ્યા વધારી શકાશે, જૂનામાં જૂના વ્હિસ્કીની બાટલીઓ વધારે ખરીદી શકાશે . . . અને . . . શું વધારી શકાશે એના કરતાં શું નહિ વધારી શકાય એ જ કહેવું મુશ્કેલ છે.

કારભારી સાહેબની અર્થશાસ્ત્રની ઊંડી સૂઝ ઉપર બાપુ ફરી એક વાર આફરીન થઈ ગયા, અને બીજું બધું તો વધવાનું હોય ત્યારે વધે, પણ એમના પગારમાં તો વધારો કરી આપ્યો.

હવે નવો હુકમ નીકળવાથી મળત્યાગને બહાને કળશ્યામાં આવતી રોજિંદા વપરાશની ખાંડ બંધ થઈ. પરિણામે હૉટલવાળાઓને ચાના ભાવ વધારવાની ફરજ પડી. સિંગલ કપ એક પૈસાનો મળતો તેના હવે બે પૈસા થયા, અને ડબલ કપના બે પૈસામાંથી ચાર થયા. પણ વસતિનો મોટો ભાગ કાવડિયે કપ પીવાવાળા અલારખાઓનો જ હતો. કોક દિવસ કોકને ડબલ પીવાની ઈચ્છા થાય તે પણ એકસામટો ડબલ પીવાને બદલે, જે ટીપું ચા વધારે મળી એ, એમ કરીને ઉપરાઉપર બે સીંગલ ચડાવતા. આવાં માણસોને જ્યારે માત્ર એક ખેતર ઓળંગવાથી જ કપ દીઠ પૈસાની બચત થતી હોય ત્યારે અહીં બે પૈસા ખરચે એવા તે કોણ નસવાદીઆ તેમાં હોય? થોડા જ દિવસમાં ગામની હૉટલની ઘરાકી તૂટી પડી અને સૌ સામે ગામ ચા પીવા જવા લાગ્યા. પરિણામે હૉટલો બંધ થવાથી ખાંડના વેચાણમાં નરમાઈ આવી. એ તો ઠીક, પણ હૉટલવાળાઓએ ધંધો બંધ થવાને કારણે હૉટલના પરવાના રદ કરાવ્યા તેથી રાજ્યને એ રસ્તે થતી મોટી આવક ગુમાવવી પડી.

રાજ્યની આર્થિક મંદી આટલેથી જ અટકે તેમ નહોતી. જ્યાં એક ખેતર જેટલું ચાલવાથી જ મોટો ફાયદો થતો હોય, ત્યાં એનો લાભ ઉઠાવવા લોકો શું શું ન કરી છૂટે? હૉટલો તરફથી ખાંડની માગ બંધ થઈ ત્યારે રાજ્યે ધાર્યું કે હશે, આવી પરચુરણ ઘરાકી



ઉદયશંકર-કલાસંસ્કાર-કેન્દ્રનું ગુરુમંડળ

ભલે બંધ થતી, મોટા વરા અને જમણ વગેરે માટે તો લોકો જખ મારીને અહીંથી જ ખરીદ કરશે ને? પણ આ માન્યતા યે ખોટી ઠરી. જેનેજેને મિઠાઇ વગેરેમાં ઝાઝા પ્રમાણમાં ખાંડ વાપરવાની જરૂર પડતી, એ સામે કાંઠે જઇને ત્યાંના કંદોઇ પાસે મિઠાઈ તૈયાર કરાવી આવવા લાગ્યા. લોટ, ઘી, ખાંડ બધી જ ચીજો ત્યાંથી ખરીદ કરે, ત્યાંના જ કંદોઈ મિઠાઈ તૈયાર કરે અને તૈયાર થયે મણની મણ ખાંડ મિઠાઇને સ્વરૂપે અહીં ઘસડી લાવે!

હવે તો રાજ્યના વેચાણને બહુ જ ધોકો પહોંચ્યો છતાં એને માટે નીમવામાં આવેલા માણસોના ભારેખમ પગાર તો ચડતા જ રહ્યા. એ ઉપરાંત આખી સરહદ પરના ચોકિયાતોના પગાર પણ ચાલુ રહ્યા. પણ કારભારી સાહેબ એમ કોઇથી ગાંજ્યા જાય એવી માયા નહોતા. તેમણે ઘરગથ્થુ વપરાશ માટે વેચાતી ખાંડના ભાવમાં બીજા પચ્ચાસ ટકાનો વધારો કરાવ્યો, જેથી લાડવા, પેંડા વગેરે ચીજોમાં પેસીને સામી હદમાંથી આવતી ખાંડનું સાટું વળી રહે. આ નવી યોજનાથી લોકો ત્રાહિત્રાહિ પોકારી ઊઠયા. કારભારી સાહેબને આ યોજના સફળ થતી લાગી. પણ કહેનારે નથી કહ્યું કે અન્યાયનો અતિરેક એ અન્યાયનો સામનો કરવાનું નવું શસ્ત્ર સૂઝાડે છે? થોડા મહિનામાં જ ઓચિંતું ખાંડનું વેચાણ અર્ધે આવીને ઊભું રહ્યું.

કારભારી સાહેબ તો સાંભળીને ડઘાઇ જ ગયા! કેવી રીતે આ બનવા પામ્યું એની જ ગમ ન પડી. તપાસ કરતાં એટલું જાણવા મળ્યું કે ગામના બધા જ કંદોઇઓએ સામી હદમાં દુકાનો નાખી છે. એ સિવાય દૂરદૂરથી પણ કેટલાક નવા કંદોઇઓએ આવીને પણ ત્યાં વસવાટ કર્યો છે. સૌ ખાંડમાંથી પતાસાં બનાવવાનો ઉદ્યોગ બહુ મોટા પાયા ઉપર ચલાવે છે, અને લોકોએ હવે દરેક કામમાં ખાંડ-ને બદલે પતાંસાં જ વાપરવાં શરૂ કર્યાં છે. ચા દૂધ તથા મિષ્ટાન્નોમાં તો ઠીક, પણ લગનની ખુશાલીમાં પણ ખાંડના પડાને બદલે પતાસાંના પડા વહેંચવામાં આવે છે, અને છતાં એ કહેવાય છે તો ખાંડના જ પડા! નરસિંહ મહેતાના શ્રી હરિની જેમ વસ્તુ તો એક જ હતી, પણ જૂજવે રૂપ અનંત ભાસતી હતી. આ પતાસાંનાં ગાડાં ને ગાડાં સામી હદમાંથી અહીં ઠલવાતાં,—ખાંડ નહોતી આવીશકતી.

એટલામાં તો વર્ષની આખર આવી ગઇ અને ચોપડો તપાસતાં ખબર પડી કે રાજ્યે પોતાને ખર્ચે ખરીદેલી ખાંડનો મોટો ભાગ પડી રહેવા પામ્યો હતો. ઊલટું તેની કિંમત, માર્ગવ્યય, મુડી પરનું વ્યાજ, વખારોનું તથા દુકાનોનું ભાડું, વેચાણખાતાના અમલદારો તથા સરહદ પરના ચોકિયાતોના પગાર અને કારભારી સાહેબને મળેલો મોટો પગારવધારો, આટલું નફામાં હતું.

પરિણામે આ નવા બજેટની ખાધ તો કોઇ પણ વર્ષની ખાધ કરતાં વધી ગઈ હતી. **ચૂનીલાલ મડિયા**

રામલીલાનું છાયાનૃત્ય અનુસંધાન પૃ. ૩૩૦થી

ત્યારે ખરેખર એમ જ લાગે છે કે જાણે હનુમાને જ છલંગ મારી!

તે પછી અશોક વાટિકામાં સીતા સમક્ષ હનુમાન અચાનક પ્રવેશ કરે છે. તે પહેલાં રાક્ષસીઓ અને રાક્ષસોનું ભયંકર નૃત્ય આવી જાય છે. એ બધાંના નિદ્રાવશ થવા બાદ હનુમાન પ્રકટ થઈ રામની અંગુઠી બતાવે છે. અશોક વાટિકાનું ખેદાનમેદાન અને ફળો-ની પાયમાલી, ઈંદ્રજીતના હસ્તે હનુમાનનું બંધન, રાવણ દરબારમાં પ્રવેશ અને અંતે હનુમાનનું લંકાદહન. એની પાછળ પ્રકાશ અને સે-ટીંગ્સની કરામતો અજબ હોય છે. અંતે ઈંદ્રજીતના હાથે લક્ષ્મણની મૂર્છા, પાછળથી ઇંદ્રજીતવધ, હનુમાનનું સુષેણ પર્વત સહિત આવવું વગેરે પ્રસંગો ભવ્યરીતે તૈયાર કર્યા છે.

કુંભકર્ણવધનો પ્રસંગ પણ બહુ નવીનતા પમાડે એવો છે. છાયામાં કુંભકર્ણનો પ્રચંડ દેહ શયન કરેલો જણાય છે તેને જાગ્રત કરવા અનેક વાજિંત્રો વગાડે છે. સૈનિકો તેના દેહ ઉપર દોડંદોડી કરવા દરમ્યાન તેનાં નસકોરામાંથી નીકળતા શ્વાસમાં અનેક સૈનિકો ઉછળતા દેખાય છે! પછી કુંભકર્ણનો નિંદ્રાભંગ અને યુદ્ધ દરમ્યાન કુંભકર્ણનો વધ.

પછી આવે છે આખરી મહાયુદ્ધ. અનેક સૈનિકો સહિત રાવણ રણભૂમિ તરફ ધસે છે અને પ્રચંડ સંગ્રામનો ખ્યાલ આવે છે. રાક્ષસો અને વાનર સૈન્ય વચ્ચે થતા તુમુલ યુદ્ધ દરમ્યાનની ભીષણ ઘોષણાઓ અને સ્ક્રીન ઉપર દેખાતા મહાકાય માયાવી દૈત્યો જોનારને ખરેખર થથરાવી નાખે છે. રામાયણનો આખરી સંગ્રામ ભીષણ બને છે અને તેમાં અદ્ભુત વીરતા દાખવી રાવણ રામબાણનોભોગ બને છે.

તે પછી મંદોદરીવિલાપનો પ્રસંગ ઘણો કરુણ બની જાય છે. પણ સીતાનો અગ્નિપ્રવેશ તો ખરો હૃદયદ્રાવક થાય છે. છેવટે સૈન્ય સહિત રામ અયોધ્યા આવે છે અને રસ્તામાં થતો ભરતનો મિલાપ તો આંખમાં આંસુ લાવે છે. અંતમાં રામનું રાજ્યારોહણ થાય છે અને રામલીલા સમાપ્ત થાય છે.

રાવણનું પાત્ર ભજવનાર એક સારા કથકલી નૃત્યકાર છે. શાંતિ-નિકેતનમાં તેઓ નૃત્યના અધ્યક્ષ હતા. હાલ તેઓ આ કેન્દ્રમાં રહ્યા છે. કથકલી નૃત્યની શૈલીથી અનેક કદમો અને હીલચાલોમાં તે વીરત્વ દર્શાવે છે.

પ્રેક્ષકોની બેઠકો ટેકરી ઉપર જ પગથિયાંની જેમ કોતરી કાઢેલી છે. નીચેની વચલી ખુલ્લી જગ્યામાં વિશાળ મંચ ઊભો કરવામાં આવ્યો છે. એ આખા યે સુરમ્ય સ્થળની પાછળ દૂર નંદાદેવી, ત્રિશૂલ આદિ હિમગિરિનાં શિખરો, નીલ આકાશ અને નીચેનાં પહાડોની વચ્ચે ચમકતાં દૃષ્ટિગોચર થાય છે. મંચની ડાબી બાજુએથી સીમ-તોલાની ઊંચી ટેકરી ઉપરથી આવતું પામનાં વૃક્ષોનું સુંદર સંગીત કાનને સતત સંભળાયા જ કરે છે અને હિમાલયની ગિરિકંદરાઓમાં-થી વાલ્મિકી તથા તુલસીદાસજીનાં ભવ્ય પાત્રો ભારત ઉપર ફરી-વાર વિસ્તરતાં થતાં જણાય છે. **વ્રજલાલ ત્રિવેદી**

ભૂત? એમાં હું માનતો જ નથી!

[એક અનુભવકથા]

અમારા એક વડિલ સંબંધી, જેમનું વય સિત્તેર વર્ષની ઉપર હશે, તે એટલી ઉંમર છતાં હજુ જુવાનોને પડકાર દે એવી પડછંદ કાયા ને હિંમત ધરાવે છે. તે પોતાની જિંદગીના અનુભવો, ધોળી ને ભરાવદાર એમની મોટી મૂછો મરકાવતા, તીખી આંખે વર્ણવતા હોય, ત્યારે વખતનો હિસાબ ન રહે એવો રસ જમાવે છે. એમણે બધી બાબતોમાં ચુસ્તરીતે જૂની રસમોનું પાલન કર્યું છે. આટલી ઉંમરમાં ચા, કૉફી કે તમાકુને હાથ પણ નથી લગાડ્યો. ખોરાકમાં ઘી, ગોળ અને લોટના પકવ પદાર્થો ઉપર જ કાયાને પોષી છે, અને હજી પણ બધી રીતે શરીર, મન અને ક્રિયાઓની આઝાદી ભોગવે છે. જૂની રૂઢિઓને ચુસ્તપણે પાળનારા છતાં જૂના વહેમો અને ભૂતભણકારામાં તેમને જરા યે વિશ્વાસ નથી. તેની ખાતરી આપવા એમણે એક દિવસ સ્વાનુભવની આ વાત કહી હતી:

'કાઠિયાવાડમાં મારા ઘર પાસે કૂવો છે. તેને લોકો ઘણા વખતથી ભૂતપ્રેતનું સ્થાનક માનતા અને અધરાતે-મધરાતે કોઇ ત્યાંથી નીકળવા હિંમત કરતા નહિ. રાત્રે કૂવામાં ભુસ્કા દેવાય છે અને અંદરથી નિસાસા ને હાય નીકળે છે એવી વાતો એને વિષે થતી. કાળી ચૌદશને દિવસે મેલી સાધના કરનારા ત્યાં આવી રાત્રે સિંદુર, નાળિયેર ને ધૂપદીપથી સાધના કરી જતા એ તો હું યે જાણું. એવામાં મારી પહેલીવારની પરણેતર ગુજરી ગઇ અને પડોશીઓ વાતો કરવા લાગ્યા કે તે ભૂત થઇને રોજ રાતે કૂવાના પરથારે આવી બેસે છે અને મધરાતે કૂવામાં ભફાકો દઈ અલોપ થઇ જાય છે. કોઇની સાથે એણે વાતો પણ કર્યાનું બોલાવા માંડ્યું. છેવટે પડોશી બૈરાંએ મારે મોઢે આવી આ વાત કરી. આમ વાતો કરીકરી એ જગ્યાનો ભય લોકોએ વધારવા માંડ્યો અને છેવટે લોકો કૂવો વાપરતાં અટકી ગયા. આથી મને એ વાતની ચોકસી કરવાની ચટપટી થઇ.

મેં તો મારો ખાટલો કૂવાના મંડાણ પર જ નંખાવ્યો અને એક દંડો ને એક ફાનસ પાસે રાખી આખી રાત ધ્યાન રાખ્યું. પણ કશો ય પ્રકાર બન્યો નહિ. પછી તો મેં ત્યાં લાગટ પંદર રાત સુધી બિછાનું રાખ્યું અને લોકોને દમ ભીડાવ્યો કે ''સાળ્યા, તમે નાહક મારી બૈરીને અને કૂવાને વગોવો છો. જુઓ, હું અહીં પંદર દિવસથી છું, પણ કાંઈ બન્યું નથી.'' આમ કર્યું ત્યારે કૂવાનો વાવર પાછો ચાલુ થયો.

તો યે મેલી સાધનાવાળા તો કાળી ચૌદશે આવી ધૂપદીવા ને નાળિયેરસીંદુર કરી જ જતા હતા, એટલે મેં પણ એમની ચૌદશનાં પારખાં લેવાનો નિરધાર કર્યો. એવામાં કાળી ચૌદશ આવી પહોંચી.

ધોતિયાનો કછોટો મારી, હાથમાં દંડો, એકએ ઝગતી જામગ્રી અને મૂઠીમાં રાળની ભૂકી લઈ હું પહેલી રાત્રે કૂવાના મંડાણમાં કોસનું ચામડું ઓઢી અંધારામાં સંતાઈ રહ્યો. લગભગ મધરાતે ત્રણ આદમી કૂવાની પરથારે આવ્યા. તેમણે સીંદુરનાં ત્રિશૂળ તાણ્યાં, દીવો કર્યો અને નાળિયેર વધેર્યાં. તેમની વાત પરથી મેં તેમને ઓળખી કાઢ્યા કે ત્રણે જણ ગામ આખાને ડરાવનારા સંધીઓ હતા. મેં બંને હાથનાં આંગળાંમાં જામગ્રીઓ ભીડવી હથેળીમાં રાળનો ભૂકો તૈયાર રાખ્યો, અને જેવાં નાળિયેર ફૂટ્યાં તેવી જ મેં બંને હથેળીઓ છટકોરી ભડકા કર્યાં અને સીધો કૂવામાં ભુસ્કો માર્યો. આ જોઇને તો પેલા ભડકાને ફડાક દેતા ઊભા થઈ ગયા અને બોલ્યા: ''ઝટ હાલો, પડ જાવતું છે; ચૌદશ ફળી. હવે હાલો, નદીએ જઇને અપવાસ ભાંગીએ.''



ત્રણે જણ ફાટી આંખે જોઈ રહ્યા.

મેં કૂવામાંથી એ સાંભળ્યું, અને તેઓ દૂર ગયાની ખાતરી થતાં બહાર નીકળી, કોસનું ચામડું, રાળ, જામગ્રી ને દંડો લઇને બીજે રસ્તે થઈ, નદીકાંઠે બાવળની ઝાડી હતી તેમાં જઈ એક બાવળ પર ચડી ગયો. મેં ગણતરી કરી રાખી હતી તે પ્રમાણે એ સંધીઓ ભરવાડવાડામાંથી જ નીકળ્યા. ત્યાંથી ભોગ માટે એક બકરૂં સાથે ઉઠાવતા આવ્યા હતા. સામે મસાણ હતું અને પાસે કેટલીક દેરીઓ અને પાળિયા હતા. પણ એ ભાગ ખુલ્લો હતો, એટલે પકડાઇ જવાની બીકે તેઓ ઝાડીને ઓથે દેવતા સળગાવવા બેઠા. જેવી બકરૂં વધેરવાની તેમણે તૈયારી કરી કે મેં લાગલા જ ઝાડ પરથી કોસનું ચામડું ખખડાવ્યું ને ભડકો કર્યો. તરત પાછું અંધારૂં થઇ ગયું, એટલે તેઓ બીના. ''બીજે હાલો, આંહીં કાંઈક થાતું લાગે છે!'' કહેતા તેઓ પાળિયા અને દેરીઓથી દૂર નદીને કાંઠે જઇ બેઠા. તરત હું અવાજ વગર નીચે ઊતરી, ફરીને દેરીઓ પાછળ જઇ છુપાયો અને થોડી વારે બે દેરીઓ વચ્ચેથી દંડા વડે કોસનું ચામડું ઊંચું રાખી ઊભો થયો. એટલામાં તો પેલામાંથી એકની નજર તેના પર પડી અને ભડક્યો: ''એલા, કાંક કૌતક છે!'' ઘાટઘૂટ વગરની એ ઊંચી આકૃતિને ઊભી થતી ત્રણે જણ ફાટી આંખે જોઇ રહ્યા. એટલામાં તો તે આકૃતિ હાલી અને તેમની પાસે આવતી જણાઈ. આટલી ભયાનકરીતે આટલો ઊંચો ને બેડોળ આકાર પોતાની પાસે આવતો જોઈ તેમની હિંમત રહી નહિ અને તેઓ મૂઠીઓ વાળી ગામ તરફ નાઠા.

મને લાગ્યું કે એમનાં કાળજાંમાં ભય પેસી ગયો છે, એટલે જે પાછળ રહેશે તે જરૂર ફાટી પડશે અને અવળું વેતરાઇ જશે; એટલે છતા થઈ મેં પડકારો કર્યો: ''ઊભા રૌ' હરામખોરો!''

માનવીનો અવાજ સાંભળી તેઓ ઊભા રહ્યા, એટલે મેં પાસે જઈ દમ ભીડાવ્યો:''આવી રીતે ભરવાડવાડામાંથી ચોરી કરી લાવ્યા છો તે શું સમજો છો? હું હમણાં જઇને ફોજદારને જાણ કરૂં છું.'' તેઓ મને જાણતા હતા કે આની સામે બાઝવું નહિ ફાવે અને ફજેતી થશે, એટલે હાથેપગે લાગ્યા. મેં બકરૂં છોડાવી લીધું ને કહ્યું: ''જાઓ, સાળ્યો, આવું કરતાં ફરી હાથ આવ્યા છો તો તમારી વાત છે.''

પણ આવો આ એક જ મારો અનુભવ નથી મેં બાળપણમાં અને જુવાનીમાં ભૂત, ડાકણ અને પ્રેતની વાતો સાંભળીસાંભળીને જ્યાં જ્યાં તેમનાં ઠામ ગણાતાં ત્યાંત્યાં કાળી રાતે જઈ તપાસ કરી છે, પણ મારા જોવામાં કાંઇ આવ્યું નથી. મારી તો ખાતરી થઇ છે કે દુનિયાને ભૂતના તો ફક્ત ભણકારા છે અને વાતો કહેનારા તેને રંગ ચડાવે છે. એટલે હું તો ભૂતમાં માનતો જ નથી.'

(સાંભળનાર) ર. મ. રા.

જીવનનું પરોઢ ભાગ ચોથો

પ્રકરણ ૯મું

બે દેવદૂત

દમનનું જોર ટોચે પહોંચ્યું હતું. જેલમાં સત્યાગ્રહીઓ રીબાઇ રહ્યા હતા અને બહાર હડતાલિયાઓ ગોળીઓ સુદ્ધાં વીંધાઇ રહ્યા હતા. હિંદીઓ સાથે સહાનુભૂતિ રાખવાને વાંકે અંગ્રેજોની ધરપકડ કરતાં પણ દક્ષિણ આફ્રિકાની સરકાર અચકાતી ન હતી. એવી કપરી ઘડીએ અનાથ કચરાતા લોકોની મદદ માટે હિંદુસ્તાનથી ગોખલે મહારાજે બે સહૃદય અંગ્રેજોને મોકલ્યા.

એક રેવરન્ડ સી. એફ. ઍન્ડ્રૂઝ અને બીજા મિસ્ટર ડબ્લ્યૂ. ડબ્લ્યૂ. પીઅર્સન. તેઓની સ્ટીમરને મુંબાઈથી ડરબન પહોંચતાં લગભગ મહિનો લાગ્યો. પણ તે દરમ્યાન અમે એ બંને નામો રટી લીધાં હતાં અને સાંભળ્યું હતું કે ગોખલે મહારાજે ફીનિક્સ આશ્રમની અને લડતની ખબર એક ઘણા વિદ્વાનને લેવાને મોકલ્યા છે.

બાપુજી અને પહેલી ટુકડી છૂટીને આવી એ જ અરસામાં તેઓ આવી પહોંચ્યા. આખું ફીનિક્સ તેમના સ્વાગત માટે સ્ટેશને પહોંચેલું.

રેલગાંથી ઊતરતાંની સાથે બંને સાહેબોને હાથ જોડી આપણી પદ્ધતિએ સૌને પ્રણામ કરતા જોઇને તથા અમ નાના વિદ્યાર્થીઓને માથે હાથ ફેરવતા જોઇને, કોઈ અનણ્યા મહેમાન આવ્યા છે એનો ખ્યાલ સરખો પણ અમને ન રહ્યો. એ મોટા છે, અંગ્રેજ છે, ગોરા છે, એ પણ અમે ભૂલી ગયા. એમની પાસે બરાદંને ન બેસવું, ચાલતાં ચાલતાં અથડાઇ ન પડવું, અને એમને બાઝવું તો નહિ જ વગેરે જે અદબ જાળવવી જોઇએ એ અદબ પણ અમે જાળવી ન શક્યા.

તેઓ સાંજને સમયે આવ્યા અને નિત્યકર્મથી પરવારી પ્રાર્થનાનો સમય થતાં સૌ ફીનિક્સવાસીઓ એકઠા થયા ત્યારે મોટા મેજના કેંદ્રમાં બેસી ઍન્ડ્રૂઝસાહેબે અમને સૌને શાંતિવચન સંભળાવ્યાં.

'હું ગુરુદેવ પાસેથી આવું છું. એમના શાંતિનિકેતનની વાતો હું કહેવા બેસું તો ખૂટે નહિ. પણ અત્યારે તો હું ગુરુદેવનો સંદેશો જ તમને સંભળાવીશ.' એમ કહી તેઓ ઊભા થયા, હાથ જોડ્યા અને આંખ અર્ધોન્મીલિત કરી ધીમે સ્વરે ઉદ્‌ઘોષ કર્યો:

सत्यं ज्ञानं अनन्तं ब्रह्मानंद रूपम्
अमृतं यद्विभाति शांतं शिवं अद्वैतम्।

અને પછી એક આચાર્યની માફક અમને એ મંત્રની દીક્ષા આપી એનો અર્થ સમજાવ્યો.

એક ગોરો—અંગ્રેજ પાદરી પોતાના વિચિત્ર ઉચ્ચારો વડે સંસ્કૃત શ્લોક સંભળાવે એ અમારે માટે અકલ્પ્ય વસ્તુ હતી. એમને શ્લોક બોલતાં હોઠને તાણીતાણીને દાબીદાબીને બોલવું પડતું હતું એ જોઇ અમને હસવું આવતું હતું; પણ એમની ગંભીર ધ્યાનસ્થ મુખમુદ્રા અને એમની શાંત વાણી અમારાં અંતરમાં અનેરું જોમ પૂરી રહી હતી.

ઍન્ડ્રૂઝ સાહેબ ફીનિક્સમાં બેચાર દિવસ મુશ્કેલથી રોકાઈ શક્યા હતા. તેઓને બાપુજી સાથે તુરત જ પ્રિટોરિયા જનરલ સ્મટ્સ પાસે જવાનું થયું, અને ત્યાર પછી સત્યાગ્રહની લડત બંધ કરવા અને હિંદીઓને ન્યાય અપાવવાને સારુ તેમને દક્ષિણ આફ્રિકાનાં મોટાંમોટાં શહેરોમાં ઘૂમવું પડ્યું.

એ બે કે ચાર દિવસમાં પણ ઍન્ડ્રૂઝ સાહેબે અમારા ઉપર એવી જાદુઇ અસર કરી જે જિંદગીભર ન ભૂલાય. ગુરુદેવનો દીક્ષામંત્ર અમને સંભળાવ્યા પછી તેમણે સત્યાગ્રહના મર્મનો મહિમા અમને સંભળાવવા માંડ્યો. બીજી કે ત્રીજી પ્રાર્થના વખતે ઇસાઇ ધર્મ ફેલાવનારા પાદરીઓ કુરબાની કરીને કેટલા અમર થઈ ગયા તેની કથા સંભળાવતાં તેમણે કહ્યું: 'જૂના વખતમાં મારા જેવા પાદરીનું કામ કરનારાઓએ ખૂબ દુઃખો વેઠ્યાં છે. પોતાનો ધર્મ ફેલાવવા તેઓએ રીબાઇરીબાઇને જાન આપ્યા છે. પોતાનો ધર્મ વિષેનો અભિપ્રાય બતાવનારાઓને અને તેને હઠપૂર્વક વળગી રહેનારાઓને યંત્રોની અંદર નાખી એક તરફથી તેમના બંને હાથ ખેંચવામાં આવે ને બીજી તરફથી બંને પગ ખેંચવામાં આવે. એમ ખેંચતા જ જાય અને એને માની જવાનું કહેવામાં આવે. પણ જે સત્યને માટે મરવા તૈયાર થયો એ કંઈ જૂઠી વાત સ્વીકારે? એ ધર્મપ્રચારકોના હાથપગ યંત્ર વડે બંને બાજૂથી તણાતા હોવાથી તેઓ અત્યંત પીડાય, એમનું હાડકેહાડકું તૂટે તોપણ તેઓ એમાંથી ઊગરી જવા જરા યે ચીસ ન નાખે. અને ક્રૉસે ચડેલા પોતાના ઇષ્ટદેવ જીસસનું સ્મરણ કરતાં પ્રાણ છોડે. ઈશ્વર પાસે ન્યાય મેળવવા ચાલ્યા જાય. જેમ હાથ પગ ખેંચે એમ વળી બે પગને ધીમેધીમે પહોળા કરતાંકરતાં, એ ફાટી જાય ત્યાં સુધી પહોળા કરે. વળી યંત્રોથી છાતીને ભીંસી દે. યંત્રની અંદર ઊભા રાખી, રૂની ગાંસડી બે બાજુથી દબાવે એમ પગ અને માથા આગળથી દબાવે. એમ અનેક રીતે લોકોએ ધર્મોપદેશકોને પીડ્યા છે. ઘાસની ગંજીમાં ખડકી જીવતા બાળી પણ નાખ્યા છે. એવા એક બહાદુર ધર્મોપદેશકની વાત હું તમને કહું. એ આફ્રિકાના એક રાજ્યમાં જ ધર્મોપદેશાર્થે આવેલો. એ તમારા જેવડો ૧૮ વર્ષનો છોકરો જ હતો. આફ્રિકાના જંગલી લોકોએ એને કેદમાં પૂર્યો. ત્યાં એને ખૂબ રીબાવ્યો ને ડાયરી લખવાને યે કશું ન આપ્યું. એક દિવસ પણ એ લખ્યા વિના ન રહેવું એવો એનો નિયમ હતો. એને કાગળ તો મળ્યા, પણ પછી શાહીને માટે એણે પોતાનો અંગૂઠો ચીર્યો. એમાંથી લોહી લઇ સળી વતી લખવાનું કામ જારી રાખ્યું. પૂરા એક મહિના સુધી એવી રીતે એણે પોતાની ડાયરી લખી. ત્યાર પછી એને થાંભલે બાંધી, એના ઉપર સૂકું ઘાસ ખડકી, એને જીવતો બાળી નાખવામાં આવ્યો. તેણે હસતાં હસતાં પોતાનું બલિદાન આપ્યું.'

ઍન્ડ્રૂઝ સાહેબની આ વાતની બીજાઓ ઉપર કેટલી અસર થઈ એ હું ન કહી શકું, પણ મારા મનમાં તો એ સદાકાળ માટે ઊંડેઊંડે કોતરાઇ ગઈ. 'જેલ જવામાં શું ધૂળ બહાદુરી છે? ફાંસીએ ચડવામાં પણ એવી કઈ મોટી બહાદુરી છે? ખરી બહાદુરી તો કટકે કટકે મરવા છતાં પોતાનું કામ ન છોડવામાં છે.' એ ભાવથી આખું દિલ રંગાઇ ગયું, અને જ્યારેજ્યારે વાર્તાલાપમાં કે પ્રત્યક્ષ જેલ જવાનો કે મરી છૂટવાનો પ્રસંગ આવતો દેખાયો ત્યારે નજર સામે ઍન્ડ્રૂઝ સાહેબે વર્ણવેલા પેલા વીર પાદરી યુવકનું દૃશ્ય આંખ સામે ખડું થયા વિના ન રહ્યું. એની સરખામણીમાં હું મને પોતાને હિમાલય પાસે રજકણ સમો તુચ્છ અનુભવતો રહ્યો.

જે છોકરાઓ જેલ જઇ આવ્યા હતા અને ફરી જવાની તૈયારીમાં


હતા તેઓના ચહેરા પરનો રૂવાબ પણ ઍન્ડ્રૂઝ સાહેબની એ વેધક વાર્તાએ ઓગાળી નાખ્યો. સૌના ચહેરા પર ગંભીરતા તરવરી રહી. જાણે દરેક જણ પોતાની યોગ્યતા અને કિંમત મનમાં આંકવા લાગ્યું.

એ વેળાના ઍન્ડ્રૂઝ સાહેબને દાઢી ન હતી. મૂછો પણ સફાચટ રાખતા. એમના ગળામાં ગોળ કૉલર જોઈ મને અચંબો થયો અને નેકટાઈ વિનાનો એવો કાંઠલો શા સારૂ પહેરતા હશે એમ મેં પૂછ્યું ત્યારે મારી યાદ પ્રમાણે મગનકાકાએ મને સમજાવ્યું કે 'એ એમનો પાદરીપણાનો પોષાક છે અને એટલા સારૂ જ તેઓ રેવરંડ કહેવાય છે. એમને માસ્ટર કહેવું અપમાનજનક લેખાય.' ત્યાર બાદ ઍન્ડ્રૂઝ સાહેબને અનેકવાર જોવાનો અવસર મને મળ્યો છે, મહિનાઓ સુધી તેમની સોડમાં બેસી ભણવાનો અને તેમની અંગત સેવાનો સુયોગ મને મળ્યો છે અને એમના દીનબંધુ તરીકે પંકાયા પછી એમની ભવ્ય દાઢી, અનુપમ વાત્સલ્ય ને પ્રોત્સાહક મીઠાશ મેં અનુભવ્યાં છે; પણ જે ઍન્ડ્રૂઝ સાહેબનાં દર્શન ફીનિકસમાં મળ્યાં હતાં એવાં ફરી મળ્યાનું યાદ નથી. લાંબો સફાચટ ચહેરો, મરકતા હોઠ, ચમકતું કપાળ અને મધુર વાણી વડે તેઓ સાક્ષાત દેવ સમા દેખાતા હતા. એમની એ દૈવી મૂર્તિ અને ઊછળતું માધુર્ય દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનું સમાધાન કરવામાં એક પ્રધાન બળ સિદ્ધ થયું.

જનરલ સ્મટ્સને ઍન્ડ્રૂઝ સાહેબે કેવી રીતે પીગળાવ્યા, દક્ષિણ આફ્રિકાના ગોરાઓને પોતાની વિદ્વત્તા વડે કેવા મુગ્ધ કર્યા અને હિંદુસ્તાનીઓ કુલી કે કીડામંકોડા નથી, એ પણ માણસ જેવા માણસ છે, આર્ય છે, ઘણી ઊંચી જાતના સંસ્કારવાળા છે એ બધું દક્ષિણ આફ્રિકાની ગોરી પ્રજાને કેવી રીતે ગળે ઉતાર્યું, તેનો ઇતિહાસ રસભર્યો છે. બાપુજીની આત્મકથા, દક્ષિણ આફ્રિકાનો ઈતિહાસ, ઍન્ડ્રૂઝ સાહેબનાં પોતાનાં લખાણ અને 'ગાંધીજીની સાધના' વગેરેમાં એ વાતો લખાઇ ગઇ છે. એટલે અહીં એ બેવડાવવાની જરૂર નથી.

જો મિ. પીઅર્સનને ભગવાને લાંબું આયુષ્ય આપ્યું હોત તો જેમ ઍન્ડ્રૂઝ સાહેબ દીનબંધુ તરીકે ભારતવાસીઓની જીભને ટેરવે રમી રહ્યા તેમ પીઅર્સન સાહેબ પણ જરૂર 'દેવદૂત' તરીકે પ્રખ્યાત થઇ જાત. પણ દુર્ભાગ્યે એ ઍન્ડ્રૂઝ સાહેબ કરતાં વીસેક વર્ષ ઓછું જીવ્યા. ઍન્ડ્રૂઝ સાહેબે અમને જીવનમંત્ર આપ્યા, ત્યારે પીઅર્સન સાહેબે અમને મુગ્ધ કરી મૂક્યા. અમારા સંબંધમાં એ પહેલાં જેટલા ગોરાઓ આવતા તેઓ 'મોટા માણસ' ગણાતા. તેઓ પોતાની મોટાઈ ચૂકી ન જવા દેવાની પૂરતી ચીવટ રાખતા જણાઇ આવતા. મિ. કેલનબેક, મિ. પોલાક, મિ આઇઝેક વગેરે સજ્જનો અમને છોકરાઓને ઠીકઠીક રમાડતા; પણ જ્યારે તેઓ પોતાનાં કામમાં ગૂંથાયા હોય ત્યારે એમની આડે ઊતરવાની અમારી હિંમત ન ચાલતી. છોકરાંઓ સાથે રમવું, રમતમાં ને રમતમાં તેમને માહિતી આપવી, એ ગોરાઓનો સામાન્ય સ્વભાવ છે, છતાં તેઓ પોતાની મોટપ ક્ષણભર પણ વિસારી નથી શકતા.

મિ. પીઅર્સનનું વ્યક્તિત્વ અદ્‌ભુત હતું. પરોઢથી રાત પડતાં સુધી પોતાની આસપાસ બાળકોના ઘેરા વચ્ચે જ તેઓ વસતા. બાળકોથી યે વધુ બાળક ને નિર્દોષ વર્તાવ તેમનો સદા રહેતો. એ ફીનિકસમાં પંદરેક દિવસ જેટલું રહ્યા હશે, પણ એટલો વખત અમને એક જ દિવસ જેટલો ટૂંકો લાગ્યો. વિનોદપ્રિય અને ટીખળ કરી હસાવતા રહેનાર મિ આઇઝેક કરતાં પીઅર્સન સાહેબનો રમતીલો સ્વભાવ ઊણો ન હતો, પણ મિ. પીઅર્સનની એકએક ગમ્મત, એકએક વિનોદ, એકએક સ્મિત કશું છીછરૂં ન રહેતું. એમની પાસેથી ટીખળ અને ચાળાનો સ્વાદ નહિ પણ જ્ઞાનનો ઊંડો આનંદ મળતો.



બેઠેલા : સી. એફ. ઍન્ડ્રૂઝ; ઊભેલા; ડબ્લ્યુ. ડબ્લ્યુ. પીઅર્સન

તેઓ અમને બગીચામાં લઈ જાય. કેળની રચના, બીજાં પાંદડાં ને કેળનાં પાંદડાનો ભેદ, ફૂલોની ખાસિયત વગેરે પર એવા પ્રશ્નો પૂછે, જેના પર અમારે મગજને જોર આપવું પડે. તેઓ વનસ્પતિના બહુ જ શોખીન હતા, એટલે જાતજાતનાં ફૂલો તથા વનસ્પતિના અને ઘાસ કાંટાના નમૂના ભેગા કરવાને અમને રખડાવે ને પોતે પણ રખડે. એમણે બતાવેલું રહસ્ય કે એમણે આપેલી પિછાન જો બીજે દિવસે અમે ભૂલી જઇએ તો પોતે મહેમાન હોવા છતાં અમને મીઠો ઠપકો યે આપે. પણ મોટે ભાગે તેઓ હાસ્ય વેરતા વેરતા એવી રીતે વર્તતા કે જાણે અમારી સામે લળી પડતા હોય. અમને સત્યાગ્રહના વીર યોદ્ધાઓ સમા ગણી તેઓ પોતાને અમારાથી ઊતરતા લેખવતા હોય એટલી નમ્રતા એમનામાં ભરી હતી. અને અમ બાળકો તથા કુમારોને પણ સવારથી સાંજ સુધી એમના વિના ગોઠતું ન હતું.

એકવાર તેમની સાથે ઈનાન્ડા ફૉલ્સની ઊજાણીએ અમે ગયા. એ પહેલાં સેંકડો વાર અમે ગયા હોઇશું, પણ એમની સાથે ઘણી નવી મજાઓ જોયાનું મને યાદ છે. અમે તો પાણીમાં નહાતા ને ધોધ પડતો જોતા, પણ એમણે ત્યાંની વૃક્ષરાજી, નવનવે સ્થાનેથી ધોધનું દૃશ્ય, પથ્થરો ને ગુફાઓની મજા, વગેરે તરફ અમારૂં ધ્યાન ખેંચ્યું.

બીજા વિદ્યાર્થીઓ કરતાં પીઅર્સન સાહેબ પ્રત્યે હું વધુ ખેંચાયો એનું એક બીજું કારણ પણ હતું. મોટા વિદ્યાર્થીઓ જેટલું મને અંગ્રેજી ન આવડતું, અને તેમના જેવાં મોટાંમોટાં કામ કરી હું લેખામાં આવવા લાયક બન્યો પણ ન હતો. સાધારણરીતે હું બધે પોતાને વિસારાએલો અનુભવતો. બાપુજી હોય તો તો એ બધા વચ્ચે મારો યે ભાવ પૂછે ને મારો ઉમંગ વધારે, પણ સાધારણરીતે બીજા શિક્ષકો અને મોટેરાઓ પાસે મારી એવી કોઈ પ્રતિષ્ઠા ન હતી. હું સાધારણરીતે નિરાશાભર્યો રહ્યા કરી ખૂણે ભરાઇ બધું જોયા કરતો.

મિ. પીઅર્સને મારી આ નિરાશા જિંદગીમાં પહેલી વાર ખંખેરી નાખી. દેવદાસકાકાનું અને જેલમાં જઇ આવેલાઓનું જે સંમાન થતું તેમાં મને પણ તેઓએ લેખવ્યો. સાધારણરીતે ગોરા મહેમાનો હોશિયાર ગણાતાઓ સાથે વાર્તાલાપ કરતા, પણ પીઅર્સન

સાહેબે મને દોઢને પણ અપનાવ્યો. તેઓ બગીચામાં જાય, કંઈ નવી વિદ્યા શીખવવા બેસે, ત્યારે હું ન હોઉં તો 'પ્રભુદાસ ક્યાં છે? બોલાવો એને.' એમ કહી મને બોલાવે. ઘણીવાર મને એકલાને પોતાની સાથે હાથ પકડીને લઇ જાય ને ફૂલ, વનસ્પતિનું નિરીક્ષણ કરાવે. અનેક વિદ્યાર્થીઓ વચ્ચે મને સંબોધીને બતાવે. આમ મારી નિરાશા તથા કચવાટ દૂર કરી તેમણે મારામાં ઉત્સાહ ફૂંક્યો.

જ્યારે અમારી મંડળી ફીનિક્સથી શાંતિનિકેતન પહોંચી ત્યારે પીઅર્સન સાહેબની ઝૂંપડી જ મારું આખા દિવસનું ધામ થઈ પડેલું. હું અંગ્રેજીમાં કાચો, પણ બીજા અનેક વિષયોમાં તેમણે મને આગળ વધાર્યો. એમનું ઊંડું ગાંભીર્ય, શીખવતી વખતે વિદ્યાર્થીમાં ઓતપ્રોત થવાની રીત, અને વિશાળ સૃષ્ટિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરાવવાની એમની કળા જવલ્લેજ બીજા શિક્ષકમાં જોવા મળે.

શિક્ષક તરીકે પીઅર્સન સાહેબનો મહિમા ગાવાનું આ સ્થાન ન ગણાય, પણ જેઓ કેવળ દસપંદર દિવસ જ ફીનિક્સમાં રહી પોતાનું રાજકીય કામ કરવા સાથે પોતાના માધુર્ય વડે અમારાં ચક્ષુ ઉઘાડી ગયા એમનું શિક્ષકત્વ ભૂલ્યે ગુનો કર્યો ગણાય એટલે લખ્યું.

ફીનિક્સમાં તેમણે આસપાસની અનેક દિશાઓએ એકલાએકલા કેટલા યે માઇલ પગપાળા યાત્રા કરી અને ગિરમિટિયા હિંદીઓના જીવનનું સૂક્ષ્મ વિવરણ સંગ્રહ્યું. ઍન્ડ્રૂઝ સાહેબ કરતાં યે વધારે પડદા પાછળ રહી નમ્રતા સાથે ઊંડી સેવા તેમણે આપી. ઍન્ડ્રૂઝ સાહેબની ભાવુકતાને પોતાના નક્કર પાયા વડે સફળ બનાવી અને દક્ષિણ આફ્રિકાના અંગ્રેજોને હિંદીઓનો આદર કરવાનું શિક્ષણ પોતાના ઉદાત્ત આચરણ વડે આપ્યું. ટૂંકમાં કહું તો પીઅર્સન સાહેબના પરિચયની મને ભૂખ જ રહી ગઈ. અહીં હું જવભર પણ કાગળમાંનથી ઉતારી શક્યો.

પ્રિટોરિયામાં ઍન્ડ્રૂઝ સાહેબ સ્મટ્સ સાહેબ અને બાપુજી વચ્ચે કાચી સમાધાની થઇ, ઍન્ડ્રૂઝ સાહેબનું દક્ષિણ આફ્રિકામાં પરિભ્રમણ થોડુંઘણું થયું, ત્યાં એમની માતાના સ્વર્ગવાસના સમાચાર આપતો તાર વિલાયતથી આવ્યો. અંગ્રેજો પર ગમે તેટલાં દુઃખ આવે તો પણ તે રોવા નથી બેસતા. ઍન્ડ્રૂઝ સાહેબની ઉદાસી તથા તેમની વ્યાકુળતા તરફ મેં ધારીધારીને દિવસમાં પાંચસાત વાર જોયું. તેઓ મૌન હતા, પણ રોતલપણું એમના ચહેરા પર મુદ્દલ ન હતું. શાંત ભાવે મનમાં ને મનમાં દુઃખ પી રહ્યા હતા.

અમારાથી એ બંને સાહેબની વિદાય ખમી શકાતી ન હતી. તેઓ સદા ફીનિક્સમાં વસી જાય એવી અદમ્ય ઇચ્છા અમને હતી. પણ તેમને વિદાય આપ્યે જ છૂટકો હતો. ગણ્યાગાંઠ્યા દિવસોમાં તેઓ અમારાં મન ને હૃદય પોતાની મુઠ્ઠીમાં લઇ વિલાયત સિધાવ્યા.

એમને વળાવવા આખું ફીનિક્સ ભેગું મળ્યું. પ્રાર્થનાના સ્થાને વિશેષ પ્રાર્થના થઈ ને

सत्यं ज्ञानं अनंतं ब्रह्मानंदरुपम्

अमृतं यद्विभाति शांतं शिवमद्वैतम्

નો મંત્રઘોષ કરતા સૌ છૂટા પડ્યા. અને ટેકરાની પાછળ એમની ટ્રેન અદૃશ્ય થઈ ત્યારપછી કેટલી યે વારે અમે એ દિશાએથી નજર પાછી ફેરવી શક્યા ને સૂને હૃદયે ઘર ભણી ચાલ્યા.

પ્રકરણ ૯મું

સરકારી મહેમાનો

ઍન્ડ્રૂઝ સાહેબ અને પીઅર્સન સાહેબ સમા દેવદૂતોએ પોતાના સત્સંગથી આખું વાતાવરણ સુગંધિત કરીને વિદાય લીધા પછી તુરત જ હિંદુસ્તાનની અંગ્રેજી સરકારના દૂત સર બેન્જામિન રૉબર્ટસન ફીનિક્સ આવી પહોંચ્યા. સાડા ચાર હજાર માઈલનો હિંદી મહાસાગર એમની દબદબાભરી મનવારે નવદિવસની અંદર ઓળંગી નાખ્યો અને એવી જ દબદબાભરી રીતે તેઓએ હિંદીઓનું અપમાન ધોવાની બાંહેધરી આપતાં દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર પગ મૂક્યો. તેઓ સાહેબ આવીને શું કરે છે, શું ઉકાળે છે, એમના રંગઢંગ કેવા છે, એમનામાં ઍન્ડ્રૂઝ-પીઅર્સન સમા મહામના અંગ્રેજની ભલાઈ છે કે એ સ્મટ્સ સાહેબના જાત ભાઈ જ છે વગેરે પારખાં લેવા અમે સૌ ટાંપી રહ્યા હતા.

સર બેન્જામિન રૉબર્ટસન હિંદુસ્તાનના એક કમિશ્નર સાહેબ હોઈ પોતાને મન તેઓ બહુ મોટા માણસ હતા; પણ અમારા ફીનિક્સમાં તો તેઓ અન્ય અતિથિઓ સમા સદ્‌ગૃહસ્થ જ લેખાય. બેચાર મોટેરાઓ અને ચાર છ વિદ્યાર્થીઓ એમના સ્વાગત માટે તથા સામાન ઊંચકી લાવવા માટે ફીનિક્સ સ્ટેશને ગયા. તેઓ સાહેબને જંગલને રસ્તે ટીંબા ટેકરા ને નાળાં ઓળંગતાં ત્રણ માઈલ પગે આવવું પડ્યું. તેઓ બોલ્યા નહિ, પણ અમે પામી ગયા કે આવી નજીવી મહેમાનીથી તેઓ ધ્રૂજી રહ્યા છે. એમના ચહેરા પર સ્પષ્ટ દેખાતું હતું કે તેઓ પોતાને કોઇ ઊંચી ટોચેથી એકાએક ગબડી પડેલા અનુભવી રહ્યા છે.

હિંદુસ્તાનમાં લાટસાહેબી ચલાવવાની અંગ્રેજોની ટેવથી બાપુજી પૂરા વાકેફ હોઈ તેમણે અહીં એવી લાટસાહેબીને ઉત્તેજન ન આપવાનું ઠરાવ્યું હતું. એથી એમનું ડરબન જઈ સ્વાગત ન કરતાં બાપુજી ફીનિક્સ રહ્યા. ફીનિક્સ સ્ટેશને પણ લેવા ન ગયા; કેવળ આશ્રમની હદ પર સ્મિતભર્યું તેમનું સ્વાગત કર્યું. સ્વમાન સાથે વિનય પણ જળવાઈ રહે એ હેતુથી પોલાક સાહેબને બાપુજીએ ડરબન મોકલેલા. રૉબર્ટસન સાહેબ ફીનિક્સ સ્ટેશને ઊતર્યા કે તરત આમતેમ જોવા લાગ્યા ને પોતાનું સ્વાગત કરનારની શોધમાં પડ્યા. પણ ત્યાં હારતોરા કે સરઘસ કશું જ ન હતું. અમને કોટ ટોપી વિનાના વગડાઉ વિદ્યાર્થીઓને પોતાની સામે ઊભેલા જોઈ તેઓ જરા પાછા પડ્યા. એમના ચહેરા પરનું સ્મિત ઊડી ગયું ને ભારેખમ બની ગયા. એટલામાં રેવાશંકર સોઢાએ આગળ વધી 'શેક હૅન્ડ' કરવા પોતાનો હાથ લંબાવ્યો. હિંદુસ્તાનમાં વસતા અને અમલદારી કરતા ગોરાઓના સ્વભાવની એમને શી ખબર? ફીનિક્સ આવતાજતા ગોરાઓનું સંમાન તેઓ શેક હૅન્ડથી કરવાને ટેવાએલા હતા. પણ રેવાશંકરનું હાથ મિલાવવા જવું એ વિનયને બદલે અવિનય થઈ પડ્યો. હાઇ કમિશ્નર સાહેબે પોતાનો હાથ ન આપતાં સહેજ ડોકું નમાવ્યું અને હાથમાંની લાકડી તસુભર ઊંચી કરી. શેઠ નોકરની સલામ સ્વીકારે એમ અમારી વિદ્યાર્થીઓની સલામ સ્વીકારી તેઓ મગનભાઇ માસ્તર સાથે બે'ક બોલ વાતચિત કરી પગપાળા આશ્રમને પંથે પડ્યા. એમના સેક્રેટરી અને એમના સાથી સદ્‌ગૃહસ્થ રાયબહાદુર પણ એમની પાછળપાછળ ચાલ્યા. ત્રણમાંથી કોઈ કશું બોલતું ન હતું. એમની પાછળ ચાલતાં અમે રેવાશંકરના ફોગટના શેક હૅન્ડનું ટીખળ આખે રસ્તે ચાલુ રાખ્યું.

આશ્રમમાં તેમને એક સાદા ઉતારામાં ઉતારવામાં આવ્યા. તેમને ક્યાં યે ગોઠતું દેખાયું નહિ. તેમાં યે જ્યારે અમે એમની સાથે આવેલા શ્રી સરકાર નામના રાયબહાદુરને પૂરા ગભરૂ ને રૉબર્ટસન

સાહેબના હમાલની પેઠે દબાતા જોયા ત્યારે અમને હસવા સાથે હિંદીઓના એવા સ્વભાવ માટે મનમાં ને મનમાં શરમ આવી. અમને થયું કે એક તરફ આવા તુમાખી સાહેબ ને બીજી તરફ આ ડરપોક મદદનીશ સ્મટ્સ સાહેબ સાથે અમારી શી સમાધાની કરી દેવાના છે?

આ સરકારી મહેમાનોને ફળફળાદિનો નાસ્તો આપી અમે અમારે કામે ચડ્યા. એમના સેક્રેટરી સાહેબને ફીનિક્સમાં થોડા કલાક વીતાવવાનો કોઈ રસ્તો ન જડ્યો ત્યારે તેમણે પોતાનો કૅમેરા ઉપાડ્યો અને જંગલ–બગીચાનાં ચાર છ દૃશ્યો ઝડપી લીધાં. એમના કૅમેરા તરફ અમ બાળકોનું ધ્યાન ખેંચાયા વિના ન રહ્યું; પણ ગોરા સાહેબના એ સેક્રેટરી સાહેબ અમને કાળાં બાળકોને પાસે બોલાવતાં જાણે અભડાતા હોય તેમ અતડા ને અતડા રહ્યા. તેઓ અતડા ન રહ્યા હોત તો અમારી વચ્ચેના થોડા કલાક એમને કંટાળાભરેલા ન થઇ પડત.

દક્ષિણ આફ્રિકામાં ગોરાઓ સામે માથું ઊંચું રાખવાની અને એમની તુમાખી સાથે ટક્કર ઝીલવાની અમને નાના છોકરાઓને પણ ટેવ હતી. એથી ઊલટું જ્યારે અમે હિંદના મોટા રાયબહાદુરને પણ એક અંગ્રેજ સામે બકરી જેવા રાંક બની જતા જોયા ત્યારે અમને અટકળ આવી કે આપણે પોતાના ઘરમાં પણ કેટલા બધા પામર બની ગયા છીએ! હિંદમાં કરોડો હિંદીઓ હોવા છતાં મુઠ્ઠીભર ગોરાઓ સામે તેઓ જ્યાં લળી પડે ત્યાં એમનું હિંદમાં બેઠે અહીંનું દક્ષિણ આફ્રિકાનું અપમાન ધોવાનું શું ગજું? અમને પોતાનું દુઃખ હિંદુસ્તાન પાસે રડવા જેવું ન લાગ્યું. ગોખલે મહારાજ કે ગુરુદેવ સમા ખાસ લોકોની મદદ મળે ખરી. પણ દક્ષિણ આફ્રિકામાં હિંદમાતાનું નામ તો ત્યાં વસનાર અમે જ જાળવી શકીએ.

રૉબર્ટસન ફીનિક્સથી પાછા ફર્યા પછી અમે એમને સાવ વિસારી દીધા. તેઓ દક્ષિણ આફ્રિકાનાં કયાં શહેરોમાં ફર્યા ને ત્યાં શું કર્યું તેની કશી ચર્ચા અમારા બાળમંડળમાં ન થઇ. એમનો ઊંચો હોદ્દો, આકરો રૂવાબ અને એમની નામીચી થઈ પડેલી મનવાર બધું લગભગ એળે ગયું. એના કરતાં સાદા અને સાધુ ઍન્ડ્રૂઝ સાહેબે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડતનો અંત આણવામાં સેંકડોગણું વધુ કામ કર્યું.

હિંદી સરકારના આ પ્રતિનિધિઓ કરતાં તો દક્ષિણ આફ્રિકાની રાજધાની કેપટાઉનના અંગ્રેજ મહેમાન ઘણા માયાળુ ને સહાયક નીવડ્યા. એમાંનાં એક મિસ હૉબહાઉસનું નામ મને યાદ રહી ગયું છે. પણ એમનું સ્મરણ કશું રહ્યું નથી. બુઢ્ઢાં મા મિસ મૉલ્ટિનો લાંબો વખત ફીનિક્સ રહેલાં એટલે એમનું સ્મરણ છે. આખા ચહેરા પર સુંદર કરચલીઓ, હોઠ ઉપર મૂછની સ્પષ્ટ રેષા અને સદા રમતિયાળ વાતચીત, એ મિસ મૉલ્ટિનોની ખાસિયત હતી. એટલી મોટી ઉંમરની મડમ મેં ભાગ્યે જ જોઈ છે. મિસિસ પાયેવેલ (મિસ્ટર વેસ્ટનાં સાસુ) બુઢ્ઢાં હતાં, પણ મિસ મૉલ્ટિને જેટલાં નહિ. મિસ મૉલ્ટિનો અમારી દરેક હીલચાલનું ને વાતચિતનું કૌતક કરતાં. એક દિવસ મારી બા કણેકના પિંડામાંથી રોટલી વણી એક એક મિનિટમાં ગોળ ફુલેલા ફુલકા ઉતારતાં હતાં એ દૃશ્ય મિસ મૉલ્ટિનોએ કૌતુકભરે ચહેરે ઘણી વાર સુધી જોયા જ કર્યું. પછી કહે: 'કેવું આશ્ચર્ય! કેવું સુંદર! કેવું મજાનું! તમે હિંદીઓએ તો આખો રોટીનો સવાલ ટૂંકો ને ટચ કરી નાખ્યો છે. અમારે નાહકના ભઠિયારાઓની સતામણી વેઠવી પડે છે. તમને તો જાણે રોટી બનાવવી એક રમત જ છે.' મગનકાકાએ મિસ મૉલ્ટિનોને હિંદુસ્તાની રીતભાતની વિશેષતાઓ વિષે વધુ ફોડ પાડીને સમજાવ્યું એટલે તેઓ વળી ચકિત થયાં અને બોલ્યાં: 'તમારા જેવા આવા કળાકારોને અમારા લોકો અનાડી ને કૂલી કહે છે?!'

આ રીતે ફીનિક્સમાં આવી જનારા ઘણા દક્ષિણ આફ્રિકાવાસી ગોરાઓ પોતાના જાતભાઇઓને હાથે ભારતનું ભૂંડું અપમાન થએલું જોઇ મનમાં ને મનમાં કોચવાતા પણ હતા. પરિણામે જેમની જેટલી શાખ ને લાગવગ હતી એ બધી વાપરીને તેઓ જનરલ સ્મટ્સ ને જનરલ બોથા જેવા અણનમ સરકારી યોદ્ધાઓને હિંદીઓનો આદર કરવા તથા બાપુજી સાથે સમાધાન કરી લેવાનો આગ્રહ કરવા લાગ્યા.

મિસ મૉલ્ટિનોને ફીનિક્સમાં એટલું બધું ગોઠી ગયું કે જ્યાં સુધી બાપુજી ત્યાં રહ્યા, અંતિમ સમાધાન થઈ ગયું અને બાપુજી વિલાયત માટે તથા અમે હિંદુસ્તાન આવવા માટે ઊપડ્યા ત્યાં સુધી તેઓ ત્યાં જ રહ્યાં. કામ પ્રસંગે થોડા દિવસ બહાર જાય ને ફરી પાછાં ફીનિક્સ આવી રહે. અમારા આશ્રમની ઉત્તરે અર્ધો પોણો માઈલ દૂર એક નાનકડી બંગલી તેમણે રાખી લીધી હતી અને ત્યાં અંગ્રેજી ઢબે પોતાનાં રસોઇપાણી અને આરામઅધ્યયન કરતાં ને અવારનવાર અમારી વચ્ચે આવી વિનોદ કરાવતાં. રવિવારે કે એવે પ્રસંગે અમે પણ ટોળુંવળી એમની મઢૂલીમાં પહોંચી જતા અને એમના નાના ઓરડામાં ભીડ કરી જેમ મનમાં આવતું તેમ સવાલો કરતા. મેં કદી એમને ગુસ્સે થતાં કે અમારાથી ત્રાસતાં જોયાં નથી. એ મિસ મૉલ્ટિનોની ભલાઈ અને પ્રસન્નતા તો સદાને માટે યાદ રહી ગઇ છે.

સત્યાગ્રહની લટકી રહેલી લડત, રેલવે હડતાલ, પૂજ્ય બાની માંદગી, દેવદૂત સમા મહેમાનો અને સરકારી તથા બીજા મોટા અતિથિઓના આગમનની ભીડ, આ બધા પ્રસંગો વીતતાંવીતતાંમાં તો અંગ્રેજોનું મોટામાંમોટુ પર્વ 'નાતાલ' આવી પહોંચ્યું. નાતાલ એટલે અંગ્રેજોની દીવાળી. પણ એનો યે આનંદ અમને મળ્યા વિના ન રહેતો. ઈસા મસીહના બલિદાન અને મહિમા જાણવા ને વિચારવા કરતાં અમારૂં બાળકોનું મન તો ક્રિસ્ટમસ-વૃક્ષનાં મનમાન્યાં ઈનામો તરફ જતું. આજે મને સ્પષ્ટ યાદ નથી રહ્યું કે એ વૃક્ષની રચના મિ. વેસ્ટના ઘરમાં થએલી કે બીજે. મારો ખ્યાલ એવો છે કે મિ. વેસ્ટનાં બે નાનાં બાળકો માટે તેમનાં દાદીએ જ એ વૃક્ષ બનાવેલું. ડાળીએ ડાળીએ મોજાં લટકાવેલાં અને એમાં જાતજાતની સુશોભિત ટીકડીઓ ભરી મૂકેલી. કેટલીક ડાળો પર રંગબેરંગી ખોખાં બાંધી દીધેલાં, જેમાં તરેહતરેહનાં રમકડાં હતાં. દરેક પર જુદાજુદા બાળકનું નામ હતું. જે બાળકનું નામ જે ચીજ ઉપર હોય તે કોઇ ફિરિસ્તો રાત્રે એ ક્રિસ્ટમસ-વૃક્ષ પર મૂકી ગયો છે એવી શ્રદ્ધા ખ્રિસ્તી બાળકોને મૂળથી જ શીખવાય છે. અમે એ વૃક્ષ જોવા ગયા ત્યારે મિ. વેસ્ટની દીકરી એલ્ડા અને તેનો નાનો ભાઈ ઊંઘતાં હતાં. મને થયું કે દાદીમાએ એમને ફોસલાવવાની સરસ યુક્તિ કાઢી છે. પણ શું એલ્ડા સમજશે નહિ કે જો આ ઝાડમાં જ એવાં ઈનામ આપવાનો જાદુ હોય તો એ મોજાંમાં ભરીને શા સારૂ આપે? બીજાં ફળઝાડોની પેઠે આમાં યે ટીકડીઓ ને રમકડાં પાંદડે પાંદડે ફૂટી નીકળવાં જોઇએ. પણ દાદીમા કહે એટલે બીચારી એલ્ડાને એ માનવું જ પડે ને?

એ ઝાડ જોવાની બીજી સવારે મને એક હથોડી ને એક ફરસી ઈનામમાં મળ્યાં. એ ઇનામથી મને ઘણો આનંદ થયો અને એ વાપરવા હું લાકડાં ને પાટિયાં, તથા ખીલાની શોધખોળ માટે ઊપડ્યો. પરંતુ મને મગનકાકાએ એ હથિયારોની સાચવણ રાખવાનું બતાવ્યું અને કહ્યું કે આ લડત પતી જાય અને જેલ જવાપણું ન રહે તો પછી તને રોજ નિયમિતરીતે સુથારી કામ શીખવીશ.

આમ લડત ચાલૂ રહે છે કે પૂરી થાય છે એની ફિકરમાં અમારાં જીવન હીંચોળે ચડ્યાં હતાં. કઈ તરફ જઇને ઢળવાનું છે એની અટકળ આવી શકતી ન હતી.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

સ્મિત

એની આલોચના કરતો આ નિબંધ વાંચ્યા પછી તમને જો સ્મિત આવે તો તેનો પ્રકાર કયો તે તમારે જ શોધી કાઢવાનો



ખડખડાટ હસવા કરતાં જરાક મોં મલકાવીને—નાનકડું સ્મિત કરીને અટકી જવું, એ ઘણે પ્રસંગે વધુ અસરકારક નીવડે છે. સ્મિતનો અભ્યાસ કરતા રહેવાથી માલૂમ પડે છે કે એમાં પણ ઘણા પ્રકારો હોય છે.

આપણે ઘેર કોઈ મહેમાન આવે તેનું સ્વાગત કરતાં આપણે સ્મિત કરીએ છીએ. એને 'સ્વાગતસ્મિત' જેવું નામ આપો. એ સ્વાગતસ્મિત બે પ્રકારનાં હોય છે: 'વિવેકી' અને 'વ્યવસાયી.' વિવેકી સ્વાગતસ્મિતના બે વિભાગ કરી શકાય. કોઇ પણ વ્યક્તિ આવે ત્યારે સભ્યતાને ખાતર કરવું પડેલું સ્મિત અને કોઈ પ્રિય વ્યક્તિનું આગમન થતાં કુદરતીરીતે થએલું ઉમળકા સાથેનું સ્મિત. વ્યવસાયી—ધંધાદારી-સ્મિત એટલે ગ્રાહકને આવકાર આપતા દુકાનદારનું સ્મિત, 'મૅનેજર'ને આવકાર આપતા પટાવાળાનું સ્મિત. રૂપજીવિનીઓના સ્મિતને પણ આ જ વિભાગમાં મૂકી શકાય. આ બધા પ્રસંગોએ જેને માટે સ્મિત થયું હોય એ વ્યક્તિના પ્રત્યુત્તરસ્મિતને 'સ્વાગત-સ્વીકાર-સ્મિત' કહી શકાય.

'નૈપુણ્યભાન'નું પણ એક સ્મિત હોય છે. સંગીતના એકાદ મેળાવડામાં જાઓ: કોઇ સંગીતનિપુણના મોં પર એવું સ્મિત ફરકતું હશે. કોઇ ઊગતા ચિત્રકારની પીંછી જોઇને કોઇ અનુભવી ને પ્રવીણ ચિત્રકારના મોં પર પણ એવું જ સ્મિત હશે. હિસાબમાં ભૂલ કરતા છોકરાને જોઇ કોઈ વડીલના ચહેરા પર પણ એવું જ સ્મિત ફરકતું હશે. જે ક્ષેત્રમાં પોતાને જવાનું છે એ ક્ષેત્રમાં સંપૂર્ણ સફળતા પોતાને વરવાની જ છે એવી ખાત્રી જેનાજેના દિલમાં હોય એ બધાનાં મોં આવી જ જાતના સ્મિતથી મલકતાં હોય છે. અને એ રીતે સફળતા મેળવ્યા પછી—વિજય પ્રાપ્ત કર્યા પછી પણ એ જ જાતનું —પણ વધુ દૃઢ—સ્મિત એમના મોં પર ફરકતું રહે છે. આ બંનેને 'આત્માભિમાનસ્મિત'ના પ્રકાર કહી શકાય. મદદ માગવા આવેલ કોઇ વ્યક્તિને મદદ આપી શક્યા પછી કે દયાની યાચના કરવા આવેલ કોઇ વ્યક્તિ પર દયા બતાવી શક્યા પછી જે સ્મિત થાય છે એને પણ આ જ વર્ગમાં મૂકી શકાય. કોઈ વસ્તુનો સ્વેચ્છાપૂર્વક ત્યાગ કર્યા પછી—કોઇને કંઈ અર્પણ કર્યા પછી કે કોઈની કંઇ સેવા બજાવી શક્યા પછી આત્મસંતોષનો અનુભવ કરતાં જે સ્મિત થાય તે, ઘણે અંશે, આ વિભાગનું જ કહેવાય.

'સારી નોકરી ને સુંદર છોકરી'નાં મનોરથ સેવતા કોઇ યુવાનને અથવા 'સારૂં ઘર ને સુંદર વર' ઈચ્છતી કોઈ યુવતીને પોતાના એવા મનોરથની સિદ્ધિ થતાં જે આનંદ થાય છે તે ઘણીવાર એકાદ નાના મલકાટ દ્વારા પ્રગટ થાય છે. એ સ્મિત—મનોરથની પરિપૂર્ણતા થતાં થએલા આનંદનું સ્મિત બધાં સ્મિતોમાં અનોખું સ્થાન ભોગવે છે. જેમાં આપણી અનુમતિ હોય એવા કોઇએ કરેલ કામની ખબર જાણતાં અજાણતાં જ, મળતાં આપણે જે સ્મિત કરીએ તે આ પ્રકારનું જ હોય છે. પ્રેમ, અનન્ય ભક્તિ, વિશ્વાસ કે એકનિષ્ઠાનું 'તાજું' સ્મિત મીઠું, મનમોહક, નમ્ર અને સુખપ્રદ હોય છે. આ બધાં સ્મિતોને 'મનઃસંતોષસ્મિત'ના પ્રકારો કહી શકાય. કોઈ વસ્તુના સ્વીકાર—અંગીકારનું સ્મિત—ઉપર કહ્યું તેવું સ્વાગતસ્વીકારનું સ્મિત આ મનઃસંતોષસ્મિતનો જ એક પ્રકાર છે. પહાડોની વચ્ચે થઇને વહેતા ઝરણાને કે મિલનની નિશ્ચિત આશા સાથે વિદાય લેતી પ્રેમિકા જેવી સંધ્યાને જોતાં અથવા સાગરનું સંગીત સાંભળતાં થતા આનંદની અભિવ્યક્તિ સમા સ્મિતનો—મોજ, આનંદ કે પ્રમોદના સ્મિતનો—આમાં જ સમાવેશ થાય છે.

પસંદગીના—મનઃસંતોષના આ સ્મિતથી ઉલટું સ્મિત 'નાપસંદગીનું' છે. નાપસંદગીનાં સ્મિત ત્રણ જાતનાં હોય છે. અણગમો અથવા લજ્જા, ઉપેક્ષા અથવા ઓછો પ્રેમ અને તિરસ્કાર અથવા દ્વેષ. કોઈ કન્યાની સગાઈની વાત થતી હોય અને એને એ વિષે કંઈ પૃછવામાં આવે ત્યારે લજ્જામિશ્રિત નાપસંદગીનું સ્મિત એના ચહેરા પર મલકે છે. વાસ્તવમાં આમાં નાપસંદગી જેવું કંઈ હોતું જ નથી. માત્ર વિવેકને ખાતર કે મનોભાવ છુપાવવા ખાતર જ એવું સ્મિત થાય છે. એ સ્મિત રૂપાળું, સુશીલ ને 'સજ્જન' લાગે છે. ઉપેક્ષાનું સ્મિત જોવું હોય તો ઘણા ઓછા મહત્ત્વવાળા, 'ટાઈમ્સ'ના એકાદ લેખની વાત વલ્લભભાઇને કાને નાખી, આંખો હોઠ સામે રાખજો. તિરસ્કારયુક્ત નાપસંદગીનું સ્મિત જોવા માટે, હરિજનપ્રીતિભોજનમાં હાજરી આપવા કોઇ 'સનાતની'ને વિનંતિ કરી જોજો. તિરસ્કારયુક્ત નાપસંદગીના આ સ્મિતમાં આત્માભિમાનનું સ્મિત દેખાય છે, પણ, ઉપર કહ્યા તેવા આત્માભિમાનસ્મિતમાં સમાધાનવૃત્તિ હોય છે ત્યારે આમાં દ્વેષ હોય છે.

'નમ્રતાનું સ્મિત' જુદી જ જાતનું હોય છે. અને બીજાં સ્મિત કરતાં, પ્રમાણમાં, એ ઓછું 'ટકે' છે. કોઈ સભામાં પ્રવચન કરવા ઊભા થતા કોઇ વક્તાના ચહેરા પર, પ્રવચનની શરૂઆતમાં વંદન કરતી વખતે જે સ્મિત હોય છે તે આ જાતનું હોય છે. નિર્દોષતાનું સ્મિત પણ કંઈક અંશે આવું જ હોય છે.

'સ્નેહનાં સ્મિત' બે પ્રકારનાં હોય છે: મૈત્રીનું અને મુરબ્બીવટનું. આ બંને જાતનાં સ્નેહસ્મિતમાં પણ આત્માભિમાન-સ્મિતની થોડીક છાયા દેખાય છે, પણ ફેર એટલો છે કે, આગળ કહ્યા તેવા આત્માભિમાન-સ્મિતમાં કંઈક ઠપકાની નજર હોય છે, ત્યારે આમાં પ્રેમ નીતરતો હોય છે. મુરબ્બીવટના સ્મિતમાં જવાબદારીના ભાનની—અહમ્‌ની આછી છાંટ જણાય છે.

ક્લાન્તિ ઉદ્ભવે છે ત્યારે મોં પર જે સ્મિત હોય છે તેના ત્રણ વિભાગ કરી શકાય. લાંબા પ્રવાસ પછી ગાંધીજીના મુખારવિંદ પર જે જાતનું સ્મિત હોય છે એને શ્રમની અસરવાળું 'ક્લાન્તિ-સ્મિત' કહી શકાય. બીજા વિભાગમાં 'કંટાળાનું સ્મિત' આવે છે. કંટાળાનાં સ્મિત બે જાતનાં હોય છે. અમુક કાર્યમાં ઉપરાઉપર મળેલી નિષ્ફળતાથી આવેલા કંટાળાનું સ્મિત અને લાંબી માંદગી પછી—તેના પરિણામે ચીઢિયાપણાની અસરવાળા સ્મિત જેવું સ્મિત. સહન કરવાની હદ આવી રહે ત્યારે માણસના મોં પર અસહિષ્ણુતાની અસરવાળું જે સ્મિત હોય છે તે કંટાળાના ત્રીજા વિભાગમાં મૂકી શકાય. એક કામ કરતા હોઇએ ત્યારે, વધારે પ્રબળતાવાળી કોઈ બીજી વસ્તુની અસરથી પહેલા કામમાં કંટાળો આવવા લાગે (દાખલા તરીકે, કોઈ પુસ્તક વાંચતા હોઇએ ત્યારે ઊંઘના ઝુમલાથી વાંચનમાં કંટાળો આવવા માંડે) ત્યારે કંટાળાનું જે સ્મિત આપણે કરીએ તે કંઈક આવું જ હોય. ખેદ ને નિરાશાનું સ્મિત (અનુસંધાન આગળ પાન ૩૪૨મે)

પંચતંત્રની વાર્તાઓ

ચોથું તન્ત્ર

વાનરે વ્યાખ્યાન આગળ ચલાવ્યું, 'એટલે મૂર્ખા, તેં કપટ કર્યું, પણ યુધિષ્ઠિર જેવા સત્યવક્તા થઈને તેં તારૂં કામ બગાડયું. અથવા આ ઠીક કહેવાય છે:

છોડીને સ્વાર્થ જે દંભી સાચું બોલે સુમન્દધી ।
સ્વાર્થભ્રષ્ટ બને નક્કી જાણે બીજો યુધિષ્ઠિર ॥'

મગર કહે 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૪

કોઈ ઠેકાણે કુંભાર રહેતો હતો, તે બહુ વેગથી દોડતાં દોડતાં અર્ધા ભાંગેલા ઘડાની ધારાળી ઠીકરી ઉપર પડી ગયો, તેથી એને કપાળે ફૂટ થઈ, શરીર લોહીલોહાણ થઈ ગયું, ને માંડમાંડ ઊઠીને ઘર ભેળો થયો, પછી પણ સારવાર સારી ન થઈ એટલે ઘા વકર્યો ને બહુ દિવસે રૂઝાણો.

હવે એક વાર દેશમાં દુષ્કાળ પડ્યો એટલે કુંભાર રાજસેવક જોડે દેશાન્તર જઈને કોઇ રાજાને ત્યાં નોકર રહ્યો. કુંભારના લલાટમાં ઘાનું ચાઠું જોઈને રાજાએ વિચાર્યું: 'આ કોઇ વીરપુરૂષ છે, અને સામે મોઢે લડતાં કપાળમાં વાગ્યું લાગે છે.' એટલે બધા રાજપુત્રોની વચ્ચે રાજા એને વિશેષ માન આપતો. તે રાજપુત્રો આ દેખી શકતા નહિ પણ રાજાના ભયથી કાંઇ બોલતા નહિ.

એક દિવસ વિગ્રહપ્રસંગ ઊભો થયો હતો, રાજા વીરસંભાવના કરતો હતો, હાથીઘોડા ને યોદ્ધા સજ્જ બનતા હતા ત્યારે રાજાએ કુંભારને પ્રસ્તાવાનુગત પ્રશ્ન કર્યો, 'હે રાજપુત્ર, તારું નામ શું? ને જાત કઈ? કઈ લડાઈમાં તારે લલાટે આ પ્રહાર લાગ્યો?' તે બોલ્યો, 'દેવ, આ શસ્ત્રનો ઘા નથી. હું તો કુંભાર છું. મારે ઘર બહુ ઠીબ હતી, એના ઉપર માજમ પીને ભાન ભૂલેલો હું એકવાર પડી ગયો, તેથી મારા કપાળમાં વાગી ગયું હતું એનો આ ઘોબો છે.' એ સાંભળીને રાજા કહે, 'અહો, આ રાજપુત્રાનુકારી કુંભારથી હું છેતરાઈ ગયો. એટલે ઝટપટ આપો એને અર્ધચન્દ્ર.' કુંભાર કહે, 'એમ કર મા. રણક્ષેત્રમાં મારી હાથચાલાકી તો તું જો.' રાજા કહે, 'તું ભલે સર્વગુણસંપન્ન હો, તો પણ જા. અને કહ્યું છે:

પુત્ર તું છો ભલે શૂરો વિદ્યાવાન્ દર્શનીય યે ।
જે કુલે જન્મ છે તારો હાથી ત્યાં ન હણાય ॥'

કુંભાર કહે, 'એ કેમ?' રાજા કહે:

કથા ૫

એક ઠેકાણે સિંહદંપતી વસતાં હતાં. સિંહણે બે દીકરા જણ્યા. સિંહ રોજ પશુ મારીને સિંહણને આપતો. એકવાર એને કાંઇ મળ્યું નહિ ને વનમાં ભમતાં સૂરજ આથમ્યો. ઘર જતાં એને શિઆળનું બચ્ચું મળ્યું, તેને બાળક જાણી જીવતું જ સિંહણને સોંપ્યું. સિંહી કહે, 'કાન્ત, કાંઇ ભોજન ન આણ્યું?' સિંહ કહે, 'પ્રિયે, આ બચલા વિના આજ કાંઇ ન મળ્યું. અને બાળક તથા સ્વજાતીય જાણીને મેં એને માર્યું નહિ. તરત તો તું એને જ ખાઈ લે. પ્રભાતે બીજું કાંઇક લઈ આવીશ.' તે બોલી, 'તેં બાળક જાણીને એને ન માર્યો, તો હું કેમ એને પેટ સારૂ થઇને મારું? એટલે મારે ત્રણ પુત્ર છે એમ જાણીને હું એને ઉછેરીશ.'

ત્રણે બચ્ચાં એકબીજાનો જાતિવિશેષ જાણ્યા વિના સાથે આહારવિહાર કરે છે. એકવાર એ વનમાં ફરતાં હતાં ત્યાં હાથી મળ્યો. એને જોઇને સિંહનાં બચ્ચાં કોપાયમાન થઈને એની આગળ ગયાં, તો શિઆળ કહે, 'અહો, આ તમારો કુલશત્રુ હાથી છે. એની આગળ જાઓ મા.' એમ કહીને એ ઘેર ભાગ્યો. અને મોટા ભાઈ ભાગ્યો જાણીને સિંહનાં બચ્ચાં પણ નિરુત્સાહ થઈ ગયાં. ઘેર આવીને એણે માબાપ આગળ હસતાંહસતાં જ્યેષ્ઠબાંધવ હાથીને દેખીને દૂરથી નાસી ગયાની વાત કરી. એ સાંભળીને શિઆળ રાતી આંખ કરીને કઠોર વચન બોલ્યો. એટલે સિંહણ એને એકાંતમાં લઈ જઈને કહે, 'બચ્ચા, એવું કદી ન બોલતો. એ તારા નાના ભાઇ થાય.' શિયાળ ઘખીને કહે, 'આના કરતાં હું શૌર્ય, રૂપ, વિદ્યાભ્યાસ કે કુશળતા— કોઈ વાતે ઊતરતો છું, તે મને આમ હસે છે? એટલે હું આને મારી નાખીશ.' આ સાંભળી એનો જીવ બચાવવા ઇચ્છતી સિંહણ કહે:

'પુત્ર તું છો ભલે શૂરો વિદ્યાવાન્ દર્શનીય યે ।
જે કુલે જન્મ છે તારો હાથી ત્યાં ન હણાય છે ॥

એટલે સાંભળ. વત્સ, તું શિઆળનું બચ્ચું છો ને મેં કૃપા કરીને મારા સ્તનના દૂધથી તને પોષ્યો છે. એટલે આ મારા પુત્ર બાળપણને કારણે તને શિઆળ જાણતા નથી ત્યાં ઝટ જા ને સ્વજાતીલામાં ભળી જા. નહિ તો આને હાથે તું માર્યો જાઈશ.' સિંહણનું વચન સાંભળી વ્યાકુળ થઈને શિઆળ ભાગી ગયો ને શિઆળમાં ભળી ગયો.

એટલે તું પણ આ સુભટ તને કુંભાર નથી જાણતા ત્યાં ભાગી જા, નકર આ તારી વિડંબના કરીને તને મારશે.' આ સાંભળીને કુંભાર તરત નાસી ગયો. એટલે હું કહું છું: 'છાડીને સ્વાર્થ જે દંભી' ઇતિ.

(ચાલુ) **દેસાઈ વાલજી ગોવિન્દજી**

સ્મિત

(અનુસંધાન પાછળ પાન ૩૪૧થી) પણ કંઈક અંશે આવું જ હોય છે.

કંઈ લુચ્ચાઇ, કાવતરૂં કે કપટ કરતી વખતે માણસના મોં પર જે સ્મિત હોય છે તે કંઇક અંશે 'નૈપુણ્યભાન-સ્મિત' જેવું હોય છે; પણ એમાં મલિનતાની છાપ અસ્પષ્ટ હોય છે. શોધકબુદ્ધિનું સ્મિત પણ કંઇક આવું જ હોય છે,-માત્ર એમાં મલિનતા હોતી નથી.

'ગુસ્સાનું સ્મિત' કંઇક અંશે તિરસ્કારયુક્ત નાપસંદગીના સ્મિત જેવું હોય છે. ભોગવિલાસનાં પણ સ્મિત હોય છે. કામાતુર મલિનતા અને વિકારના ભાવ એમાં સ્પષ્ટ નજરે પડે છે. નાસ્તિકતાનું સ્મિત વિચક્ષણ હોય છે અને થોડે અંશે નાપસંદગીના સ્મિતને મળતું આવે છે. મૂર્ખાઈનું સ્મિત પણ હોય છે; પણ એ સ્મિત કરનારની મૂર્ખાઈ પર હસવું આવે એ સિવાય, એની કંઇ અસર હોતી નથી.

જુદાંજુદાં સ્મિતનો અભ્યાસ કરતા રહેશો તો હજી યે કદાચ નવાં મળી આવશે.

નોંધ: આ લેખમાં આપેલાં નામો 'શાસ્ત્રીય' નથી. 'સ્મિતશાસ્ત્ર' જેવું કોઇ શાસ્ત્ર હોય એમ હું જાણતો નથી. હોય તો મેં એ વાંચ્યું નથી. જે પ્રકારના સ્મિતને જેવું નામ આપવું મને યોગ્ય લાગ્યું તેવું નામ આપ્યું છે.

(સૂચિત) **'મઞ્જુલ'**



માધુકરી

આંખોમાં છે કૈં કૈં સ્વપ્નાં, હૈયે શૌર્ય તણો છે ટેક;
સાહસપંથે ધસવા કાજે દિનદિન રાખો કોડ અનેક.
જયજય પ્યારા વીર સજાત!

અંધારી ખાણોથી ખોદી લાવો નવનવ તારકરત્ન;
યૌવનની ગતિ કો નહિ રોકે જ્યાં યૌવનના સત્ય પ્રયત્ન!
જયજય પ્યારા વીર સજાત!

ધનધન પ્યારા વીર જુવાનો! ધનધન શૌર્યભરી તગવાણ,
ગાજો તેવા વરસી જાજો, કરતા જગત તણું કલ્યાણ.
જયજય પ્યારા વીર સજાત! —કવિ ખબરદાર

સંગીતાચાર્ય વિષ્ણુદાસ શિરાલી

જેમણે ઉદયશંકરનાં નૃત્યોમાં દેવ-વાતાવરણ સર્જ્યું, નૃત્યના અંગમાં અને દરેક હાવભાવમાં તથા શરીરના હલનચલનમાં સંગીતની સુરાવટો પૂરીને નૃત્યસંયોજનમાં અજબ માધુર્ય રેડ્યું, નૃત્ય સાથે સંગીત, તાલ અને લયનો અવિભિન્ન સુયોગ સાધ્યો તે, વિશ્વવિખ્યાત નૃત્યકાર ઉદયશંકરના કલા-સંસ્કારકેન્દ્રના મુખ્ય સંગીત પ્રણેતા શ્રી શિરાલીજીનો જન્મ કર્ણાટકમાં હુબલી ગામે ઇ. ૧૯૦૭માં થયો હતો. તેમના પિતા મંગેશરાવ શિરાલીએ અત્યંત ગરીબ કુટુંબમાં ઉછરી, આખર સુધી ભિક્ષાવૃત્તિ ઉપર જીવન નિભાવી પુત્રને પ્રાથમિક શિક્ષણ અપાવ્યું. માતા શ્રી શાન્તાદેવીએ પણ પોતાના બાલકને જન્મથી ધાર્મિક શિક્ષણ આપી તેનામાં ઉચ્ચ સંસ્કાર પ્રેર્યા. શરૂઆતમાં તો તેમના પિતા ઓકર તરીકે કામ કરતા, પણ પાછળથી બાળકની ઉમર નવ વર્ષની થતાં સાંસારિક ઉપાધિઓ છોડી તે ઈશ્વર-ભજન તરફ વળ્યા, એટલે પાછલી જિંદગીમાં કુટુંબનિર્વાહઅર્થે તેમને ભિક્ષાવૃત્તિ ઉપર જ નભવું પડ્યું.

બારમે વર્ષે વિષ્ણુદાસે માતૃભાષાની પ્રાથમિક કેળવણી હુબલી ગામે જ પૂરી કરવા ઉપરાંત અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનો હાઈસ્કૂલનો અભ્યાસ પણ પૂરો કર્યો. એ અરસામાં—૧૯૧૯માં—ભારતસંગીત-સમ્રાટ પંડિત વિષ્ણુ દિગંબરજી હુબલીમાં સંગીતના પ્રચારાર્થે આવ્યા. પિતા મંગેશરાવ અવારનવાર પંડિતજીના જલસામાં જતા, તે વેળા સાથે સંગીતરસજ્ઞ બાળક વિષ્ણુદાસને પણ લઈ જતા. પંડિતજીના મુખેથી રામાયણના શ્લોકો સાંભળી પિતાના જીવન પર ઘણી અસર થઇ. તેમણે ઘર આગળ પુષ્કળ વિચાર કર્યો. પુત્રને આગળ અંગ્રેજી અભ્યાસ કરાવવાની પોતાની શક્તિ નહોતી અને વળી એનું ધ્યાન બીજા અભ્યાસ કરતાં સંગીતમાં વધુ ઊતરવા લાગતું જણાયું હતું. પિતાએ વિચાર્યું: 'પંડિતજીની મંડળી સાથે સંગીતના અભ્યાસ અર્થે એને મોકલું તો એની જિંદગી સુધરે ને પરમાર્થનું કંઇ કાર્ય પણ કરી શકે.' પુત્રને વાત કરી. પિતાજીની પણ ઈચ્છા અનુકૂળ જાણી યુવાન વિષ્ણુદાસ પણ ખૂબ ખુશ થયા અને પંડિતજીની અનુજ્ઞા લઈ આનંદથી તેમની મંડળીમાં જોડાઈ ગયા



ઉદયશંકર-કલાસંસ્કાર-કેન્દ્રના સંગીતનિયામક
શ્રી વિષ્ણુદાસ શિરાલી

એ વખતે પંડિતજીની મંડળીમાં એક સો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. પંડિતજીએ બે લાખ રૂપિયા ખર્ચી મુંબાઈમાં 'ગાંધર્વ મહાવિદ્યાલય'ની સ્થાપના કરી હતી. શિરાલીજીએ આવી મોટી સંસ્થામાં પણ સંગીતમાં પુષ્કળ ધ્યાન આપી ઉદ્યમથી શીખવા માંડ્યું. સાથે સાથે ગુરુની વધુ નજીક આવવા ને તેમનો પ્રેમ સંપાદન કરવા તેમની ખૂબ સેવા કરી. અન્ય વિદ્યાર્થીઓ માત્ર ગાનતાન કરી પોતાની પ્રવૃત્તિમાં મશગૂલ રહેતા, ત્યારે તેમણે પોતાનો ફાજલ સમય ગુરુ-સેવામાં આપવા માંડ્યો. એક બાજુ સંગીતકળાની સાધના ને બીજી બાજુ ગુરુસેવા, એમ એમણે બેવડી આરાધના શરૂ કરી. ગુરુ સાથેના એ ગાઢ સંસર્ગને લીધે તેમની સાથે દેશપર્યટનમાં જવાની એમને તક મળતી. આ અમૂલ્ય લાભે એનો વિકાસ અનેકગણો વધારી મૂક્યો. પર્યટન વખતે પણ ગુરુની પગચંપી કરવી, તેમને પંખો નાખવો વગેરે અનેક નાનીનાની સેવાઓ શિરાલી જ ઉપાડે. કુદરતીરીતે જ ગુરુનો તેમના પ્રત્યે વિશેષ ભાવ રહેતો. ગુરુ સાથે પ્રવાસે જવા બધા વિદ્યાર્થીઓની સભા થતી ને તેમાંથી જે ચૂંટાતા તેને જ મંડળીમાં લઈ જવામાં આવતા. પણ શિરાલીને તો ગુરુની અંગત સેવા માટે સાથે જવા વગર ચૂંટણીએ જ લાભ મળતો. ચૌદ વર્ષની ઉમરમાં તો તેમણે

ગુરુ સાથે અનેક પ્રાંતોનું પર્યટન કરી અન્ય ભાષાજ્ઞાન પ્રાપ્ત કરી લીધું.

એક વખત તેઓ મંડળી સાથે પંઢરપુરમાં હતા. વાદ્યોમાં તેમને દેશી વાદ્યો તરફ વધુ આકર્ષણ હતું અને સિતાર પ્રત્યે તેમને વધુ મમતા હતી. એક રાત્રે ગુરુસેવા બાદ તેઓ સિતારમાં માલકોષ વગાડતા હતા. તેઓ તો સંગીતમાં મશગૂલ હતા; પાછળ ગુરુ ધ્યાનપૂર્વક સાંભળતા હતા. રાગમાં ઘણી ભૂલ થતી હતી, પણ ગુરુએ પ્રથમ તો કહ્યું કે ઘણો સરસ વગાડ્યો. પછી ધીરેધીરે એવી સૂચનાઓ આપી કે ત્યાં જ સાચું જ્ઞાન પ્રાપ્ત થયું. ગુરુએ પણ ખરે સમયે જ કહ્યું કે જેથી તેમને સાચી પ્રેરણા મળી. ત્યાર બાદ પંડિતજીએ ઉજ્જૈનના ભૈયા સાહેબ અપ્ટેવાલા જેઓ સિતારના ઉસ્તાદ હતા તેમને પાંચ મહિના માટે વિદ્યાર્થીઓને તાલીમ આપવા વિદ્યાલયમાં બોલાવ્યા. તેમની પાસેથી પણ તેમણે ઘણું જાણી લીધું.

એક વખત એક વિચિત્ર પ્રસંગ બની ગયો. ગુરુમંડળી સાથે એક વાર શિરાલીજીને કોઇ મહાત્માને ત્યાં જમવાનું નિમંત્રણ મળ્યું. શિરાલીજી જ્ઞાતિએ બ્રાહ્મણ તો હતા; પણ બ્રાહ્મણોમાં યે ઉચ્ચનીચનો ભેદ રાખનાર મહાત્માએ તેમનું જમવાનું પાત્ર અલગ રાખ્યું. શિરાલીજીની ઉંમર તે વખતે સત્તર વર્ષની હતી. દિલમાં ઘણું લાગી આવ્યું. તે દિવસે જમ્યા પણ નહિ. ગુરુને મનમાં ખ્યાલ આવી ગયો, પણ એ વખતે કાંઈ બોલ્યા નહિ. મુંબાઈ પાછા આવતાં ગુરુએ જ એક દિવસે આગલો પ્રસંગ ધ્યાનમાં લાવી શિરાલીજીને પોતાને ત્યાં જમવા આજ્ઞા કરી. તેમને ઘણો સંકોચ થયો. ગુરુની સાથે વાત કરવી એમાં પણ દરેક વિદ્યાર્થી ખૂબ જ સંકોચ ને ક્ષોભ અનુભવતો. તો પછી જમવાની તો વાત જ શી? ગુરુએ પોતાનાં પત્નીને કહી દીધું કે શિરાલીની બેઠક મારી નજીક જ રાખજો. અત્યાર સુધી કોઈ દિવસ નહિ ને આજે ગુરુની પાસે બેસી જમવામાં તેમને ઘણો ક્ષોભ થયો. પણ ખુદ પંડિતજીએ પોતાની પાસે બેસાડી, ગત પ્રસંગ સંભારી કહ્યું: 'તે દિવસે તને ખરાબ લાગેલું તે મારા ધ્યાનમાં હતું. કોઇ વખત એવું પણ બને. એમાં ખોટું શું લગાડવું ?'

પંડિતજી એક મહર્ષિ જેવા જ હતા. સંગીત માટે તેમણે આખું યે જીવન અર્પણ કરી સંગીતના સ્થાનને ઊંચું લાવવા પ્રયત્ન કર્યો હતો. કોઈ દિવસ તેમણે રાજામહારાજાઓ સામે નીચે બેસી ગાયું નહોતું. સમાન દરજ્જે બેસીને જ ગાવાનો તેમનો આગ્રહ હતો. ઇ. ૧૯૨૬માં રાયગઢના મહારાજાએ પંડિતજીની મંડળીને આમંત્રણ આપ્યું. પંડિતજીએ એક જ શર્ત રજૂ કરી કે 'રાજાના સિંહાસનની કક્ષામાં જ બેસીને હું ગાઈશ. એ શર્તે જો કબૂલ હોય તો જ હું આવીશ.' રાજામહારાજાઓ પણ તેમના સ્વભાવને સમજી ગયા હતા.

ગાંધર્વ મહાવિદ્યાલયનો નવ વર્ષનો અભ્યાસક્રમ આઠ જ વર્ષમાં પૂરો કર્યો ને વીસ વર્ષની વયે અભ્યાસક્રમ પૂરો કરવા સાથે ભાષાજ્ઞાનમાં મરાઠી, કર્ણાટકી, હીંદી, સંસ્કૃત અને સાધારણ અંગ્રેજી પણ પ્રાપ્ત કરી લીધું. અભ્યાસક્રમ પૂરો કર્યો એટલે પંડિતજીએ તેમને લાહોર વિદ્યાલયમાં આચાર્ય તરીકે નીમ્યા. ૧૯૨૭થી ૨૮ સુધી તેમણે એ સંસ્થામાં કામ કર્યું. ત્યાર બાદ તે પંડિતજીને મળવા પૂના ગયા ને ત્યાં પંડિતજી પાસેથી રજા લઇ તેઓ છૂટા થયા.

૧૯૨૫માં તેમણે કોઈ સ્વામીનું પુસ્તક વાંચેલું ત્યારથી તેમને પરદેશગમન કરવા ઉત્કંઠા જાગેલી. આથી હવે તેમણે ઇગ્લંડ જવા તૈયારી કરવા માંડી. તે પહેલાં લાહોરમાં એક પ્રોફેસર પાસે તેમણે વધુ અંગ્રેજી શીખવા માંડેલું. પોતે બદલામાં એ પ્રોફેસરને સિતાર શીખવતા. આમ ઇગ્લંડ જતાં પહેલાં અંગ્રેજી ભાષા શીખી લીધી.

૧૯૨૮માં તેમણે ઇગ્લંડ જવા તૈયારી તો કરી, પણ પાસે રાતી પાઈ પણ હતી નહિ. રૂ. ૧૦૦૦ની જોગવાઈ કરવા તેમણે મહેનત કરી. શ્રીમંત મિત્રો પાસેથી જેમતેમ કરીને ૭૦૦ રૂપિયા મેળવ્યા. ત્રણસો રૂપિયા માતાની અંગત મૂડી જે ઘણાં વર્ષથી માતાએ સાચવી રાખેલી તે તેમની પાસેથી મેળવી. મુંબાઇમાં શ્રી બિરલાને મળ્યા. તેમણે ત્રણ અઠવાડિયાં સુધી લંડનમાં રહી શકાય એવી ત્યાં આર્યભવનમાં વ્યવસ્થા કરી આપી. ૧૯૨૯માં ગયાજીમાં ગુરુજીને આખરી મળ્યા, અને તેમના આશીર્વાદ લઈ તેઓ ૧૯૨૯ના નવેમ્બરમાં ઇટાલિયન લાઇનમાં વેનીસ થઈ લંડન ગયા. ૧૯૩૧માં પંડિતજીનો દેહાન્ત થયો.

ઇગ્લંડ જતી વખતે સાથે તેમનાં ખાસ વાદ્યો સિતાર, તબલાંતરંગ, જલતરંગ વગેરે હતાં. એ વેળા ઘણાએ કહ્યું કે ત્યાં નકામા જાઓ છો!; કાંઈ ફાયદો નહિ કાઢો. પણ કોઇનું સાંભળ્યું જ નહિ. લંડનમાં યુનિવર્સિટી હૉલમાં તેમણે 'સ્ટુડન્ટસ શો' કર્યો અને બીજા બેત્રણ ઠેકાણે પણ ફ્રી શો કર્યા. ત્રણ અઠવાડિયાં સુધી તો કાંઈ ફિકર હતી નહિ. પણ પછી મુશીબત ઊભી થઈ. એક વખત તો આપણા હિંદી ભાઇઓએ ગાવા માટે આમંત્રણ આપ્યું ને છેવટે ટૅક્સીભાડું પણ ન ચુકાવ્યું !

આ દરમિયાન પારીસથી એક ઝવેરી લંડન આવ્યા. તેઓ પણ આર્યભવનમાં ઊતર્યા હતા. તેમણે વાતવાતમાં શિરાલીજીને કહ્યું કે 'તમે પારીસમાં ઉદયશંકરને મળો. એમને પોતાની પાર્ટી માટે કોઈ સારા સંગીતજ્ઞની ઘણી જ જરૂર છે.' રૂમ ઉપર આવીને વિચાર કર્યો કે પારીસનો પણ અનુભવ લઈ લઇએ; જોઇએ, શું થાય છે! પાસેના રૂપિયા પણ ખૂટવા આવ્યા હતા. તાત્કાલિક એક ચિઠ્ઠી પારીસ શ્રી ઉદયશંકરને લખી નાખી. પૈસા ખૂટતા હોવાથી તેમણે ક્રૉમ્વેલ રોડ પર ઇન્ડિયન બોર્ડિંગમાં રહેવાનું રાખ્યું. પંદર શિલિંગ જ પાસે હતી. એક મહિના સુધી એક જ 'સૂટ' ઉપર નિભાવ કરતા. અચાનક બે મિત્રો તેમની પરિસ્થિતિ જાણી ગયા. દરમિયાન તેમની રૂમમાં ઉદયશંકરનો જવાબ આવી ગએલો. પેલા મિત્રે પત્ર ખોલી વાંચી લીધો અને ખરી પરિસ્થિતિ સમજી જતાં તે જ સાંજે એ મિત્રોએ શિરાલીજીને પારીસ જવાનો આગ્રહ કરી બબ્બે પૌંડ આપ્યા.

પારીસ કાગળ લખી નાખ્યો કે હું આવું છું. ત્યાં સ્ટેશને ઉદયશંકર, સિમ્કી તથા તેની માતા સામાં આવ્યાં. બેત્રણ દિવસ ત્યાં રહ્યા. દરમ્યાન સિતાર વગેરે વગાડી બતાવ્યાં. તેમના કામથી ઉદયશંકર ખુશખુશ થઇ ગયા. બધી વાતચિત કરી નક્કી કર્યું. ઉદયશંકર તો હિંદ આવતા હતા અને તે પાછા પારીસ જાય ત્યાં સુધી શિરાલીજીએ ઇગ્લંડમાં રોકાવાનું હતું. ત્યાં એક હિંદી ડૉક્ટર મિ પારખી(F.R.C.S.) હાર્વે સ્ટ્રીટમાં રહેતા હતા તેમણે એમને ખૂબ મદદ કરી. પોતે સિતાર શીખતા અને મિત્રોમાં શિરાલીજીનો પરિચય કરાવતા.

આઠ મહિના બાદ ઉદયશંકર પારીસ પાછા ફર્યા અને પાર્ટી શરૂ કરી શિરાલીજીને બોલાવી લીધા. તેમની સાથે તેમણે યુરોપમાં ખૂબ પ્રવાસ કર્યા અને અનુભવ મેળવ્યો. ઈ. ૧૯૩૮માં ઉદયશંકર યુરોપના પ્રવાસેથી પાછા ફર્યા; પણ શિરાલીજી ઇગ્લંડમાં જ રોકાયા ને ત્યાંના ડાર્ટિંગ્ટન હૉલમાં સંગીતના 'થીઓરેટિકલ' (સૈદ્ધાન્તિક) અભ્યાસની ત્યાંના કંડક્ટર મિ. ઓપનહામ પાસે તાલીમ લીધી. ૧૯૩૮ના ડિસેમ્બરમાં તે હિંદ આવ્યા અને જાન્યુઆરીમાં આલમોડામાં આવેલા ઉદયશંકરના 'કલાકેન્દ્ર'માં જોડાયા. અત્યારે પણ ત્યાં તેઓ સંગીતપ્રણેતા તરીકે ઉદયશંકરના જમણા હાથ બનીને રહ્યા છે.

શ્રી શિરાલીજીએ ભારતીય સંગીતનાં શુદ્ધ સ્વરૂપોનો પૂર્ણ અભ્યાસ કરીને, શ્રી ઉદયશંકરનાં નૃત્યો સાથે તેની નવીનતાઓ ને વિવિધતાઓ સરજવામાં અપૂર્વ ફાળો આપી હિંદી સંગીતની સમૃદ્ધિ વધારી દીધી છે. તેમના સ્વભાવની સુજનતા અને મિઠાશથી તેઓ સર્વત્ર પ્રેમપાત્ર બની ગયા છે.

ઉચ્ચ ગાયકો

આજથી પચીસ વર્ષ પહેલાં શાસ્ત્રીય સંગીતનો શોખ આજના જેટલો ન હતો. તે વખતે સારા મુસ્લિમ ગાયકો ધંધાર્થે ગાનારીઓને શીખવતા. આ અરસામાં સદ્ગત સંગીતાચાર્ય પં. વિષ્ણુ દિગંબરે અને ખાં સાહેબ અબ્દુલ કરીમખાંએ નિષ્ણાત ગાનાર તરીકે ખ્યાતિ મેળવી અને સેંકડો શિષ્યોને તૈયાર કર્યાં. આજે એ શિષ્યો આપણા દેશમાં ઉચ્ચ સંગીતનો સુંદર પ્રચાર કરી રહ્યા છે.

આજે મોટાં શહેરોમાં તો અનેક ગાનારા મળી રહે છે ને હિંદના દરેક રેડિયો સ્ટેશન પરથી આપણે શાસ્ત્રીય સંગીતકારોને સાંભળી શકીએ છીએ. રેડિયો અને સીનેમા દ્વારા આજે સંગીતનો જે સારો પ્રચાર થયો છે તેથી અનેક શ્રોતાઓ સંગીતના અભ્યાસી પણ થયા છે. ઉચ્ચ ગાયનની સાચી પદ્ધતિ ને અભ્યાસ માટે દરેક સંગીતપ્રેમીને જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે, એટલે અત્રે આપણે સારા શાસ્ત્રીય ગાયકોનાં સંગીતની ખૂબીઓ પ્રતિ દૃષ્ટિપાત કરીશું.

સમ્રાટ અકબરના વખતમાં બૈજુબાવરાથી માંડી તાનસેન જેવા ગાયકોએ જે ચીજો જુદાજુદા રાગોમાં લખી છે તે ઘણું કરી વ્રજભાષાની કિંવા હિંદુસ્તાની ભાષામાં છે. એ ભાષાને પૂરી ન સમજી, અપભ્રંશ કરી ગાનાર ગાયકો આજે અનેક મળી રહે છે, પણ સારા ગાયકો તેમ ન કરતાં ચીજને સંપૂર્ણ સમજી તેનો ભાવ રજૂ કરે છે.

સંગીત સંબંધીના પ્રાચીન ગ્રંથોમાં ગાયકોના અનેક ગુણો અને અવગુણો દર્શાવેલા છે. નાકેથી ન ગાવું, અવાજને દાબવો નહિ, પૂતળાની પેરે સ્તબ્ધ રહી ન ગાવું, અસ્પષ્ટ ન ગાવું, એમ સૂચવી એ ગ્રંથો લખે છે કે જમીને તરત ગાયકે ન ગાવું, વિકારી અવાજે, તરત નહાઇને, બસૂર કે બેતાલે પણ ન ગાવું. તંગ કપડાં પહેરીને, મોઢેથી શ્વાસ લઇને, ઠંડી હવામાં બેસીને, કઠોર અવાજ લગાવીને જે ગાયકો પોતાની કળા જનતા સમક્ષ રજૂ કરે છે તે ગાયકો ઉચ્ચ સંગીતનાં સુંદર તત્ત્વો શ્રોતાઓ સમક્ષ કદાપિ રજૂ કરી શકતા નથી.

સારા ગાયકો હમેશાં બ્રહ્મચર્યનું પાલન કરી પોતાના અવાજને અવિકારી બનાવે છે. તેઓ હમેશાં નિર્ભય હોય છે અને વ્યાયામ પ્રત્યે અભિરુચિ ધરાવે છે. અતિ દ્રુત, અસ્વાભાવિક પદ્ધતિથી તેઓ કોઈ પણ ચીજને છેડતા નથી, પછી ભલેને તે ચીજ ધ્રુપદ હોય યા ખ્યાલની હોય. તેઓ નિંવ્યસની હોય છે અને મરીમશાલા તથા તિખાશથી તેઓ પ્રતિદિન દૂર નાસે છે.

વળી, ઉચ્ચ ગાયકો હમેશાં રાગના રસથી રંગાય છે. પ્રત્યેક રાગની લાગણીઓને તે ધીરજથી પ્રકટાવે છે. તેઓ તિલંગ રાગને ગંભીર બનાવતા નથી, તેવી જ રીતે દરબારી કાનડાને શૃંગારરસમાં કદાપિ ગાતા નથી. તેઓની ગાયનની પદ્ધતિ અતિ વ્યવસ્થિત હોય છે ને સીધા 'અસ્થાઇ' લઇ આલાપમારીથી 'સમ' બતાવીને શ્રોતાઓને આકર્ષી એકાગ્ર બનાવે છે.

વાદી સંવાદી સૂરોનાં મકાનો બતાવી, સંગીતસમ્રાટ અલ્લાદીઆખાંની તાલમય અતૂટ આલાપચારી કરીને, સારા ગાયકો, ગવાતી ચીજના ચોક્કસ તાલમાં 'બોલ તાનો' શરૂ કરે છે. રાગસ્વરૂપ, સૂર અને તાલ ભણી તો તે પ્રતિપળે લક્ષ આપે છે અને ચક્ષુઓ બંધ ન કરી, મોં પરના હાવભાવ પર અશોભતી વિકૃતિઓને તે દૂર કરે છે. આમ કરીને તે ગવાતા રાગની મીંડ, ગમક અને તાન વગેરેમાં પ્રવેશે છે.

સંગીતમાં તાલ જેમ અતિ આવશ્યક અંગ છે તેમ સૂર પણ એવું જ એક જરૂરી અંગ છે. ઘણા ગાયકો એમ બહાનું કાઢી બેસે છે કે સાંભળનારાઓ ઉચ્ચ સંગીતને ન સમજી શકે; પણ ટૂંકમાં એવું કંઇ નથી. જો ગાનાર સૂર અને તાલમાં ગાય તો દરેક સંગીતપ્રેમીને રસ જ આવે,—પછી ભલેને શ્રોતા હળવા (light) સંગીતનો શોખીન હોય. સાપ, ગાયો, હરણ એ બધાં જેમ સૂરીલા સંગીતથી (બંસીથી યા સારંગીથી) આકર્ષાય છે, તેમ માણસને પણ સૂરીલું સંગીત અસર કેમ ન કરે? એ પ્રાણીઓ સંગીતના શબ્દો કે રાગનું શાસ્ત્ર ન સમજી શકે, પણ માણસ તો પ્રયત્ને આ બધું સમજી શકે છે. એટલે 'શ્રોતાઓ ઉચ્ચ સંગીતને ન સમજી શકે' એમ કહેનાર ગાયકો સૂરીલા હોતા જ નથી. આ અનુભવસિદ્ધ વસ્તુ છે. પોતાની નબળાઈ વ્યક્ત કરવાને બદલે તેઓ શ્રોતાઓને નકામા ઠંડા પાડી દે છે.

વળી, સારા સંગીતકારોના સંગીતથી સંગીતજ્ઞો જે મજા માણી લે છે તે હળવા સંગીતના શોખીનો નથી માણી શકતા; કારણ કે હળવા સંગીત–શોખીનો તો ચીજના શબ્દો–ચીજનો સાદો ઢંગ, આલાપ કે તાન વગરનો તરત ગવાઈ રહે તેવું પસંદ કરે છે; જ્યારે સંગીતજ્ઞો તો રાગના ઊંડાણમાં ઊતરી જઇને રાગની દાટ, મીંડ, ગમક, ગૃહસ્વર, ન્યાસ, તાન અને આલાપોમાંથી લહેર લૂટી શકે છે.

સારા ગાયકો સવારે ગવાતી ટોડી સાંજે સાત વાગ્યે ગાતા નથી, તેમ સાંજે ગવાતું મુલ્તાની સવારે પાંચ વાગ્યે ગાતા નથી. તેઓની તાન લેવાની પદ્ધતિ વાક્યરચનાનુસાર ને બુદ્ધિથી ભરેલી હોય છે. દરેક ચીજની અસ્થાઈ અને અંતરો તેઓને ખ્યાલમાં રહે છે, અને શ્રોતાઓના સંગીત સંબંધી માનસ ઓળખવાની કળા પણ તેઓ હાંસલ કરી લે છે.

—વિશનજી મારૂ

પાંદડાંમાંથી રેશમ

બનાવટી રેશમ લગભગ દરેક ઘરમાં હોય છે, પણ તે શી રીતે બને છે તે આપણામાંના ઘણા જાણતા હોતા નથી. ન માની શકાય એવી વાત છે, પણ બનાવટી રેશમ ઝાડનાં પાંદડાંમાંથી બને છે. રેશમના કીડા જે રીતે રેશમ બનાવે છે તે રીતનું વૈજ્ઞાનિકોએ અનુકરણ કર્યું અને બનાવટી રેશમનો જન્મ થયો.

'મલબેરી' અને 'ઓક' નામનાં ઝાડનાં પાંદડાં ખાઇને રેશમના કીડા તે પાંદડાંના રસના ઝીણા તાંતણા પોતાના શરીરની આસપાસ વીંટે છે. આપણે એને કોશેટો કહીએ છીએ. વૈજ્ઞાનિકોએ વિચાર્યું કે જે જાતનો રસ રેશમના કીડા ચૂસે છે એ જાતનો રસ જો માણસ મેળવી શકે તો એમાંથી રેશમ કેમ ન બને?

આ વિચારના પરિણામે આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં બનાવટી રેશમની શોધ થઈ અને ત્યારથી તે આજ સુધી બનાવટી રેશમનો વપરાશ રોજ બરોજ વધતો ગયો. આપણા ઘરમાં વપરાતી કેટલીયે ચીજો બનાવટી રેશમની હશે; પણ કોઇ આપણને પૂછે કે તમે ઝાડનાં પાંદડાંમાંથી બનતા કાપડ વિષે સાંભળ્યું છે? તો આપણે જવાબમાં ના જ કહેવાના.

રેશમના કીડા જે રસ ચૂસે છે તેને સેલ્યુલોઝ (cellulose) કહે છે. આ સેલ્યુલોઝ જ્યારે તાંતણારૂપે બહાર નીકળે છે ત્યારે એને હવા લાગવાથી એનો પાકો દોરો બની જાય છે. વૈજ્ઞાનિકોએ સેલ્યુલોઝ બનાવ્યું અને કેટલીક રાસાયણિક ક્રિયાઓ વડે એમાંથી તાંતણો કાઢી ઝીણો દોરો પણ બનાવ્યો. અહિંસક રીતે રેશમ બનાવવાની આ પદ્ધતિ પ્રમાણે આપણે ત્યાં કોઇ કારખાનાં કામ કરતાં હોય એવું જાણમાં નથી. આપણે ત્યાંનું બનાવટી રેશમ ઘણુંખરું શણ અને કેતકીના રેસામાંથી બનાવવામાં આવે છે. આ નવી રીતનાં સાધનોના અભાવને કારણે પાંદડાંમાંથી રેશમ બનાવવાનું હજુ આપણે ત્યાં બની શક્યું નથી.

—ડી. ડી. બારોટ

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: મોકૂફ; બીજું ઈનામ: 'ઘડિયાળી'–જે.કે.ત્રિવેદી (કપડવણજ); ત્રીજું ઈનામ: મોકૂફ. નોંધપાત્ર: (૧) 'કુતૂહલ'–ચંદુભાઈ ભટ્ટ (અમદાવાદ); (૨) 'એકલવાયુ'–ગંગારામ પ્રજાપતિ (અમદાવાદ).

આ મહીને આવેલા તદ્દન નબળા સમૂહમાં એક માત્ર બીજું ઇનામ જીતનાર ભાઇ ત્રિવેદીનું 'ઘડિયાળી' ચિત્ર, નવીન વિષયને નવીન દૃષ્ટિકોણથી રજૂ કરતું હોઇ જરા આકર્ષક લાગે છે. ઘડિયાળની સૂક્ષ્મ યાંત્રિક રચનાઓ મેગ્નીફાઇંગ કાચથી જેમ મોટી જણાય છે, તેવો આભાસ મોટા કદમાં લીધેલા એ પોર્ટ્રેટમાં જણાય છે, અને આમ કરીને છબિકારે વિષય અને તેની રજૂઆતમાં એક પ્રકારની એકતા આણી છે. કારીગરની એકાગ્રતા ચિત્રમાં હૂબહૂ જણાય છે, પરન્તુ 'ડિફરેન્શિયલ ફોકસિંગ'ની ખામી ચિત્રના ગુણમાં ઘટાડો કરે છે. પાત્રના ચહેરાના વાળ જેટલી સ્પષ્ટતા ઘડિયાળના આંકડાઓમાં આવી શકી નથી. ઘડિયાળને ચિત્રનું કેન્દ્ર બનાવવા માટે સૌથી તીવ્ર ફોકસ ત્યાં થવું જોઈતું હતું. પ્રકાશરચના પણ ચિત્રને અનુરૂપ નથી ઘડિયાળ તથા રીપેરિંગ મશીન પર સૌથી વધુ પ્રકાશ પડવો જોઇએ. વિષયની મૌલિકતાને લીધેજ ચિત્ર ઇનામ જીતી જાય છે.

સમાજના નીચલા થરનાં આમ બાળકો કંઈક અવનવું જોતાં જે કુતૂહલ અનુભવે છે તેનો પડઘો ચંદુભાઈ ભટ્ટના ચિત્રમાં સ્પષ્ટ છે. પણ પાત્રોના ચહેરાના એ ભાવ સિવાય તેમાં બીજાં ખાસ આકર્ષક તત્ત્વો નથી. ટેકનીક સારી છે. 'એકલવાયું' એ બાળકનો સીધોસાદો સ્નૅપ છે. ભાઇ ગંગારામે એમાં ચિત્રરચના તરફ પૂરતું ધ્યાન આપ્યું નથી. કૅમેરાનો દૃષ્ટિકોણ પણ અયોગ્ય છે.

બલવન્ત ભટ્ટ

❀ ગ્રાહકોને ❀

અમારી સૂચના પરથી ઘણાઓ તરફથી ૧૯૪૩ના વર્ષ માટે લવાજમ આવ્યાં છે, પરંતુ અમે અમારો નિર્ણય ડિસેમ્બરના અંકમાં જાહેર કરીએ ત્યાર બાદ વધુ લવાજમોનો સ્વીકાર થઈ શકશે. કૃપા કરી ત્યાં સુધી રાહ જોશો.

નવાં પુસ્તકો

સ્વ. દી.બ. અંબાલાલ સાકરલાલ દેસાઇનાં ભાષણો અને લેખો: સંગ્રાહક અને પ્રકાશક–વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર, ટોલી ફળિયા, કતારગામ (સુરત થઇને), ૨–૮–૦; **આધુનિક આકાશવાણી:** લેખક–રાજેન્દ્ર મોતીચંદ ઝવેરી, પ્રકાશક–'વીજળીની દુનિયા કાર્યાલય, ૨૦૦૭ વાડજ રોડ, અમદાવાદ નં. ૫, ૦–૮–૦; **ગુજરાત સાહિત્ય સભા · અમદાવાદની કાર્યવહી** (સને ૧૯૪૧–૪૨) પ્રકાશક–મંત્રીઓ, ગુજરાત સાહિત્યસભા, બાલેન્ટાઇનની હવેલી ત્રણ દરવાજા અમદાવાદ, ૨–૦–૦; **મનુષ્યની સર્વાંગીણ કેળવણી:** એલ પી. જૅકસના પુસ્તક પરથી અનુવાદક–ગોપાળદાસ જીવાભાઈ પટેલ, પ્રાપ્તિસ્થાન: નવજીવન કાર્યાલય અમદાવાદ, ૦-૧૪-૦; **વિસનગર** અને વડોદરા રાજ્યની હકીકત: લેખક અને પ્રકાશક–મહાસુખભાઈ ચુનીલાલ, વિસનગર, ૨–૮–૦.

સંસારનાં શહેરો

૩૬-રાયચૂર

મુંબાઇ અને મદ્રાસ વચ્ચેની રેલવેઓનું આ અગત્યનું જંકશન દખ્ખણમાં આવેલાં જૂનામાં જૂનાં શહેરોમાંનું એક છે. કૃષ્ણા અને તુંગભદ્રા નદી વચ્ચેના મધ્યસ્થ સ્થાને તે આવેલું હોઇ, તેના પર અધિકાર જમાવવા માટે બ્રાહ્મણી ને વિજયનગર રાજ્યો વચ્ચે લાંબો કાળ હોડ ચાલેલી. પંદરમી સદીના અંતભાગે બ્રાહ્મણી સત્તાના પતન પછી તે વિજાપુરના આદિલશાહી રાજ્ય સાથે જોડી દેવામાં આવ્યું. પરંતુ ૧૫૧૯માં વિજયનગરે બીજા કેટલાક કિલ્લા સાથે રાયચૂર પણ જીતી લીધું. ઔરંગઝેબે પછી વિજાપુર ને ગોવળકોંડાનો પરાજય કર્યો. એના વંશજો નબળા નીવડ્યા ને આસફજાહ અથવા નિઝામ-ઉલ-મુલ્કે હૈદ્રાબાદમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય ઊભું કરી, રાયચૂરનો તેમાં સમાવેશ કરી લીધો.

રાયચૂરનું પહેલી જ નજરે ગમી જતું કોઇ આકર્ષણ હોય તો તે તેનો કિલ્લો. તેની દીવાલોને ફરતી ત્રણ બાજુએ પાછી નાની છતાં પુષ્ટ દીવાલ છે. અંદરની દીવાલ ચૂનાના ઉપયોગ વિના પત્થરના જબરા સુઘડ ગજિયા જેમના તેમ ગોઠવીને બનાવેલી છે, જે હિંદુ સમયની છે; બહારની બધી સ્થાપત્યરચના મુસલમાન સમયની છે અંદરની દીવાલ પર હિંદુ ટાંકણાનું સરસ ભાસ્કર્ય હજુ સુધી જળવાએલું છે. કિલ્લાની પશ્ચિમની અંદરની બાજુએ ૪૧॥ ફૂટની જબરી શિલા પર શક સંવત ૧૨૧૬નો વરંગળની રાણી રુદ્રમ્માદેવીના અમાત્ય રાજા ગોરગાંગેય રૂહવારૂનો રાયચૂરનો વિજય આલેખેલો છે, જ્યારે એની જમણી બાજુ થોડે જ દૂરની બીજી શિલા પર એ ગંજાવર શિલા ખાણમાંથી રાયચૂર પહોંચતાં સુધીની સઘળી પ્રક્રિયા કોતરેલી છે. એવા તો કુશળ ટાંકણે એ કોતરકામ નિર્માએલું છે કે ભાર વહેતા બળદોના મોં પરનો થાક પણ તે પ્રતિબિંબિત કરે છે. એ સિવાય બીજા અનેક પૌરાણિક પ્રસંગો કોતરાએલા છે.

મુસલમાની અમલ દરમ્યાનના શિલ્પના સારામાં સારા પ્રતીક તરીકે કિલ્લાના પશ્ચિમ પ્રવેશમાર્ગે રૂપે ઊભેલા મક્કા દરવાજાને ગણી શકાય. એ દરવાજો, એને લગતી દીવાલો અને એની પડોશની ખાઈની રચના બ્રાહ્મણી સુલતાન મોહમ્મદશાહ ત્રીજાના અમલ દરમિયાન મલિકખાનના ફરમાનથી થએલી છે. પીર સૈલાની શાહની દરગાહ બીજાપુર શૈલીના ભાસ્કર્યનો ચુનંદો નમૂનો ગણાય છે. દોલતાબાદના ચાંદ મિનારને મળતી, ઈ. ૯૧૯માં ઇરાની ઘાટે બંધાએલી 'એક મિનાર કી મસ્જિદ' પણ દર્શનીય છે. એ સિવાયનાં પુરાણાં જોવા લાયક સ્થાનોમાં દફતર કી મસ્જિદ, સિકંદર દરવાજા, પંજબીબી કી દરગાહ, એક મસ્જિદ વગેરે ગણાવી શકાય. કિલ્લામાં ૨૦ ફૂટ લાંબી પૂર્વાભિમુખ પડેલી એક પુરાણી તોપ પણ છે.

આ મહિનો (નવેમ્બર) ઇતિહાસમાં

તા. ૪ મુંબાઈમાં ધરતીકંપના ભયંકર આંચકાના કારણે લાખોના જાનમાલનું નુકસાન થયું, ૧૮૫૪.

તા. ૬ બ્રિટિશ લશ્કરે અમદાવાદ શહેર જીતી કબજે લીધું, ૧૮૧૭.

તા. ૯ શાહાનશાહ સાતમા એડવર્ડનો જન્મ ૧૮૪૧.

તા. ૧૦ બંગાળના સિંહ સર સુરેન્દ્રનાથ બૅનરજીનો જન્મ, ૧૮૪૮.

તા. ૧૩ બોઅર યુદ્ધમાં પોતાના શૌર્યથી નામ કાઢનાર જનરલ રૉબર્ટ્સનું અવસાન, ૧૯૧૪.

તા. ૧૫ ગુજરાતમાં બાળશિક્ષણના નવા યુગના પ્રવર્તક શ્રી ગિરિજાશંકર (ગિજુભાઈ) બધેકાનો જન્મ, ૧૮૮૫.

તા. ૨૦ મહર્ષિ કાઉન્ટ લીઓ ટૉલ્સ્ટૉયનું અવસાન, ૧૯૧૦.

તા. ૨૩ વિજ્ઞાનાચાર્ય સર જગદીશચન્દ્ર બોઝનું અવસાન, ૧૯૩૭.

તા. ૨૫ અમેરિકાના જગજાણીતા દાનવીર ઍન્ડ્રૂ કાર્નેગીનો જન્મ, ૧૮૩૫.

તા. ૩૦ વિજ્ઞાનાચાર્ય સર જગદીશચન્દ્ર બોઝનો જન્મ, ૧૮૫૮.



આ માસની વ્યક્તિવિશેષ

લાલા લજપતરાય

'પંજાબ કેસરી'નું લોકમાન્ય બિરુદ વરેલા આ દેશભક્તનો જન્મ સત્તાવન-અઠ્ઠાવનનો બળવો બુઝાયા પછી સાત વર્ષે, ઇ.૧૮૬૫માં પંજાબના લુધિયાણા જિલ્લાને ખૂણે આવેલા જગરાન નામના એક નાનકડા ગામમાં લાલા રાધાકૃષ્ણ મુનશીને ત્યાં થયો હતો. ગરીબ પણ જૂના ખાનદાન અગ્રવાલ વણિક કુટુંબના એ લાલા રાધાકૃષ્ણ સરકારી હાઇસ્કૂલમાં ઉર્દૂના શિક્ષક હતા. એકવડા બાંધાના ને નબળી તબિયતવાળા કુમાર લજપતનું અભ્યાસજીવન તીવ્ર બુદ્ધિના ચમકારથી ઝળકતું હતું. બાર વર્ષની બાળ વયે એણે મહર્ષિ દયાનંદનાં પ્રેરક પ્રવચનો સાંભળેલાં; અને પોતાના પરાધીન દેશના ઉદ્ધારનાં સ્વપ્નાં સેવતા એ તેજસ્વી તરુણે સહવિદ્યાર્થીઓમાં સદા મોખરે રહેતા આવીને અઢાર વર્ષની વયે કાયદાની પરીક્ષા પસાર કરીને વકીલાત માંડી.

એ દિવસોમાં પંજાબમાં આર્યસમાજનું પરિબળ હતું ને લડાયક જુસ્સાથી ઉભરાતા આર્યસમાજીઓ મહર્ષિ દયાનંદના ઝંડા નીચે ભારતના નવવિધાનના કાર્યમાં એકાગ્ર બન્યા હતા. એ કાર્યની સરદારી ત્રણ ભાવનાભિખ્ખુ તરુણોએ લીધી હતી: લાલા હંસરાજ, પં. ગુરુદત્ત વિદ્યાર્થી ને લાલા લજપતરાય. પોતાની ભાવનાના રંગ, અંતરનું જોમ, અંગનું ચેતન અને કમાણીનું સઘળું ધન એ પ્રવૃત્તિ પાછળ રેડીરેડીને એ ત્રણે જુવાનોએ પંજાબમાં સામાજિક, ધાર્મિક ને કેળવણીવિષયક નવસર્જન માંડ્યાં. એમના અદમ્ય ઉત્સાહ ને અથાક પરિશ્રમે ૧૮૮૬ના જૂનની પહેલી તારીખે લાહોરમાં 'દયાનંદ ઍંગ્લો વેદિક કૉલેજ'નો પાયો નંખાયો. પંચનદોના મુલકમાં મંડાએલી આ કૉલેજ તે કાળે તો પંજાબમાં એક અને અદ્વિતીય હતી, અને આજે પણ વિદ્યાર્થીસંખ્યા અને શિક્ષણની ઉત્તમતામાં તે સૌથી પહેલી ઊભી છે.

કુનેહભરી વેધક બુદ્ધિ અને તેજસ્વી વક્તૃત્વશક્તિને પ્રભાવે તેણે પોતાના ધંધામાં સારી પ્રતિષ્ઠા જમાવી અને હિસારના વકીલોમાં અગ્રણીપદ મેળવ્યું. પણ જુવાન લજપતને હવે હિસારનું ક્ષેત્ર સંકુચિત લાગવા માંડ્યું, એટલે તેણે ૧૮૯૨ના પ્રારંભમાં લાહોર જઈ અખાડો નાખ્યો. પોતાની અસામાન્ય બુદ્ધિપ્રતિભા, સંસર્ગમાં આવનારની અંદર ચેતનની ચીનગારી મૂકનારી દેશદાઝ, સરળ અને નિખાલસ સ્વભાવ તથા મોહક વ્યક્તિત્વના પ્રભાવે, જુવાન લજપતરાયે જોતજોતાંમાં લાહોરમાં પોતાને માટે માનવંતું સ્થાન કરી લીધું અને પંજાબની વડી અદાલતના ધારાશાસ્ત્રીઓમાં મોખરે પ્રકાશવા લાગ્યા. લક્ષ્મીદેવીએ તેમના પર સમૃદ્ધિનાં હાસ્ય વેર્યાં, પણ હમેશાં સાદી રહેણીના ચાહનાર લાલાજીએ પોતાનું કુટુંબ ગરીબ હતું છતાં, પોતાની વકીલાતની આવકમાંથી ખર્ચજોગી રકમ રાખી, બાકીની દયાનંદ કૉલેજના દ્રવ્યકોષમાં ભરવા માંડી, અને એ ઉપરાંત, પંજાબનાં અન્ય ગામો અને શહેરોમાં કુમારો ને કુમારીઓ માટેની શાળાઓ સ્થાપવા અપાર જહેમત લેવા માંડી. એમની જુવાનીનો પ્રથમ દસકો આર્યસમાજની પતાકા નીચે આવું રચનાત્મક કાર્ય કરવામાં વ્યતીત થયો અને તેમનું નામ જોતજોતાંમાં પંજાબભરમાં ગવાવા લાગ્યું.

પણ સ્વાધીનતાની ઝંખના ઝંખતા જુવાન લજપતરાયને આર્યસમાજનું ક્ષેત્ર પણ હવે સંકુચિત પડ્યું અને રાજકીય ક્ષેત્રમાં તે ઊતર્યાં, અને ૧૮૮૮ની સાલથી મહાસભામાં ભાગ લેવો શરૂ કર્યો.

આ અરસામાં ૧૮૯૭માં હિંદમાં દુકાળ પડ્યો. લાલાજીએ પોતાના દુષ્કાળપીડિત દેશબાંધવોની વહાર અર્થે જબ્બર રાહતપ્રવૃત્તિ આદરી. ઇ.૧૮૯૯–૧૯૦૦ના બીજા દુષ્કાળ વેળા પણ એ માનવતાની મૂર્તિએ હિંદુસ્તાનના પ્રાંતોમાં ભમીને ભૂખ્યાંઓની ભૂખ ભાંગી ને વસ્ત્રહીનોને વસ્ત્રો પૂર્યાં. લજપતરાયના ઉગ્ર રાજકીય પ્રચારકાર્યની સાથોસાથ જનસમૂહનાં સુખદુઃખમાં હમદર્દીભર્યો ભાગ લેનારી તેમની આ પ્રવૃત્તિએ તેમને પ્રજાના સાચા નાયક બનાવ્યા અને પાંત્રીસ વર્ષની વયે તો તે અખિલ હિંદમાં નામના ધરાવતા નેતા બની ગયા.

૧૯૦૫ની બનારસ મહાસભામાં પંજાબના એ કેસરીએ સૌથી પહેલી રણગર્જના કરી. લૉર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા પછી બરાબર સિત્તેરમે દિવસે લાલાજીએ બનારસની એ મહાસભાની વ્યાસપીઠ પરથી આગામી નૂતન રાષ્ટ્રીય હીલચાલની રૂપરેખા આંકી બતાવી. બંગાળમાં બિપીનચંદ્ર પાલે, દક્ષિણમાં તિલક મહારાજે અને પંજાબમાં લાલા લજપતરાયે ઉગ્ર વિરોધની જે ત્રાડો દીધી એની ગર્જનાના પડઘાથી દેશભરની દિશાઓ ગાજી ઊઠી. લાલ, બાલ અને પાલની એ ત્રિપુટીએ આખી હિંદી પ્રજામાં નવચેતન પ્રકટાવ્યું.

તેમની સહૃદયતા ને ફનાગીરીથી મુગ્ધ થઈ, ૧૯૦૫ની મહાસભાએ વિલાયતમાં પ્રચારકાર્ય કરવા માટે ગોપાળ કૃષ્ણ ગોખલેની સાથે સર્વાનુમતે તેમની પસંદગી કરી ને ગોખલે ને લજપતરાયનું પ્રતિનિધિમંડળ યુરોપને પ્રવાસે ઊપડ્યું. ત્યાં એમણે પોતાની જ્વાળા ઝરતી વાણીમાં સંખ્યાબંધ સભાઓ સમક્ષ ભાષણો કર્યાં ને વિલાયતના સર્વ પક્ષના અગ્રેસરોના મન પર ઊંડી છાપ પાડી.

ઈંગ્લંડનો પ્રવાસ પૂરો કરીને લજપતરાય યુરોપના બીજા દેશોની મુસાફરીએ નીકળ્યા ને પછી અમેરિકાનું (અનુ૦ પાન ૩૨૪મે)

એક રવિ તમ લખ હણે, એક ઈન્દુ પરકાશ;
એક ભસમ ક્યાળો કરે, એક જ ભૂલ વિનાશ.

—તનસુખ ભટ્ટ

તૈમૂર લંગને સંગીત સાંભળવાનું મન થતાં દિલ્હીના એક અંધ પરંતુ ઉસ્તાદ ગવૈયાને તેની સામે લાવવામાં આવ્યો. ગવૈયાએ દિલ ખોલીને ગાન વહેવડાવ્યું, પરંતુ તૈમુરનું દિલ ન રીઝ્યું. આખરે સંગીત પૂરું થતાં કશી બક્ષિસ વિના એણે ગવૈયાને પ્રશ્ન કર્યો, 'તારું નામ શું?' ગવૈયાએ જવાબ આપ્યો, 'દોલત.' તૈમૂરે મજાકમાં પૂછ્યું: 'દોલત તે વળી આંધળી હોય?' ગવૈયાએ જવાબ આપ્યો: 'હાસ્તો, નહિતર એ લંગડા પાસે કેમ આવત?'

અનેકાર્થી શબ્દ: **કાંટો**=શૂળ; તેના જેવા આકારની કોઇ પણ વસ્તુ—જેવી કે ઘડિયાળનો કાંટો; પશ્ચિમના લોકો જમવા માટે નાની ખંપાળી જેવા આકારનું સાધન વાપરે છે તે; તોલ કરવાનું સાધન; નાકે પહેરવાનું સ્ત્રીઓનું ઘરેણું, પોપટના ગળામાં થતો એક જાતનો રોગ; રોમાંચ; નડતર; અંટસ; શંકા; જુસ્સો; મમ્મત.

કહેવતો કેમ પડી: 'ભેંશ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ.' કોઇ પણ વસ્તુ કે બનાવની હયાતી પહેલાં અગાઉથી તેને વિષે મતભેદ કે મારામારી કરવા માટે ઉપાલંભમાં વપરાતી આ કહેવત વિષે એવી વાર્તા છે કે પાણી ભરવા ગયેલી એક પટલાણીએ ભાગોળે ભેંશનાં ખાડાં આવેલાં જોયાં તેમાંથી એક ભેંશ લાવવાનું ઘેર આવીને પટેલને કહ્યું. પણ પછી એનાં દૂધ છાશ પોતાનાં ભાઇબેનનાં છોકરાં ખાશે કે પટલાણીનાં ભાઇબેનનાં, એ વાત ઉપર બંને ખેંચાખેંચી કરતાં ગાળાગાળી પર આવી ગયાં અને પરિણામે પટલાણીનો બરડો ખોખરો થયો. તેની રોકકળ સાંભળીને દોડી આવેલાં પડોશીઓએ બંનેને તેમની મૂર્ખાઈ માટે ઠપકો આપીને ઉપરની કહેવત કહી કે ભેંશ તો હજી ભાગોળે બેઠી છે, ને આ ઘેર શી ધમાધમ?

માખીની જનનશક્તિ એટલી વિપુલ હોય છે કે એ જ માખીનો વંશવિસ્તાર જો બધો જ જીવતો રહે તો એક જ ઋતુને અંતે તેની સંખ્યા એટલી બધી વધી જાય કે તે વડે રેલવેનાં ૫,૦૦,૦૦,૦૦,૦૦૦ (પાંચ અબજ) વૅગનો ભરાય અને તેની ટ્રેન બે કરોડ માઇલ લાંબી થાય! પણ સદ્ભાગ્યે જન્મે છે એટલાં ઈંડાં એનાં ઉછરતાં જ નથી. મોટો ભાગ નાશ પામે છે, અને ઉછરેલી માખીઓ પંખીસમાજનો મોટો આહાર બની જાય છે.



દેશદેશના શિરવેશ

•

બાજુએ બતાવ્યો છે તે હિન્દુસ્તાનના વતની હિંદીનો

ગણિત ગમ્મત

$(૧+૨)^3 \div ૩ = (૨^2+૫)-૦$

$(૨+૩)^3 \div ૫ = (૪^2+૧૦)-૧$

$(૩+૪)^3 \div ૭ = (૬^2+૧૫)-૨$

$(૪+૫)^3 \div ૯ = (૮^2+૨૦)-૩$

$(૫+૬)^3 \div ૧૧ = (૧૦^2+૨૫)-૪$

$(૬+૭)^3 \div ૧૩ = (૧૨^2+૩૦)-૫$


$(૭+૮)^3 \div ૧૫ = (૧૪^2+૩૫)-૬$

$(૮+૯)^3 \div ૧૭ = (૧૬^2+૪૦)-૭$

$(૯+૧૦)^3 \div ૧૯ = (૧૮^2+૪૫)-૮$


$(૧૦+૧૧)^3 \div ૨૧ = (૨૦^2+૫૦)-૯$

અને એમ આગળ —કા. ગ. જોષી



બંગલાઓના ઝાંપાની બે બાજુના થાંભલા ઉપર પથ્થરના બે ગોળા ઘણી વાર મૂકેલા જોવામાં આવે છે. તેનું મૂળ વિચિત્ર છે. વિલાયતમાં જૂના વખતમાં એવો રિવાજ હતો કે લડાઇમાં શત્રુને મારીને આવતો વિજેતા, હારેલા દુશ્મનનાં માથાં વાઢીને પોતાના દરવાજાને બે થાંભલે, પોતાના શૌર્યના ગૌરવચિહ્ન તરીકે મૂકતો. સંસ્કૃતિની પ્રગતિ સાથે એ જંગલી રિવાજ તો આજે, અલબત્ત, ત્યાં નાબૂદ થયો છે; પણ તેમની જંગલી દશામાં પ્રચલિત એ રિવાજનો અવશેષ હજી એ સ્થળે પથ્થરના ગોળા મૂકવાની પદ્ધતિના રૂપમાં રહ્યો છે. આપણે ત્યાં તો એ વિલાયતના અનુકરણ રૂપે આવ્યો છે. આફ્રિકાના કેટલાક ભાગમાં હજી યે શણગાર તરીકે માણસની ખોપરીઓ વાપરવાનો એવો રિવાજ ઘણાં ગામડાંઓમાં ઠેરઠેર નજરે પડે છે.

ઑસ્ટ્રેલિયામાં 'સન્ડે' નામના બે ટાપુઓ છે: એક ક્વીન્સલૅન્ડ પરગણાને તાબે, અને એક પશ્ચિમ કાંઠે.



સાકરનો જાદુઈ ટુકડો—આ નુસખો કરી બતાવવા માટે કોઇ ખાસ સામાનની જરૂર નથી. ચાહમાં નાખવા માટે, તરત ઓગળી જાય એવાં ખાસ બનાવટનાં સાકરનાં ચોસલાં આવે છે. એવા ટુકડાને અગાઉથી કોલોડિયનમાં ભીંજવી તેનો પટ દઈ રાખવો, જેથી કોલોડિયનની એક પતરી તેના પર જામી જશે. પછી મિત્રો ચાહ પીવા બેસે તે વેળા એ ટુકડો રકાબીમાંથી ઉપાડી ચાહમાં નાખશો, એટલે તે ડુબકી મારી નીચે તો જશે; પણ પછી તરત ઉપર તરી આવશે ને કોલોડિયનની પતરીને લીધે તે ચાહથી ભીંજાયા વિના તરતો રહેશે. મિત્રો એ જોઈ તાજુબ થશે! પણ પછી એ ચાહ કોઇને પીવા દેશો નહિ, ઢોળી દેજો.



આ મહિનાનું નામ—'નવેમ્બર': ઇ. પૂર્વે ૭૧૩ પહેલાં વર્ષનો આરંભ માર્ચ માસથી થતો, ને એ ગણત્રીએ સપ્ટેમ્બર સાતમો, ઑક્ટોબર આઠમો, નવેમ્બર નવમો અને ડિસેમ્બર દસમો આવતો, તેથી તે ક્રમાંક માટેનાં રોમન નામો ઉપરથી એ ચારે માસનાં નામ પડયાં હતાં તે આજે પણ ચાલુ છે.



વિચિત્ર કુદરત!: ઝાડે ચડનારા સર્વ પ્રાણીઓના હાથ લાંબા હોય છે; પણ હિમાલયનાં જંગલોમાં થતો આ લંગૂર કપિ એ નિયમનો અપવાદ છે.




સૌભાગ્યસર્જક (ઇડરની ચૂડીઓ બનાવનારી) ફોટો · મફતલાલ ફધિયા



દેશદેશની ટિકિટો પર પૂલોનું પ્રદર્શન

મથાળેથી ડાબી બાજુએથી—પહેલી હારઃ ફ્રેન્ચ ઈક્વેટોરિયલ આફ્રિકાની ૧ સેન્ટની ટિકિટ પર માયુમ્બાનો પૂલ; મૉયેન–કૉંગોની બે સેન્ટની ટિકિટ પર મિન્ડાઉલીનો પૂલ; ઇરિટ્રિયાની એર મેઈલની ૧ લાયરની ટિકિટ; ઇરિટ્રિયાની બે લાયરની ટિકિટ પર રેલ્વે–પૂલ; બીજી હારઃ સેનેગાલ (પશ્ચિમ આફ્રિકા)ની એક સેન્ટની ટિકિટ પર પૉન્ટ ફાઈદર્બ; કૉરીઑસ (ઉત્તર મેક્સિકો)ના પ્રજાસત્તાકની ૧ સેન્ટની ટિકિટ પર હુજિલ્લોનો પૂલ; એ જ દેશની ૩ સેન્ટની ટિકિટ પર રામ્ફિસ પૂલ; એ જ દેશની ૩ સેન્ટની બીજી ટિકિટ પર સાન રાફાએલનો ઝૂલતો પૂલ; ત્રીજી હારઃ તુર્કસ્તાનની ૨૦ પારાની ટિકિટ પર કિઝિલ–ઈર્મકનો પૂલ; બલ્ગેરિયાની ૧૦ સિક્કાની ટિકિટ પર વાર્દાર નદી પરનો પૂલ; કૉરીઑસ દ સાલ્વાડોર (મધ્ય અમેરિકા–મેક્સિકો)ની ૬ સેન્ટની ટિકિટ પર લેમ્પા નદી ઉપરનો પૂલ; જર્મનસંસ્થાન સારની ૫૦ સેન્ટની ટિકિટ પર સિગ્નલબ્રિજ; ચોથી હારઃ દક્ષિણ ર્‌હોડેશિયાની ૧ પેન્સની ટિકિટ પર વિક્ટોરિયા ધોધનો રેલ્વે પૂલ; ઑસ્ટ્રેલિયાની બે પેન્સની ટિકિટ પર સિડની હાર્બર બ્રિજ; કૅનેડાની ૧૨ સેન્ટની ટિકિટ પર કિવબેક પાસેનો પૂલ; દક્ષિણ ર્‌હોડેશિયાની ૪ પેન્સની ટિકિટ પર વિક્ટોરિયા ધોધનો પૂલ. (શ્રી હરિલાલ બૅંકર-વઢવાણ કૅમ્પ-ના સંગ્રહમાંથી)





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ (પૃષ્ઠ ૩૪૨)
ડાબી બાજુ–'ઘડિયાળી': જે. કે. ત્રિવેદી (કપડવણજ) –બીજું ઈનામ; જમણી બાજુ–'કુતૂહલ' ચંદુભાઈ ભટ્ટ (અમદાવાદ) નોંધપાત્ર.